અપ્પુ જથ્થાબંધ ખરીદો જથ્થાબંધ ફાયદો
સૌરાષ્ટ્રની પ્રખ્યાત ચણાદાળ
વ્યાપારિક પૂછપરછ આવકાર્ય
98242 00970
હેલ્પર જોઈએ છે

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®
સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ પાનાઃ ૧૬
તા. ૩૧-૩-૨૦૨૬, મંગળવાર
વર્ષઃ ૧૫, અંક : ૨૦

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281-2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia




# સ્ટ્રેટ ઓફ હોર્મુઝનો રસ્તો ન ખુલે તો પણ ટ્રમ્પના યુધ્ધ પૂર્ણ કરવાના ‘હવાતિયાં’


## લાંબા સમયથી ચાલતા યુદ્ધ અને તેનાથી થતા આર્થિક નુકસાનને રોકવા માટે ટ્રમ્પ પ્રશાસન પર દબાણ

**અબતક, રાજકોટ**

વૈશ્વિક રાજકારણ અને સૈન્ય મોરચે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે ચાલી રહેલા સંઘર્ષને ગમે તે ભોગે અટકાવવા માટે મન બનાવી લીધું હોય તેવું લાગી રહ્યું છે. તાજેતરના અહેવાલો મુજબ, ટ્રમ્પ વહીવટીતંત્ર હવે રણનીતિક પીછેહઠ કરવાના મૂડમાં છે, જેમાં વિશ્વના સૌથી મહત્વપૂર્ણ ગણાતા તેલ માર્ગ ’સ્ટ્રેટ ઓફ હોર્મુઝ’ ને અત્યારે જ ખુલ્લો કરાવવાની શરતને પણ જતી કરવામાં આવી શકે છે.

વોલ સ્ટ્રીટ જર્નલના અહેવાલ અનુસાર, પ્રમુખ ટ્રમ્પે તેમના નજીકના સહયોગીઓ અને વહીવટી અધિકારીઓને સ્પષ્ટ કર્યું છે કે તેઓ ઈરાન સામેનું સૈન્ય અભિયાન ટૂંક સમયમાં સમાપ્ત કરવા માંગે છે. આ નિર્ણય પાછળના મહત્વના પાસાઓમાં સ્ટ્રેટ ઓફ હોર્મુઝ એ વિશ્વના તેલ પુરવઠાની જીવાદોરી સમાન છે. ઈરાન દ્વારા આ માર્ગમાં પેદા કરવામાં આવતા અવરોધોને દૂર કરવા માટે એક મોટા અને લાંબા સૈન્ય ઓપરેશનની જરૂર પડે તેમ છે. ટ્રમ્પ હાલમાં આવા કોઈ જટિલ ઓપરેશનમાં ફસાવા માંગતા નથી.રાષ્ટ્રપતિએ સંકેત આપ્યા છે કે જો આ માર્ગ અત્યારે આંશિક રીતે બંધ રહે તો પણ તેમને વાંધો નથી. આ રસ્તો ખોલાવવાનું કામ ભવિષ્યના કોઈ સમય માટે મુલતવી રાખીને અત્યારે યુદ્ધ વિરામ કરવા પર તેમનો ભાર છે.લાંબા સમયથી ચાલતા યુદ્ધો અને તેનાથી થતા આર્થિક નુકસાનને રોકવા માટે ટ્રમ્પ પ્રશાસન પર દબાણ છે. આથી જ, રસ્તો સાફ કર્યા વગર પણ યુદ્ધ પૂરું કરવાના ’હવાતિયાં’ અથવા પ્રયાસો તેજ થયા છે.

જો સ્ટ્રેટ ઓફ હોર્મુઝ લાંબો સમય બંધ રહે અથવા આંશિક રીતે પણ અવરોધાયેલો રહે, તો આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ આસમાને પહોંચી શકે છે. ભારત જેવા દેશો જેઓ આ માર્ગ પર નિર્ભર છે, તેમના માટે પણ આ સ્થિતિ ચિંતાજનક સાબિત થઈ શકે છે.



### લ્યો કરો વાત! યુદ્ધમાં ‘ભીખું’ થયેલું અમેરિકા આરબ દેશો પાસેથી ખર્ચના ‘ઉઘરાણાં’ કરે છે

સૌથી મોટી આર્થિક અને સૈન્ય મહાસત્તા ગણાતા અમેરિકાની હાલત અત્યારે ’ઉંચી દુકાન ને ફીકું પકવાન’ જેવી થઈ હોય તેમ લાગે છે. એક તરફ ઈરાન સાથે યુદ્ધના નગારા વાગી રહ્યા છે, તો બીજી તરફ ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસને હવે ખુલ્લેઆમ આરબ દેશો પાસે યુદ્ધના ખર્ચના ઉઘરાણાં કરવાની તૈયારી બતાવી છે.વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લીવિટે એક પ્રેસ બ્રીફિંગમાં બોમ્બ ફોડતા જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ ટ્રમ્પ ઈરાન સામેના સંભવિત સૈન્ય સંઘર્ષનો આર્થિક બોજ આરબ રાષ્ટ્રો પર નાખવા અંગે ગંભીરતાથી વિચારી રહ્યા છે. ટ્રમ્પનું માનવું છે કે જો મધ્ય-પૂર્વમાં શાંતિ સ્થાપવા માટે અમેરિકા લડે, તો તેનો ખર્ચ પણ ત્યાંના તેલ સમૃદ્ધ દેશોએ જ ઉઠાવવો જોઈએ. આ ડાયરેક્ટ ’બિલ’ ફાડવાની નીતિએ આરબ જગતમાં ખળભળાટ મચાવ્યો છે.

શાંતિ વાટાઘાટોનો દેખાવ કરી રહેલા ટ્રમ્પે ઈરાનને જરાય હળવાશથી ન લેતા સીધી ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે જો તેહરાન જલ્દીથી સમજૂતી પર નહીં આવે, તો ઈરાનના ઓઈલ પ્લાન્ટ્સ અને પીવાના પાણીના શુદ્ધિકરણ માટેના કરોડોના ’ડેસેલિનેશન પ્લાન્ટ્સ’ને ફૂંકી મારવામાં આવશે. એટલે કે, કાં તો શરણે આવો અથવા તો પથ્થર યુગમાં જવા તૈયાર રહો. નવાઈની વાત એ છે કે જાહેરમંચ પરથી આટલી કડક ધમકીઓ આપતું અમેરિકા પડદા પાછળ ઈરાન સાથે ’ઈલુ-ઈલુ’ પણ કરી રહ્યું છે. વ્હાઈટ હાઉસે દાવો કર્યો છે કે ઈરાન જાહેરમાં ભલે આકરું બોલે, પરંતુ ખાનગીમાં તે અમેરિકા સામે નમી રહ્યું છે અને વાટાઘાટો પોઝિટિવ રીતે આગળ વધી રહી છે. જોકે, ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ વળતો પ્રહાર કરતા સાઉદી અરેબિયાને વિનંતી કરી છે કે તેઓ પોતાના દેશમાંથી અમેરિકી દળોને તગેડી મૂકે.

રૂપીયો પડીને પાદરઃ ડોલર સામે રૂપીયો ૯૪.૭૭ની સપાટી એ

# છેલ્લા ૧૪ વર્ષમાં નથી થયું તેવું રૂપીયાનું ધોવાણ ત્રણ માસમાં થયું

## ડોલર સામે રૂપીયો ૧૦૦ની સપાટી સુધી નીચે સરકી જાય તેવી દહેશત જો આવું થશે તો મોંઘવારી માઝા મૂકશે

## કોમામાં સરકી ગયેલા રૂપીયાને બેઠો કરવા તાકીદે અસરકારક પગલા લેવાની આવશ્યકતા


**અબતક, રાજકોટ**

અમેરિકી ડોલર સામે ભારતીય રૂપીયાનું એકધારૂ ધોવાણ થઈ રહ્યું છે. છેલ્લા ૧૪ વર્ષમાં નથી થયું તેવું એક જ માસમાં થઈ ગયું છે. માત્ર માર્ચ માસમા ડોલર સામે રૂપીયો ૧૦ ટકા સુધી તુટયો છે અને ૯૪.૭૭ ની સર્વકાલીન નીચલી સપાટીએ પહોચી ગયો છે. આ રીતે જ ધોવાણ ચાલુ રહેશે તો આગામી દિવસોમાં રૂપીયો ૧૦૦ની સપાટીએ પહોચી જશે જો આવું થશે તો મોંઘવારી માઝા મૂકશે. કોમામાં સરકી રહેલા રૂપીયાને બેઠકો કરવા માટે તાત્કાલીક અસરથી પગલા લેવાની આવશ્યકતા છે.

ગઈકાલે રૂપીયાએ અમેરિકી ડોલર સામે ૯૫ની સર્વકાલીન સપાટી સુધી સરકી ગયો હતો. ૯૪.૭૭ એ બંધ આવ્યો હતો. માર્ચ માસમાંજ રૂપીયો ૧૦ ટકા તુટયો છે. આવું છેલ્લા ૧૪ વર્ષમાં પ્રથમવાર બન્યું છે. રૂપીયાના ધોવાણથી દેશ માટે ચિંતાનો માહોલ સર્જાય ગયો છે. જોરૂપીયો હજુ તુટશે તો દેશમાં મોંઘવારીનો બોમ્બ ફૂટશે.

આરબીઆઈએ રૂપિયાને તૂટતો બચાવવા માટે લીધેલા પગલાંના કારણે હુંડિયામણ બજારમાં આજે રૂપિયામાં બેતરફી રેકોર્ડ બ્રેક અફડાતફડીના અંતે ડોલર ઉછળી પ્રથમવાર રૂ.૯૫ની સપાટી કુદાવી રૂ.૯૫.૨૪ની નવી ટોચે પહોંચી જતાં રૂપિયો નવા નીચા તળિયે પટકાયો હતો.

વૈશ્વિક પરિબળો અને વિદેશી રોકાણકારોની સતત વેચવાલીના પગલે રૂપિયામાં ઉછાળો ઉભરા જેવો નિવડયો હતો અને ડોલરના ભાવ ઈન્ટ્રા-ડે સ્પ્રિંગની જેમ ઉછળી ૯૫.૨૪ પહોંચ્યા હતા. રૂપિયાને ઉગારવા રિઝર્વ બેન્કના વિવિધ પગલાઓ વચ્ચે રૂપિયા સામે ડોલરના ભાવ જે શનિવારે બંધ બજારે રૂ.૯૫ બોલાયા હતા તે સોમવારે સવારે રૂ.૯૩.૫૯ ખુલી નીચામાં ભાવ રૂ.૯૩.૫૭ સુધી બોલાઈ ગયા હતા. જો કે ત્યારબાદ ડોલરના ભાવ ફરી ઉછળી ઉંચામાં ભાવ રૂ.૯૫.૨૪ની ટોચે પહોંચી રૂ.૯૫.૧૧ રહ્યા હતા. શેરબજારમાં નવો કડાકો બોલાતાં તથા વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ વધી બેરલના ઉંચામાં ૧૧૭ ડોલર નજીક પહોંચી ગયાના નિર્દેશો વચ્ચે રૂપિયા પર દબાણ ચાલુ રહ્યું હતું



રિઝર્વ બેન્કના સૂત્રોના જણાવ્યા મુજબ ઓનશોર ડિલીવરેબલ માર્કેટમાં દરેક દિવસના અંતે ભારતીય રૂપિયાની નેટ ઓપન પોઝીશન ૧૦ કરોડ ડોલરની સપાટીની અંદર રાખવાનું ઓથોરાઈઝડ ડિલર્સને જણાવવામાં આવ્યું છે. ડોલરમાં તેજીનો સટ્ટો કાબુમાં રાખવા રિઝર્વ બેન્કે આવો આદેશ બહાર પાડતાં મુંબઈ કરન્સી બજારમાં ડોલર સામે રૂપિયો ઝડપી ઉંચકાયો હતો. જો કે ત્યાર બાદ ડોલર ફરી ઉછળતાં રૂપિયો ગબડી રૂ.૯૫ની અંદર જતો રહ્યો હતો.

દરમિયાન, વિશ્વ બજારમાં ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ ઉંચામાં ૧૦૦.૩૪ થઈ ૧૦૦.૨૫ રહ્યાના નિર્દેશો હતા. ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સમાં માર્ચમાં નોંધાયેલી વૃદ્ધિ છેલ્લા ૮ મહિનાની સૌથી મોટી મંથલી વૃદ્ધિ હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. વોર-ઈફેકટ વચ્ચે વિશ્વ બજારમાં ડોલરમાં સેફ-હેવન બાઈંગ જોવા મળ્યું હતું.

દરમિયાન, મુંબઈ બજારમાં રૂપિયા સામે બ્રિટીશ પાઉન્ડના ભાવ ૭૫ પૈસા ઘટી નીચામાં ભાવ રૂ.૧૨૪.૧૭ થઈ રૂ.૧૨૫.૩૮ રહ્યા હતા. યુરોપીયન કરન્સી યુરોના ભાવ ૨૬ પૈસા ઘટી નીચામાં ભાવ રૂ.૧૦૭.૮૨ થઈ રૂ.૧૦૮.૯૪ રહ્યા હતા. જાપાનની કરન્સી રૂપિયા સામે ૦.૦૩ ટકા વધી હતી જ્યારે ચીનની કરન્સી ૦.૧૧ ટકા માઈનસમાં રહી હતી.

ડોલર સામે રૂપિયામાં બેતરફી ૧૬૭ પૈસાનો ઉછળકુદ નોંધાતા દૈનિક વધઘટનો પણ નવો રેકોર્ડ સર્જાયો હોવાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. રૂપિયો ગબડતાં તથા ડોલર ઉછળતાં દેશમાં ફુગાવો તથા મોંઘવારી વધશે.

સામે ડોલરના ભાવ ફરી ઘટી રૂ.૯૪.૭૭ રહ્યા હતા જે ઉંચામાં રૂ.૯૫.૨૪ સુધી ઉછળ્યા હતા. રૂપિયા તથા ડોલરના ભાવમાં બેતરફી મોટી ઉછળકૂદ દેખાઈ હતકી. દરમિયાન, મોડી સાંજે બ્રિટીશ પાઉન્ડના ભાવ રૂ.૧૨૫.૫૧ રહ્યા હતા

ભારતીય રૂપીયાનું છેલ્લા ૧૪ વર્ષમાં ધોવાણ નથી થયું તેવું ઐતિહાસીક ધોવાણ થયું છે. માર્ચ માસમાંજ યુધ્ધના કારણે રૂપીયાનું ૧૦ ટકા જેવું ધોવાણ થઈ ગયું છે.

સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બંધ થાય તો પણ ભારતનો વેપાર અકબંધ રહેશે

# ખાડી યુધ્ધમાં આફ્રિકાને રસ્તે ઈંધણ લઈ આવવાનો માર્ગ મોકળો

## સંકટના સમયે ભારતે સપ્લાય ચેઈન જાળવી રાખવા નવા દેશોમાંથી આયાત વધારી, એલપીજી અને એલએનજીના પૂરતા સ્ટોક સાથે પરિસ્થિતિ નિયંત્રણમાં હોવાની સરકારની ખાતરી

**અબતક, નવી દિલ્હી**

પશ્ચિમ એશિયામાં સંઘર્ષ શરૂ થયો ત્યારથી એક મહિના અગાઉની સરખામણીમાં ભારતમાં ક્રૂડ, એલપીજી અને એલએનજીની ઉપલબ્ધતામાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. પેટ્રોલિયમ મંત્રાલયના અધિકારીએ સોમવારે આ અંગેની માહિતી આપી હતી. તેઓના જણાવ્યા અનુસાર આફ્રિકન દેશોમાંથી આયાત વધારવામાં આવી છે. જેથી હવે પરિસ્થિતિ નિયંત્રણમાં છે.

હોર્મુઝની સ્ટ્રેટમાં વિક્ષેપને કારણે સર્જાયેલી અછતને પહોંચી વળવા ભારતે ક્રૂડ અને ગેસના સોર્સિંગમાં વિવિધતા લાવી છે. રિટેલ ગ્રાહકો અને મહત્વપૂર્ણ ક્ષેત્રોને અસર ન થાય તે સુનિશ્ચિત કરવા માટે એલપીજી અને એલએનજી સપ્લાયને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. પેટ્રોલિયમ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું હતું કે ઊર્જાની ઉપલબ્ધતામાં ચોક્કસપણે સુધારો થયો છે અને આપણે એક મહિના પહેલા કરતા ઘણી સારી સ્થિતિમાં છીએ.

ભારત દરરોજ ૫.૫ થી ૫.૬ મિલિયન બેરલ ક્રૂડની આયાત કરે છે. સંઘર્ષ પહેલાં તેમાંથી ૪૦-૪૫ ટકા હિસ્સો સ્ટ્રેટ માર્ગે આવતો હતો. એલપીજી માટે ભારત તેની ૩૧ મિલિયન ટનની વાર્ષિક માંગના ૬૦ ટકા આયાત દ્વારા પૂરી કરે છે, જેમાંથી ૯૦ ટકા સ્ટ્રેટ માર્ગે આવે છે. આ ઉપરાંત નેચરલ

(અનુ. આઠમા પાને)

### જેમ્સ અને જ્વેલરી ક્ષેત્રને રાહતઃ નિકાસ-આયાતની સમયમર્યાદા 30 દિવસ વધારાઈ

મધ્ય પૂર્વની કટોકટીના કારણે કાર્ગો મૂવમેન્ટમાં થયેલા વિક્ષેપને ધ્યાનમાં રાખીને સરકારે જેમ્સ અને જ્વેલરી સેક્ટરને નિકાસ અને આયાતની સમયમર્યાદા પૂરી કરવા માટે વધારાના 30 દિવસની છૂટ આપી છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા આ જાહેરાત કરવામાં આવી છે, જેમાં કોઈપણ ફી કે અરજી વિના મુદત વધારવામાં આવી છે. આ નિર્ણયથી સર્ટિફિકેશન માટે આયાત કરાયેલા હીરાના રી-એક્સપોર્ટ માટેનો સમય ૯૦ દિવસથી વધારીને ૧૨૦ દિવસ કરવામાં આવ્યો છે. લોજિસ્ટિકલ વિલંબ વચ્ચે નિકાસકારોને સરળતાથી કામકાજ પૂર્ણ કરવામાં મદદ કરવા માટે આ વન-ટાઇમ રાહત આપવામાં આવી છે. ઉદ્યોગના નિષ્ણાતોના મતે ઈરાન પર યુએસ-ઈઝરાયેલના હુમલા બાદ દરિયાઈ અને હવાઈ માર્ગો પ્રભાવિત થયા છે, ત્યારે જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના પૂર્વ ચેરમેન કોલિન શાહે આ પગલાને આવકાર્યો છે.

### પહેલો સગો પાડોશી
### બાંગ્લાદેશને ભારત તરફથી પાઈપલાઈન દ્વારા ૭,૦૦૦ ટન ડીઝલનો નવો જથ્થો મળશે

ભારતની નુમાલીગઢ રિફાઈનરીમાંથી પાઈપલાઈન દ્વારા બાંગ્લાદેશને ૭,૦૦૦ ટન ડીઝલનો નવો જથ્થો મોકલવામાં આવી રહ્યો છે. બાંગ્લાદેશના ઉર્જા મંત્રી ઈકબાલ હસન મહમૂદ ટુકુએ સોમવારે સંસદમાં જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયાની કટોકટી વચ્ચે સપ્લાયની અછત કરતા ઈંધણની સંગ્રહખોરી વધુ ચિંતાજનક બાબત છે. ભારત-બાંગ્લાદેશ ફ્રેન્ડશિપ પાઈપલાઈન મારફતે શનિવાર સાંજથી ઈંધણ પહોંચવાનું શરૂ થઈ ગયું છે અને મંગળવાર સુધીમાં ડિલિવરી પૂર્ણ થવાની ધારણા છે. અખાતી દેશોની આયાત પર નિર્ભર બાંગ્લાદેશે આ અગાઉ પણ ૧૫,૦૦૦ ટન અને ૨૫ માર્ચના રોજ ૫,૦૦૦ ટન ઈંધણ પાઈપલાઈન મારફતે મેળવ્યું હતું.

દિવંગત વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના હત્યારાનો ભત્રીજો ખાલીસ્તાનના રવાડે

# સતવંત સિંઘનો ભત્રીજો બલતેજ સિંઘ ઈન્ટરનેશનલ ડ્રગ્સ કાર્ટેલ ચલાવી ખાલીસ્તાનમાં ફંડ આપતો હતો

## ભારત અને ન્યુઝીલેન્ડમાં ડ્રગ્સનું નેટવર્ક ચલાવતા બલતેજ સિંઘને કોર્ટે ૨૨ વર્ષની સજા ફટકારી

**અબતક, નવી દિલ્હી**

ઓકટોબર ૧૯૮૪માં તત્કાલીન પીએમ ઈન્દિરા ગાંધીની હત્યા કરનારા બે અંગરક્ષકોમાંથી એક સતવંત સિંઘના ભત્રીજા બલતેજ સિંઘ વિશે મોટો ખુલાસો થયો છે. બલતેજ સિંઘ કેનેડા, ભારત અને ન્યુઝીલેન્ડમાં આ દેશોના પ્રો-ખાલિસ્તાન તત્વો સાથે મળીને આંતરરાષ્ટ્રીય મેથ (ડ્રગ્સ) કાર્ટેલ ચલાવતો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ડ્રગ્સના પૈસાથી કહેવાતા ખાલિસ્તાન આંદોલનને ફંડિંગ કરવામાં આવતું હતું. બલતેજ ઓકલેન્ડમાં ભારત વિરોધી અને ખાલિસ્તાન તરફી રેલીઓ માટે માસ્ટરમાઈન્ડ અને મુખ્ય ફંડરેઝરમાંનો એક હતો. હવે કેનેડામાં પણ તેના પ્રો-ખાલિસ્તાન ડ્રગ્સ હેરફેર નેટવર્ક અંગે તપાસ શરૂ થવાની શક્યતા છે. માર્ચ ૨૦૨૩માં ઓકલેન્ડમાં ડ્રગ્સના મોટા જથ્થા સાથે બલતેજ સિંઘની ધરપકડ

(અનુ. આઠમા પાને)

### બીયરના કેનમાં સંતાડીને લાવતો હતો ડ્રગ્સ

ડ્રગ્સ કૌભાંડની તપાસ દરમિયાન તપાસકર્તાઓને લાલ રીંછ અને મેપલ લીફના ચિત્રવાળું ૪૭૩-એમએલ નું બ્લુ કલરનું બીયરનું કેન મળ્યું હતું. આ કેનમાં રહેલા પ્રવાહીનું વિશ્લેષણ કરતા જાણવા મળ્યું કે તેમાં મેથ (ડ્રગ્સ) હતું. બલતેજ સિંઘ બીયરના કન્સાઈનમેન્ટની આડમાં ખતરનાક પ્રવાહી ડ્રગ્સની હેરાફેરી કરતો હતો.

# ૧૫ જેટલા આંતકવાદી ગ્રુપોને પનાહ આપે છે પાકિસ્તાનઃ અમેરિકા

## કાશ્મીરમાં અસ્થિરતા ફેલાવવા માંગતા હિઝબુલ મુજાહિદ્દીન પાસે અંદાજે ૧૫૦૦ અને જૈશ-એ-મોહમ્મદ પાસે ૫૦૦ જેટલા સશસ્ત્ર આતંકીઓનું સક્રિય નેટવર્ક

**અબતક, નવી દિલ્હી**

પાકિસ્તાન એક તરફ વિશ્વ મંચ પર પશ્ચિમ એશિયાના દેશો વચ્ચે મધ્યસ્થી બનવાના પ્રયાસો કરી રહ્યું છે, ત્યારે બીજી તરફ અમેરિકાના તાજેતરના અહેવાલે તેની પોલ ખોલી નાખી છે. અમેરિકાના ’કોંગ્રેસનલ રિસર્ચ સર્વિસ’ના નવા રિપોર્ટ અનુસાર, પાકિસ્તાન હજુ પણ ૧૫ જેટલા મોટા આતંકવાદી સંગઠનો માટે સુરક્ષિત આશ્રયસ્થાન બનેલું છે. દાયકાઓથી ચાલી રહેલા સૈન્ય ઓપરેશનો અને આતંકવાદ વિરોધી નીતિઓના દાવા છતાં પાકિસ્તાની ધરતી પર આતંકવાદી નેટવર્ક યથાવત છે.

રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે પાકિસ્તાને ૨૦૧૪માં ’નેશનલ એક્શન પ્લાન’ હેઠળ તમામ સશસ્ત્ર જૂથોને ખતમ કરવાનો વાયદો કર્યો હતો, પરંતુ વાસ્તવિકતા તેનાથી તદ્દન અલગ છે. હાલમાં પાકિસ્તાનમાં ૧૫ જેટલા મુખ્ય આતંકવાદી જૂથો સક્રિય છે, જે પાંચ અલગ-અલગ શ્રેણીઓમાં વહેંચાયેલા છે. જેમાં વૈશ્વિક સ્તરે સક્રિય જૂથો, અફઘાનિસ્તાન-કેન્દ્રિત, ભારત અને કાશ્મીર-કેન્દ્રિત, પાકિસ્તાની ઘરેલું જૂથો અને કટ્ટરપંથી સાંપ્રદાયિક જૂથોનો સમાવેશ થાય છે. આ ૧૫ સંગઠનોમાંથી ૧૨ જેટલા જૂથોને તો અમેરિકાએ પોતે ’ફોરેન ટેરરિસ્ટ ઓર્ગેનાઈઝેશન’ તરીકે જાહેર કરેલા છે.

(અનુ. આઠમા પાને)

આયુર્વેદની ઉચ્ચતમ ક્વોલીટીની દર્દશામક ઔષધીમાંથી બનાવેલ
કે-ઓર્થો જેલ-સ્પ્રે-તેલ
+ કમરનો દુઃખાવો
+ ઘુંટણનો દુઃખાવો
+ સાંધાનો દુઃખાવો
+ સ્નાયુનો દુઃખાવો
+ સાઈટીકાનો દુઃખાવો
‘કે-ઓર્થો’ લગાવો દુઃખાવામાં લાંબી રાહત
શેઠબ્રધર્સ, ભાવનગર

## પ્રાચીન ભારતઃ વિશ્વને માર્ગ બતાવતું જ્ઞાનકુંજ

# વેદોથી વિજ્ઞાન સુધીઃ પ્રાચીન ભારતની શૂન્યથી બ્રહ્માસ્ત્ર સુધીની ગૌરવગાથા

### દુનિયાના આ દસ મહાન આવિષ્કાર, જેની શોધ ભારતે કરી હતીઃ પ્રાચિનકાળથી જ શોધ-સંશોધનોમાં આપણો દેશ આગળ રહ્યો છેઃ આજના યુગમાં પણ 'નાસા' જેવી વૈશ્વિક સંસ્થામાં ભારતનું બ્રેઈન મોખરે છેઃ પ્રાચિન ભારતની વૈજ્ઞાનિક સિધ્ધીઓનો સમગ્ર વિશ્વ ઉપયોગ કરે છે

નોલેજ કોર્નર




ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

અત્યારે વિશ્વમાં યુદ્ધનો માહોલ જોવા મળી રહ્યો છે, ત્યારે પ્રાચીન ભારતના શસ્ત્રો વિશે જાણવું જરૂરી છે. આજે પણ ભારતનાં વૈજ્ઞાનિકો વિશ્વના કોઈથી ઓછા નથી, આજે નાસા જેવી વૈશ્વિક સંસ્થામાં ભારતનું બ્રેઈન મોખરે છે. આપણા જ વૈજ્ઞાનિકો એ સાવ ઓછા ખર્ચમાં મંગળગ્રહ પર યાન મોકલવાનો પ્રયાસ કર્યો હતો. વિશ્વના સૌથી નાના કણો, પાર્ટીકલની આપણા વૈજ્ઞાનિક સત્યેન્દ્રનાથ બોઝે શોધ કરી હતી. આ સાથે વિશ્વની એવી ૧૦ મહાન શોધ કે આવિસ્કાર છે જે ભારતે શોધ કરી છે. આજના લેખમાં આ વિષયક માહિતી વાંચકો માટે પ્રસ્તુત છે.

**વિમાનઃ** એરોપ્લેનની શોધ તો રાઈટ બંધુએ કરી પણ એ પહેલા સદી પૂર્વે મહર્ષિ ભારદ્વાજે વિમાન ઉપર પુસ્તક લખેલું. વિમાન શાસ્ત્રનું સંસ્કૃતમાં લખાયેલ પુસ્તક છે. આપણા શાસ્ત્રોમાં પુષ્કર પરોક્ષ કે ગોધા વિમાનનો ઉલ્લેખ શાસ્ત્રોમાં જોવા મળે છે. પ્લાસ્ટિક સર્જરીનો પિતામહ ભારત છે. આપણા દેશમાં ૩ હજાર વર્ષ પહેલા સર્જરી શોધ મહર્ષિ સુશ્રુતે કરી હતી. ૧000 બીસીના આરોગ્ય તબીબે સાથે મળીને કૃત્રિમ અંગો, પ્લાસ્ટિક સર્જરી જેવા રોગ ઉપચાર માટેના ઉપકરણો શોધ્યા હતા. ધનુષ તીર કે તલવાર નહીં પણ રામાયણ-મહાભારતમાં પશુપત્ર, સર્પસ્ત્ર, બ્રહ્માસ્ત્ર જેવા ઘણા ઘાતક હથિયારોનો ઉલ્લેખ જોવા મળે છે. જે આજના યુગ સાથે સરખાવો તો બંદુક મશીનગન, મિસાઈલો, અણુ કે પરમાણુ બોંબ, ઝેરગેસ તથા તોપ કરતા પણ અદ્યતન હતા. થોમસ એડિસન બલ્બ બનાવતી વખતે એક હજાર વાર નિષ્ફળ ગયા, ત્યારે મહર્ષિ અગસ્ત્ય દ્વારા લખાયેલ પુસ્તકમાં સંસ્કૃતના શ્લોકનો અર્થ સમજીને પ્રયાસ કરતાં તેને સફળતા મળી હતી, તેમ પોતે જાતે જણાવેલ હતુ.

મહાભારત કે રામાયણમાં ૫ હજાર વર્ષ પહેલા રથ દ્વારા યુધ્ધો થયા. આપણા ગ્રંથોમાં રથનાં પૈંડાની વાતો પણ છે. શ્રી કૃષ્ણ પણ અર્જુનના સારથી હતા માટે આ શોધ ઈરાનમાં નહી ભારતે જ કરી છે.



**ભૂમિતિઃ** ગ્રીસના મહાનગણિત શાસ્ત્રી પાયથા ગોરસે સિધ્ધાંત ૫00 બી.સી.માં આપ્યો પણ આપણા ગણીત શાસ્ત્રી અને શુલશુત્ર અને સ્રોતસુત્રના નિર્માતા બૌધાયે ઈ.સ. પૂર્વે ૮00માં ભૂમિતિના નિયમો શોધ્યા હતા.

**ગુરૂત્વાકર્ષણનો નિયમઃ** ભારતનાં પ્રાચિન ગણીત શાસ્ત્રી અને ખગોળ શાસ્ત્રી ભાસ્કરાચાર્યનું સિધ્ધાંત શિરોમણી પુસ્તક વિવિધ ભાષામાં અનુવાદ થયો હતો. જેમાં લખેલ છે. કે પૃથ્વી તેના આકાશના પદાર્થને શકિતથી પોતાની તરફ ખેંચે છે, ન્યુટને તો ઘણા વર્ષો બાદ શોધ કરી.



**બટનઃ** બટનનો પુરાવો મોહજો-દરોનાં ખોદકામ દરમ્યાન મળ્યો હતો. જે સિંધુ નદીનાં ૨૫00 થી ૩000 વર્ષ પહેલા અસ્તિત્વમાં છે. બટન વિદેશમાં નહી પણ ભારતમાં આદિકાળથી હતા, અહીં સોય થી દોરા સુધીની દરેક વસ્તુની શોધ થઈ છે. મોહેજો-દરોમાંથી મળેલા અવશેષોમાં પાંચ હજાર વર્ષ પહેલાં બનેલા શંખ અને છિપલાના બટન મળ્યા હતા. વળી આ બટન વિવિધ આકારના અને અલંકારીક હતા.

**રેડિયોઃ** આ શોધ જી માર્કોની એ કરી પણ આપણા વૈજ્ઞાનિક જગદીશચંદ્ર બોઝની લાલ ડાયરીમાંથી કેટલીક નોંધના આધારે ૧૯૦૯માં તેમણે શોધ કરી હતી, તેમની ડાયરી બ્રિટીશ શાસન કાળ દરમ્યાન હાથ લાગી હતી. ૧૮૯૫માં બોઝે રેડિયો તરંગોનુ પ્રદર્શન કરેલ હતુ. તેના પછી બે વર્ષે જી.માર્કોનીએ પ્રદર્શન કર્યુંને બધો જશ લઈ ગયા.

**વ્યાકરણઃ** આજથી ૫00 બી.સી. પહેલા મહર્ષિયાનીએ વ્યાકરણ નિર્માણ કર્યું, તેણે સંસ્કૃત ભાષાને વ્યાકરણ સ્વરૂપ આપવામાં મહત્વનુ યાગેદાન આપ્યું હતુ. તમને જાણીને નવાઈ લાગશે કે સંસ્કૃત ભાષાને કોમ્પ્યુટર માટે સૌથી યોગ્ય ભાષા ગણાવી છે, કારણ કે વિશ્વની સૌથી શુધ્ધ પક્ષપાતી ભાષા છે.

**રૂ પિંજવાની પણછ :** રૂને પિંજીને સાફ કરી કપાસિયા અલગ પાડવાની શોધ બે હજાર વર્ષ પહેલાં ભારતમાં થઈ હતી. ધનુષ્યની કમાન જેવી પણછની દોરી ધ્રુજાવીને રૂમાંથી કચરો ઉડાડવાની આ પદ્ધતિનો વ્યાપક રીતે ઉપયોગ થતો હતો.

**કેલિકોઃ** કાપડ ઉપર રંગીન છાપકામ કરવાની કળાને કેલિકો કહે છે. કમળ અને ફૂલવેલીની ડિઝાઈન વાળા કપડા ભારતમાં ૧૧મી સદીમાં બનતા હતા. લાકડાના કોતરણી કરેલા બિબા વડે એકસરખી પેટર્નનું છાપકામ થતું

**ક્રૂસિબલ સ્ટીલઃ** કાટ ન લાગે તેવા સ્ટીલની શોધ મૂળ ભારતમાં થયેલી કાચુ લોખંડ, કોલસો અને કાચ ભેળવીને પથ્થરના મોટા વાસણમાં મૂકી ગરમ કરી તેને પિગાળીને સ્ટીલ બનતું હતું. પથ્થરના આ વાસણને ક્રૂસિબલ કહે છે, તેમાં લોખંડ પિગાળીને પ્રવાહી બનાવાય છે.

**શાહીઃ** લખવા માટે કલમ અને પેનમાં ઉપયોગ થતી ભૂરી અને કાળી શાહીની શોધ ચોથી સદીમાં ભારતમાં થયેલી તેને 'મસી' કહેતા. ભારતમાં પ્રાચીન ખરોષ્ટી ભાષામાં શાહીથી લખેલા પત્રોન અવશેષો મળી આવ્યા છે.

**ફૂટપટ્ટીઃ** પ્રાચીન કાળમાં સિંધુ નદીની ખીણમાં હાથી દાંતની ફૂટપટ્ટી વપરાતી હતી. એક ઈંચના સોળ ભાગ કરીને તેની રેખાઓ દર્શાવાતી, આ ફૂટપટ્ટીનો ઈંટો બનાવવામાં ઉપયોગ થતો હતો. લોથલ ભૂરખીમાં ખોદકામ દરમિયાન ઈ.સ. ૨૪00ના સમયની ફૂટપટ્ટીના અવશેષો મળ્યા હતા.

**પ્રાચીન ભારતના દસ ઘાતક શસ્ત્રોઃ** ચક્રમ, હલાદી, પરશુ કે કુહાડી, ગદા, વાઘ નખ, ઉસમી, દંડપટ્ટ, ખુકરી, કટાર અને કિરપાણ જેવા શસ્ત્રો હતા.

### ભારત લગભગ ૮૦૦૦ વર્ષ જૂનો પ્રાચીન દેશ છે

એ જમાનામાં આપણા અદભુત ભારતીય લોકો તેમના પ્રદેશમાં રહેતા હતા. જે અનેક સામાજિક વર્ગોમાં વહેંચાયેલા હતા, તેમની પોતાની ભાષા અને લિપિ હતી. પ્રાચીન ભારતે આપણને કપાસ અને શેરડી જેવા પાકો આપ્યા હતા. એ જમાનામાં પાતળું ફેબ્રિક કાપડ બનાવ્યું હતું અને હાથી જેવા મોટા કદાવર પ્રાણીઓને પણ કાબુમાં રાખ્યા હતા. જુદા જુદા દેવોની પૂજા કરતા હતા. પ્રાણીઓને પણ દેવીકૃત કરવામાં આવ્યા હતા. દેવતાઓ સાથે વેદ સંસ્કૃત ભાષા અને બ્રાહ્મણો સંસ્કૃતિ અને પવિત્ર જ્ઞાનના રક્ષક તરીકે આદરણીય હતા. બ્રાહ્મણોને જીવંત દેવ માનવામાં આવતા હતા. વિસ્તારની દ્રષ્ટિએ ભારત ઈજિપ્ત, મેસોપોટેમીયા, એશિયા, ઈરાન, સીરિયા, ફેનેસીયા, પેલેસ્ટાઈના સંયુક્ત સમાન હતું. એ જમાનામાં સિંધુ ખીણમાં એક રાજ્ય હતું, જેમાં બે રાજધાની હતી. ઉત્તરમાં હડપ્પા અને દક્ષિણમાં મોહેંજો-દરો ની સંસ્કૃતિ હતી.

**પ્રાચીન ભારતમાં ગણિતશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર સાથે શુન્યની શોધ આપણે કરી છેઃ વર્ગમૂળ ઘનમૂળના નિયમો, સમીકરણો જેવી ઘણી શોધો વિશ્વને ભારતે આપી છેઃ ભારત અનન્ય પરંપરા ધરાવતો વિશ્વનો સૌથી પ્રાચિન દેશ છે**

## મુંદ્રા બંદરેથી અદાણી ગ્રુપ દ્વારા ૧૨ જયોર્તિલીંગ, ચારધામ, નેપાલ, પશુપતિનાથની દર્શન યાત્રાનો પ્રારંભ

### શ્રીમદ ભાગવત કથાનો ધર્મ સામે પર્યાવરણ જતનનો સંદેશ ફેલાવાનો મહાસંકલ્પ



**અબતક, રાજકોટ**

કચ્છની ધરતીથી આધ્યાત્મિકતા અને પર્યાવરણ જાગૃતિનો અનોખો સંદેશ લઈને એક ભવ્ય મહાયાત્રા અદાણી પોર્ટ્સ, મુંદ્રા ખાતેથી ૨૮ માર્ચ ૨૦૨૬, શનિવારના રોજ ભારતના ૧૨ જ્યોતિર્લિંગ, ૪ ધામ તથા નેપાળના વિશ્વવિખ્યાત પશુપતિનાથ મહાદેવના દર્શનાર્થે મહાયાત્રાનો શુભારંભ કરવામાં આવ્યો હતો.યાત્રાનો શુભારંભ મુંદ્રા કસ્ટમ્સ કમિશનર નીતિન સૈનીના હસ્તે ફ્લેગ-ઓફ કરી કરવામાં આવ્યું હતું. આ અવસરે અદાણી પોર્ટ્સના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર રક્ષિત શાહ અને અદાણી મુંદ્રા-તુણા પોર્ટના સીઈઓ સુજલ શાહ હાજર રહ્યા હતા.આ મહાયાત્રા મુંદ્રા કચ્છના ચાર સેવાભાવી વ્યક્તિઓ - કપિલ ગોર, હરિનાથ નાથબાવા, મુકુંદનાથ નાથબાવા અને સાવનગિરી ગોસ્વામી - દ્વારા હાથ ધરવામાં આવી છે.

યાત્રાના ભારતના બાર જ્યોતિર્લિંગો અને ચાર ધામોના દર્શન સાથે નેપાળમાં આવેલ પશુપતિનાથ મંદિરના દર્શનનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ મહાયાત્રા માત્ર આધ્યાત્મિક નથી, પરંતુ પર્યાવરણ સુરક્ષાનો પણ મજબૂત સંદેશ લઈને જઈ રહી છે. યાત્રા દરમિયાન નો પ્લાસ્ટીક - સેવ નેચર અભિયાન હેઠળ સમગ્ર ભારતમાં પ્લાસ્ટિકના વપરાશને ઘટાડવા, સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણ અંગે વ્યાપક જાગૃતિ ફેલાવવામાં આવશે.આ ભારત-નેપાળ યાત્રા અદાણી ગ્રુપ દ્વારા તાજેતરમાં યોજાયેલી શ્રીમદ ભાગવત કથાથી પ્રેરિત છે. તે કથા સંપૂર્ણપણે પ્લાસ્ટિક મુક્ત હતી, જેમાં ૧ લાખથી વધુ ભક્તોએ ભાગ લીધો હતો. પ્લાસ્ટિકનો વપરાશ ન થાય તે માટે કથા દરમિયાન પ્રસાદી માટે પરંપરાગત સ્ટીલના વાસણો, છાસ અને પાણી માટે માટીના કુલ્લડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વોકલ ફોર લોકલને પ્રોત્સાહન આપતા આ આયોજનને કચ્છમાં ભારે પ્રતિસાદ મળ્યો હતો.

## જીવનનગરમાં ગુરૂવારે હનુમાન જયંતિની કરાશે ઉજવણી

### સુંદરકાંડ, હનુમાન ચાલીસા ભજન ધુન સત્સંગની થશે જમાવટ

**અબતક,રાજકોટ**

જીવનનગર વિકાસ સમિતિ સંચાલિત રામેશ્વર મહાદેવ મંદિર, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, મહાદેવધામ મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે ગુરૂવાર તા. ૨ જી એપ્રિલના રોજ હનુમાન જયંતિ અંતર્ગત અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજે ૭-૩૦ કલાકે મહાદેવધામમાં બટુક ભોજન, પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

હનુમાન જયંતિ નિમિત્તે સવારના પ્રભાત ફેરી, સુંદર કાંડ, હનુમાન ચાલીસા, સત્સંગ ભજન-ધૂન, પૂજા, અર્ચનનો વિશેષ ધાર્મિક કાર્યક્રમ યોજાશે. સવારના ૫-૦૦ કલાકથી હનુમાન દાદાની વિશેષ પૂજા શ્રધ્ધાળુઓ કરી શકશે. મંદિરમાં રોશની, મહાઆરતી, દિપમાલા, ધ્વજારોહણ રાખવામાં આવેલ છે.

ધાર્મિક પ્રસંગમાં વોર્ડ નં.૧૦ ના પૂર્વ નગરસેવકો નિરુભા વાઘેલા, ચેતનભાઈ સુરેજા, જયોત્સનાબેન ટીલાળા, ડો. રાજેશ્રીબેન ડોડીયા, મેહુલભાઈ નથવાણી, રઘુભાઈ ધોળકીયા, રજનીભાઈ ગોલ, જયેશભાઈ ચોવટીયા, રત્નદિપસિંહ જાડેજા, પૂર્વ નગરસેવકો પરેશભાઈ હુંબલ, અશ્વિનભાઈ ભોરણીયા, કેતનભાઈ મકવાણા, વિપુલભાઈ પંડયા, ભાવેશભાઈ બુંદેલા હાજરી આપવાના છે.

હનુમાન જયંતિ ઉજવણીની તૈયારી સમિતિના પ્રમુખ જયંત પંડયાના માર્ગદર્શન હેઠળ મુકેશભાઈ પોપટ, ડો. તેજસ ચોકસી, વિનોદરાય ભટ્ટ, પાર્થ ગોહેલ, પંકજભાઈ મહેતા, અંકલેશ ગોહિલ, વિજયભાઈ જોબનપુત્રા, મહિલા મંડળના સુનિતાબેન વ્યાસ, શોભનાબેન ભાણવડીયા, યોગીતાબેન જોબનપુત્રા, ભારતીબેન ગંગદેવ, આશાબેન મજેઠીયા, હર્ષાબેન પંડયા, હંસાબેન ચુડાસમા, ભકિતબેન ખખ્ખર, કિર્તીબેન, નેહાબેન મહેતા, ગીતાબેન મકવાણા, ભારતીબેન રાવલ, જયશ્રીબેન મોડેસરા, કુસુમબેન ચૌહાણ સહિત બહેનો સફળતા માટે જહેમત ઉઠાવી રહ્યા છે.

## અમદાવાદ ગુરૂકુલ ખાતે ભક્તિ અને સાહિત્યનો દિવ્ય સમન્વયઃ ચૈત્રી કથામૃત

### સુપ્રસિધ્ધ સાહિત્યકારો રહ્યા ઉપસ્થિત



**અબતક, રાજકોટ**

અમદાવાદ શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલના પ્રાંગણમાં ચૈત્રી નવરાત્રીના પવિત્ર અવસરે અધ્યાત્મ અને સાહિત્યનો એક અભૂતપૂર્વ ત્રિવેણી સંગમ રચાયો હતો. સંસ્થાના અધ્યક્ષ પૂ.માધવપ્રિયદાસજી સ્વામીના વ્યાસપીઠે આયોજિત 'ચૈત્રી કથામૃત' પારાયણે હજારો ભક્તોના હૃદયમાં ભક્તિનો સંચાર કર્યો હતો. આ નવ દિવસીય જ્ઞાનયજ્ઞમાં પૂ.સ્વામીજીએ સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામી દ્વારા આલેખિત 'સારસિદ્ધિ' ગ્રંથના આધારે અત્યંત મનનીય શૈલીમાં કથામૃતનું પાન કરાવ્યું હતું. કથા દરમિયાન સ્વામીજીએ નિષ્કુળાનંદ સ્વામીનું ત્યાગમય જીવન, ભગવાન શ્રી સ્વામિનારાયણનું કઠિન સાધનાકાળ અને સંપ્રદાયના મહાન સંતો-ભક્તોના જીવનના અણમોલ પ્રસંગો વર્ણવીને સ્વામિનારાયણ સંપ્રદાયના ગૂઢ રહસ્યોને શ્રોતાઓ સમક્ષ ઉદ્ઘાટિત કર્યા હતા. આ દિવ્ય વાણીનું શ્રવણ કરવા માટે દૂર-દૂરથી મોટી સંખ્યામાં હરિભક્તો ઉમટી પડ્યા હતા અને કથાના માધ્યમથી જીવન ઘડતરની પ્રેરણા મેળવી હતી. આ મહોત્સવમાં પદ્મશ્રી કુમારપાળભાઈ દેસાઈ, માધવ રામાનુજ જેવા દિગ્ગજ સાહિત્યકારોની ઉપસ્થિતિએ વાતાવરણને સાહિત્યમય બનાવી દીધું હતું.

## ચમત્કારિક હનુમાનજી મંદિર સમિતિ દ્વારા ગુરૂવારે હનુમાન જન્મોત્સવની ધામેધૂમે ઉજવણી

### મંગળા આરતી, મારૂતિ યજ્ઞ, ધ્વજારોહણ, મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો : મહાબલી હનુમાનજી, વાનરસેના અને ભવ્ય આકાશબાજી બનશે આકર્ષણનું કેન્દ્ર

**અબતક, રાજકોટ**

રાજકોટના કાલાવડ રોડ પર સ્થિત ચમત્કારિક હનુમાનજી મંદિર સંચાલન સમિતિ દ્વારા આગામી ૨ એપ્રિલ ને ગુરૂવારે હનુમાન જન્મોત્સવ ૨૦૨૬ નિમિત્તે વિવિધ ધાર્મિક અને સામાજિક કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. પ્રમુખ ધર્મેન્દ્રભાઈ ભગત, કાર્યકારી પ્રમુખ ગિરિરાજસિંહ રાઠોડ અને કોર્પોરેટર નિરુભા વાઘેલાના માર્ગદર્શન હેઠળ યોજાનારા આ મહોત્સવનો પ્રારંભ વહેલી સવારે મંગળા આરતી અને વિશ્વ શાંતિ માટેના મારુતિ યજ્ઞથી થશે. આ પ્રસંગે જે.એમ.જે. ગ્રુપના મયુરધ્વજસિંહ જાડેજા તથા મંદિર જીર્ણોદ્ધારના દાતાઓના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવશે. દિવસ દરમિયાન અન્નકૂટ દર્શન, મહા આરતી અને મહાપ્રસાદ જેવા ભક્તિસભર કાર્યક્રમો યોજાશે, જેમાં હજારો ભાવિકો ઉમટી પડશે.



ધાર્મિક ઉત્સવોની સાથે સામાજિક સેવાના કાર્યો પણ આ આયોજનનું મુખ્ય આકર્ષણ રહેશે. રામ રચિત ફાઉન્ડેશન દ્વારા ચકલીના માળા અને કુંડાનું વિતરણ, કુમકુમ ગ્રુપ દ્વારા તુલસીના રોપાનું વિતરણ તેમજ વેદાંત ડેન્ટલ હોસ્પિટલ દ્વારા ફ્રી ડેન્ટલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજના સમયે ઈસ્કોન મંદિર રાજકોટ દ્વારા ભવ્ય સંત કીર્તન અને ભકિત સંગીતના કાર્યક્રમમાં હનુમાનજીના ગુણગાન ગાવામાં આવશે. આ દરમિયાન નિવૃત એસીપી એસ.બી. ગોહિલ, પીજીવીસીએલના એસ.ડી. ઝાલા, મોટા મૌવાના હરભમસિંહ જાડેજા તથા પૂજારી ગિરીબાપુની પ્રેરણાદાયી ઉપસ્થિતિ રહેશે. રાત્રે યોજાનારી ભવ્ય આતશબાજી ભક્તો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે.

## આવતીકાલનું રાશિફળ

**તા.૧.૪.૨૦૨૬ બુધવાર, સંવંત ૨૦૮૨, ચૈત્ર સુદ ચતુર્દશી, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર વૃદ્ધિ યોગ, વણિજ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ કન્યા (પ,ઠ,ણ) રહેશે**

**મેષ (અ,લ,ઈ) :** તબિયતની કાળજી લેવી,ખાવા પીવામાં ખ્યાલ રાખવો, વધુ પડતી દોડધામ ટાળવા સલાહ છે.

**વૃષભ (બ,વ,ઉ) :** સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, ગમતી વ્યક્તિથી મુલાકાત થાય.

**મિથુન (ક,છ,ઘ) :** તમામ ભૌતિક સુખ સગવડ આપતો દિવસ, પ્રગતિ થાય, આજ દિવસે યોગ્ય નિર્ણય કરી શકો.

**કર્ક (ડ,હ) :** સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય, મિત્રોની મદદ મળી રહે.

**સિંહ (મ,ટ) :** તમારા યોગ્ય વાણી-વર્તનથી અટકેલાં કાર્ય પૂર્ણ કરી શકો, સામી વ્યક્તિ પાસે થી કામ લઈ શકો, શુભ દિન.

**કન્યા (પ,ઠ,ણ) :** તમારા ક્ષેત્રમાં તમે આગળ વધી શકો, રચનાત્મક કામગીરી કરી શકો, તમારા કાર્યની સરાહના થાય.

**તુલા (ર,ત) :** ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, કામ કાર્યનો સંતોષ પ્રાપ્ત થાય, યોગ્ય જગ્યા એ નાણાં રોકી શકો.

**વૃશ્ચિક (ન,ય) :** વેપારીવર્ગને મધ્યમ રહે, સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક, તમારા હક માટે અવાજ ઉઠાવી શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** નોકરિયાતવર્ગને ઈચ્છીત કામગીરી મળે, વેપારીવર્ગને લાભ થાય, ધંધા રોજગારમાં સારું રહે, પ્રગતિ થાય.

**મકર (ખ,જ) :** ઘણા સમયથી રાહ જોઈ રહ્યા હોય તેવું વાતાવરણ બને, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે.

**કુંભ (ગ,સ,શ) :** ભ્રમની સ્થિતિઓમાં થી હવે બહાર આવવાની જરૂર છે, તમે સત્ય સ્વીકારી બુદ્ધિપુર્વક આગળ વધશો તો લાભ થશે.

**મીન (દ,ચ,ઝ,થ) :** આંતરિક જીવનમાં મધ્યમ રહે પણ જાહેરજીવનમાં સારું રહે, યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

## ૨ એપ્રિલથી સેનાપતિ મંગળ મહારાજ મીન રાશિમાં પ્રવેશ કરશે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

૨ એપ્રિલથી સેનાપતિ મંગળ મહારાજ મીન રાશિમાં પ્રવેશ કરશે અને સૂર્ય અને શનિ સાથે યુતિમાં આવશે જે યુદ્ધને થોડા દિવસ માટે વધુ આક્રમક અને સ્ફોટક બનાવે છે પરંતુ શનિને ડિગ્રીને ક્રોસ કાર્ય પછી પરિસ્થિતિમાં સુધારો આવશે. મંગળ મીનમાં સમર્પણ ભાવને મજબૂત કરવાનું દર્શાવે છે વળી મંગળ શિવના પ્રસ્વેદમાં થી ઉત્પન્ન થયા છે માટે પસીનો વળે એ રીતે કામ કરીએ તેનું પરિણામ એ આપે છે મંગળને ધ્યેયલક્ષી મહેનત કરવી ગમે છે અને વ્યૂહરચના મુજબ આગળ વધવું ગમે છે મીનમાં મંગળ શ્રમદાન કરવાનું સૂચન કરે છે તો બ્લડ ડોનેશન કરવાનું પણ સૂચન મીનમાં મંગળ થી થાય છે. બારમી રાશિમાં મંગળ ખર્ચ પણ કરાવે છે અને ઉતાવળા નિર્ણય કરાવતા જોવા મળે માટે આ સમયમાં કોઈ પણ નિર્ણય ઉતાવળે ના કરવા સલાહ છે અને જે કાર્ય કરીએ તેમાં સમર્પણ ની ભાવનાથી આગળ વધવું જોઈએ તો મંગળ અવશ્ય સફળતા અપાવે છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૩૧-૦૩-૨૦૨૬ મંગળવાર**

- ૧૨:૦૦ થી ૦૨:૩૦ ગુજરાતી મુવી (હેલ્લારો)
- ૦૨:૩૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
- ૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (માં કી દાલ)
- ૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
- ૦૪:૦૦ થી ૦૪:૩૦ પોડકાસ્ટ (ઝાફર ચા)
- ૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
- ૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (રંગ રંગીલા ગુજ્જુભાઈ)
- ૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
- ૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
- ૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
- ૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૧-૦૩-૨૦૨૬ બુધવાર**

- ૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારિબાપુ)
- ૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
- ૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
- ૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૧-૪ -૨૦૨૬ બુધવાર**

| | | | |
|---|---|---|---|
| **વિક્રમ સંવત** | ૨૦૮૨ | **શાલીવાહન શકિ:** | ૧૯૪૭ |
| **ખ્રિસ્તી સંવત** | ૨૦૨૬ | | |
| **તિથી** | ચૈત્ર શુદ ચૌદશ વ્રતની પુનમ | | |
| **નક્ષત્ર** | ઉત્તરાફાલ્ગુની | | |
| **યોગ** | વૃધ્ધિ | **કરણઃ** | વિષ્ટિ |
| **સુર્યોદય** | ૬.૪૧ | **સુર્યાસ્તઃ** | ૭.૦૧ |
| **ચંદ્ર રાશી** | કન્યા | | |
| **રાશિ અક્ષર** | ૫.ઠ.ણ | | |
| **દિશાશૂળ** | ઉત્તર દિશા તરફ | | |
| **રાહુકાળ** | બપોરે ૧૨ થી ૧.૩૦ | | |
| **દિવસનાચોઘડીયા** | લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ | | |
| **રાત્રીનાચોઘડીયા** | ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ | | |
| **અભિજીત મુહૂર્ત** | બપોરે ૧૨.૨૭ થી ૧.૧૬ | | |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૯૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | | | ૭ | | | | |
| ૬ | | | | ૪ | ૧ | ૨ | ૭ | ૩ |
| ૧ | | ૪ | | | ૨ | | | |
| | ૫ | ૧ | | | ૪ | | ૩ | |
| | | | | | ૩ | | ૧ | ૨ |
| ૨ | | | | | | ૭ | ૫ | |
| ૮ | | | | ૯ | | ૩ | ૨ | |
| | | | ૧ | | ૬ | | ૪ | ૫ |
| | ૬ | ૨ | ૮ | ૩ | | ૧ | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૯૩ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૬ | ૨ | ૫ | ૩ | ૯ | ૪ | ૮ | ૭ |
| ૫ | ૮ | ૩ | ૪ | ૬ | ૭ | ૨ | ૯ | ૧ |
| ૪ | ૭ | ૯ | ૨ | ૧ | ૮ | ૫ | ૩ | ૬ |
| ૭ | ૨ | ૮ | ૬ | ૫ | ૩ | ૯ | ૧ | ૪ |
| ૩ | ૯ | ૪ | ૭ | ૨ | ૧ | ૮ | ૬ | ૫ |
| ૬ | ૫ | ૧ | ૮ | ૯ | ૪ | ૭ | ૨ | ૩ |
| ૮ | ૧ | ૭ | ૩ | ૪ | ૨ | ૬ | ૫ | ૯ |
| ૯ | ૪ | ૬ | ૧ | ૮ | ૫ | ૩ | ૭ | ૨ |
| ૨ | ૩ | ૫ | ૯ | ૭ | ૬ | ૧ | ૪ | ૮ |

# વોર્ડ નં.૬માં બે બેઠકો અનામત, ભાવિ મેયર પણ આપી શકે!

## એકમાત્ર પરેશ પીપળીયાને રિપીટ કરવામાં આવી સંભાવનાઃ દેવુબેન જાદવને ભાજપે સસ્પેન્ડ કર્યા હોય કોળી સમાજથી નારાજગીનો લાભ કોંગ્રેસને મળી શકે

## ગત ટર્મમાં વોર્ડની ચારેય બેઠકો સામાન્ય હોવા છતા ભાજપે ત્રણ ઓબીસી ઉમેદવારોને ટિકિટ આપી હતીઃ આ વખતે સમીકરણો બદલાય જશે

## ભાજપમાં બે ડઝનથી વધુ દાવેદારોઃ ભાવેશ દેથરિયા નાદુરસ્ત તબિયતના કારણે કપાશે જ્યારે મંજુબેન કુંગશિયાને ઓબીસી પુરૂષ અનામત બેઠકના કારણે ફરી ટિકિટ મળે તેવી શક્યતા ઓછી


દેવું બેન જાદવ


મંજુબેન કુગસિયા


પરેશ રમેશ પીપળીયા


દિલીપ લુણાગરિયા

**અબતક, રાજકોટ**

વોર્ડ નં.૬માં આ વખતે ટિકિટ ફાળવણીના સમિકરણોમાં મોટાપાયે ઉથલ-પાથલ થવાની શક્યતા દેખાય રહી છે. ગત ટર્મમાં વોર્ડની તમામ ચારેય બેઠકો સામાન્ય હોવા છતા ભાજપે વોર્ડની વસતીને ધ્યાનમાં રાખી ત્રણ બેઠકો ઓબીસી સમાજમાંથી આવતા ઉમેદવારોને આપી હતી. આ વખતે વોર્ડની ચાર બેઠકો પૈકી બે બેઠકો અનામત છે. એક બેઠક અનુસુચિત જાતિના મહિલા ઉમેદવાર અને એક બેઠક ઓબીસી પુરૂષ માટે અનામત જાહેર કરવામાં આવી છે. આ વોર્ડમાં એકમાત્ર પરેશ પીપળીયાને ભાજપ રિપીટ કરે તેવી શક્યતા દેખાય રહી છે. જ્યારે અન્ય ત્રણ ઉમેદવારોની ટિકિટ પર કાતર ફરી જશે. બે ડઝન દાવેદારો મેદાનમાં છે.

વોર્ડ નં.૬ના સિનિયર મહિલા કોર્પોરેટર (હવે પૂર્વ) દેવુબેન જાદવના પતિદેવનું નામ આવાસ કૌભાંડમાં ઉછળતા ભાજપે તેઓને પક્ષમાંથી સસ્પેન્ડ કર્યા છે. હવે તેઓને ટિકિટ ન મળે તે નિશ્ચિત છે. બીજી તરફ પુરૂષોની બે બેઠકો પૈકી એક બેઠક ઓબીસી કેટેગરી માટે અનામત જાહેર કરવામાં આવી છે. આવામાં મંજુબેન કુંગશિયાને ફરી ટિકિટ મળે તેવી શક્યતા પણ નહિંવત છે.

વોર્ડના અન્ય એક કોર્પોરેટર (હવે પૂર્વ) ભાવેશભાઇ દેથરિયાની નાદુરસ્ત તબિયતના કારણે પક્ષ હવે તેઓને ચૂંટણીના મેદાનમાં ઉતારે તેવું દેખાતું નથી. એકમાત્ર પરેશ પીપળીયાને ફરી ટિકિટ મળી શકે તેવા ઉજળા સંજોગો છે. વોર્ડમાં રબારી સમાજની વસ્તી છે. પરંતુ ગેલાભાઇ રબારીને શહેર ભાજપના સંગઠન માળખામાં ઉપપ્રમુખનું પદ આપવામાં આવ્યું છે. જ્યારે વિરમભાઇ રબારીને શિક્ષણ સમિતિના સભ્ય બનાવવામાં આવ્યા હોય રબારી સમાજને ટિકિટ મળે તેવી શક્યતા નહિંવત બની જવા પામી છે.

# ૧૮ વોર્ડના ૭૨ ઉમેદવારો નક્કી કરવા કાલથી બે દિવસ ભાજપ લેશે સેન્સઃ ટોળાશાહીમાં દાવેદારી નહીં કરી શકાય

## પ્રદેશ ભાજપ દ્વારા નિયુક્ત કરાયેલા ૯ નિરિક્ષકો દાવેદારોને સાંભળશેઃ શહેર ભાજપ કાર્યાલય ખાતે બે દિવસ સુધી ચાલશે સેન્સ પ્રક્રિયા




ચાલુ સપ્તાહે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા માટે ચૂંટણીની તારીખ જાહેર થવાની સંભાવના છે. સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા આજથી ઉમેદવારોની પસંદગી માટે સેન્સ પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. પ્રદેશ દ્વારા નિયુક્ત કરવામાં આવેલા નિરિક્ષકો પોતાને ફાળવેલા જિલ્લા અને મહાનગરોમાં જઈ દાવેદારોને સાંભળી રહ્યા છે. રાજકોટના ૧૮ વોર્ડના ૭૨ ઉમેદવારો નક્કી કરવા માટે કાલ થી બે દિવસ સુધી શહેર ભાજપ કાર્યાલય કમલમ ખાતે સેન્સ લેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

કાલે સવારે ૯થી સાંજના ૬ કલાક સુધી વોર્ડ નં. ૪, ૫, ૬, ૧૫, ૧, ૨, ૩, ૮, ૭,૧૩, ૧૪ અને ૧૭ માટે સેન્સ લેવામાં આવશે. જ્યારે ગુરૂવારે વોર્ડ નં. ૧૬, ૮, ૧૦, ૧૧, ૧૨ અને ૧૮ માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

પ્રદેશ દ્વારા નિયુક્ત કરાયેલા ૯ નિરિક્ષકો ઝોનવાઈઝ અને બેઠક વાઈઝ દાવેદારોને સાભળશે આ વખતે સૌથી મોટો નિયમ બનાવવામાં આવ્યો છે. જેમાં શક્તિ પ્રદર્શન માટે કોઈ પણ વ્યક્તિ ટોળા સાથે આવી દાવેદારી કરી શકશે નહીં સેન્સ આપતા પૂર્વે એક ફોર્મ ભરી નિરિક્ષકોને આપવું પડશે. શહેર ભાજપ દ્વારા હાલ સેન્સ પ્રક્રિયા માટેનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે.

શહેરના ૧૮ વોર્ડને અલગ અલગ ત્રણ ઝોન અને વિધાનસભામાં વહેંચવામાં આવ્યો છે. શિતલપાર્ક સ્થિત શહેર ભાજપ કાર્યાલય કમલમ ખાતે કાલે સવારે ૯ કલાકથી સેન્સ પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. જેમાં રાજ્યસરકારના મંત્રી દર્શનાબેન વાઘેલા, જીતુભાઈ પટેલ, જીજ્ઞેશભાઈ સેવક, પૂર્વ સાંસદ ભાવનાબેન દવે, યુવા ભાજપના પ્રદેશ મહામંત્રી ડો. નરેશ દેસાઈ, રાજેન્દ્ર પટેલ, નટુજી ઠાકોર, સુરેશ પટેલ અને સીતાબેન પટેલની નિરિક્ષક તરીકે નિમણુંક કરવામાં આવી છે. તેઓ સેન્સ પ્રક્રિયા દરમિયાન દાવેદારોને સાંભળશે અને તેઓને કયા સમીકરણોને કારણે ધ્યાનમાં રાખી કોર્પોરેશનની ટીકીટ આપવી તેની પણ માહિતી મેળવશે. ભાજપના સક્રિય સભ્ય હોય તે દરેક વ્યક્તિ દાવેદારી કરી શકશે. અગાઉ સેન્સ પ્રક્રિયા દરમિયાન શક્તિ પ્રદર્શન કરવામાં આવતું હતું નિરિક્ષકો સમક્ષ શક્તિ દેખાડવા માટે ટોળાસાહીમાં આવી ટીકીટ મેળવવા માટેની દાવેદારી કરવામાં આવતી હતી. આ સિસ્ટમના કારણે સામાન્ય લોકોએ ભારે હાલાકી ભોગવવી પડતી હતી. જેને ધ્યાનમાં રાખી પ્રદેશ હાઈકમાન્ડ દ્વારા આ વખતે એક નિયમ બનાવવામાં આવ્યો છે. જેમાં કોઈપણ વ્યક્તિ ટોળા સાથે આવી સેન્સ આપી શકશે નહીં. વ્યક્તિગત ધોરણે આવીને દાવેદારી રજૂ કરવાની રહેશે. ગત ચૂંટણીમાં શહેરના ૧૮ વોર્ડમાંથી ૧૭ વોર્ડમાં ભાજપના ઉમેદવારોની જીત થઈ હતી. આમ પણ રાજકોટ ભાજપનો ગઢ મનાય છે. વોર્ડવાઈઝ ભાજપના પ્રતિક એવા કમળ પરથી ટીકીટ લડવા માટે ૪૦થી વધુ ટીકીટ માટે દાવેદારી કરે તેવું માનવામાં આવી રહ્યું છે. પ્રથમવાર સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ૨૭ ટકા ઓબીસી અનામતની અમલવારી થવાની હોય આ વખતે ટિકિટ ફાળવણીમાં ભાજપે અનેક મુદ્દાઓ ધ્યાનમાં રાખવા પડશે.

### ગુનાહિત ઈતિહાસની વિગતો પણ આપવી પડશે

કોર્પોરેશનની આગમી ચૂંટણી માટે આવતીકાલે સવારથી શહેર ભાજપ કાર્યાલય કમલમ ખાતે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.જેમાં માટે

દરેક વોર્ડ વાઈઝ સમય મુજબ જે-તે વોર્ડના દાવેદારોએ સમયસર ઉપસ્થિત રહીને કાર્યાલય ખાતે વોર્ડના પ્રભારી, પ્રમુખ, મહામંત્રીને સાથે રાખીને ફોર્મ લેવામાં આવશે. સક્રિય સભ્ય નંબર અને કોર્પોરેશનની મતદારયાદીના ભાગ ક્રમ નંબર સાથે રાખવા,ચુંટણી કાર્ડ રાખવું,આરક્ષિત સીટ માટે પ્રમાણપત્ર, ભુતકાળમાં કોઇ જાતના ગુના હોય તો પોલીસ વિગત કે રિપોર્ટ સાથે જોડાવો પડશે.બધાએ જરૂર પડે માત્ર વ્યકિતગત રજુઆત જ કરવી.. કોઈએ સમર્થકો ના જુથ સાથે રજુઆત કરવાની કડક મનાઇ છે.

વોર્ડ પ્રભારી, પ્રમુખ, મહામંત્રી એ વહેલા આવી જવું. વોર્ડના દાવેદારો એ વોર્ડ સંગઠનને સાથે રાખીને ફોર્મ લેવું. જરૂર પડે તો વોર્ડ પ્રમુખ કે મહામંત્રીનો સંપર્ક કરવા પણ જણાવ્યું છે.

# બી.કે. શ્રેયાજીએ તણાવ મુક્ત જીવન જીવવા માટે આપી શીખ

## બ્રહ્માકુમારીઝ આયોજિત સેમિનારમાં આધ્યાત્મિક જ્ઞાનને સફળતાનો સાચો પાયો ગણાવ્યોઃ અબતક ચેનલ અને ડિજિટલ પ્લેટફોર્મમાં હજારો લોકોએ લાઈવ નિહાળ્યો






તસવીરઃ હર્ષ ઝીંઝુવાડીયા

**અબતક, રાજકોટ**

વર્તમાન સમયના અતિ આધુનિક અને સ્પર્ધાત્મક યુગમાં માનવી ભૌતિક સુખ-સુવિધાઓ પાછળની દોટમાં પોતાની આંતરિક શાંતિ ખોઈ રહ્યો છે. આ ગંભીર સમસ્યાના નિવારણ અર્થે વિશ્વ વિખ્યાત સંસ્થા બ્રહ્માકુમારીઝ દ્વારા રાજકોટના કાલાવડ રોડ સ્થિત દેવાંગી પાર્ટી પ્લોટ ખાતે એક પ્રેરણાદાયી કાર્યક્રમ ઓવરથિંકિંગને ના કહો - તમારા મન પર કાબૂ મેળવો, જીવનને સફળ બનાવો સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આ સેમિનારમાં લોકપ્રિય વક્તા બી.કે. શ્રેયાજીએ ઉપસ્થિત શહેરીજનોને માનસિક તાણ અને નકારાત્મક વિચારો સામે લડવાનું સચોટ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.રાજકોટના દેવાંગી પાર્ટી પ્લોટ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં શ્રોતાઓ માટે ખાસ નિયમો રાખવામાં આવ્યા હતા, જેમાં મોબાઈલ ફોન બંધ રાખી શાંતિપૂર્ણ વાતાવરણમાં આધ્યાત્મિક ભાથું પીરસવામાં આવ્યું હતું. બ્રહ્માકુમારીઝ સંસ્થાના આ નવતર અભિગમથી શહેરના લોકોમાં માનસિક સ્વાસ્થ્ય અંગે નવી જાગૃતિ જોવા મળી હતી. મોટી સંખ્યામાં ઉપસ્થિત લોકોએ આ સેમિનારના માધ્યમથી જીવનમાં ઓવરથિંકિંગ ત્યજીને સકારાત્મકતા તરફ વળવાનો સંકલ્પ કર્યો હતો.

### આધુનિક શિક્ષણ સાથે આધ્યાત્મિકતાનો સમન્વય જરૂરીઃ બી.કે. શ્રેયાજી

કાર્યક્રમ દરમિયાન બી.કે. શ્રેયાજીએ જણાવ્યું હતું કે, આજે બાળકો અને યુવાનોમાં વધતા જતા ડિપ્રેશન અને એન્ઝાઈટીનું મુખ્ય કારણ શિક્ષણમાં આધ્યાત્મિકતાનો અભાવ છે. પહેલાના સમયમાં આધુનિક અને આધ્યાત્મિક એમ બંને પ્રકારના અભ્યાસનો સમન્વય હતો, જે વ્યક્તિના મનને શક્તિશાળી બનાવતો. આજે આપણે માત્ર આર્થિક પ્રગતિ પાછળ દોડી રહ્યા છીએ, પરંતુ મનની શાંતિ વિસરાઈ ગઈ છે. પરિણામે, નવી પેઢી નાની-નાની મુશ્કેલીઓમાં પણ માનસિક સંતુલન ગુમાવી બેસે છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, ભણતરથી સંપત્તિ ચોક્કસ કમાઈ શકાય છે, પરંતુ સાચું સુખ અને શાંતિ માત્ર સકારાત્મક વિચારધારા અને રાજયોગ ધ્યાનથી જ પ્રાપ્ત થાય છે. સમાજમાં અનેક લોકો પાસે તમામ સુખ-સુવિધાઓ હોવા છતાં તેઓ માનસિક રીતે અશાંત છે. નવી ટેકનોલોજીનો ઉપયોગ અનિવાર્ય છે, પરંતુ તેનો સદુપયોગ કરવો જોઈએ. આ સાથે જ તેમણે વાલીઓ અને શિક્ષકોને પણ માનસિક રીતે વધુ સક્ષમ બનવા અને બાળકો માટે પ્રેરણારૂપ બનવા હાકલ કરી હતી.

# ‘ચા’ માત્ર પીણું નહીં પણ શાંતિ અને સંબંધોનો સંગમ



**અબતક, રાજકોટ**

‘‘કૂણી સવારની એ પહેલી ચુસ્કી, થોડી ખાંડ અને થોડી આદુની મસ્તી... સંબંધોમાં ગરમાવો લાવે એવી આ ચા, જાણે હરેક દિલની એક મીઠી હસ્તી!‘‘ રાજકોટના લોકો માટે આ પંક્તિઓ માત્ર કવિતા નથી, પણ દરરોજ સવારની હકીકત છે. કહેવાય છે કે દુનિયામાં દરેક સમસ્યાનો ઉકેલ ભલે ન હોય, પણ જ્યારે હાથમાં ગરમાગરમ ચાનો કપ હોય ત્યારે દુનિયાની મોટી મોટી ચિંતાઓ પણ પળવારમાં નાની લાગવા માંડે છે. કોઈ માટે આ કદાચ ઉકાળેલું પાણી હશે, પણ રાજકોટીઓ માટે તો ’ચા એટલે સુકૂન’.

રાજકોટમાં ચાનું મહત્વ કોઈ સામાજિક સેતુથી ઓછું નથી. અહીં સવારના સૂરજનું સ્વાગત આદુ-એલચીની સુગંધિત ચાથી થાય છે અને રાત્રે મોડે સુધી શહેરના ચોકે-ચોકે ચાના કીટલાઓ પર મિત્રોની જમાવટ જોવા મળે છે. રાજકોટની અસલ ઓળખ તેની ખાણીપીણીની સાથે અહીંના અનોખા ’ટી-કલ્ચર’માં છુપાયેલી છે.



તસવીરઃ હર્ષ ઝીંઝુવાડીયા / દર્શન વાડોલીયા

### અબતકના વિશેષ કાર્યક્રમ ‘‘ચાય પે ચર્ચા’માં દિલાવરભાઈ પાણખાણીયા, અખિલભાઈ પાણખાણીયા અને જાફરભાઈ આલને ‘ચા’ અંગે વિશે રસપ્રદ માહિતી આપી

અબતકના વિશેષ કાર્યક્રમ ‘‘ચાય પે ચર્ચા’માં દિલાવરભાઈ પાણખાણીયા, અખિલભાઈ પાણખાણીયા અને જાફરભાઈ આલને પોતાની ’આરાધના ચા’ વિશે રસપ્રદ વિગતો આપતા જણાવ્યું હતું કે, આ સફર ૧૯૭૪માં ડી.એચ. કોલેજ સામે ફૂટપાથ પરથી શરૂ થઈ હતી. શરૂઆતમાં દિલાવરભાઈ અને જબારભાઈએ ફૂટપાથ પર બેસીને ચા વેચવાનું શરૂ કર્યું, જેમાં ૨૦૦૧માં જાફરભાઈ જોડાયા અને ત્યારબાદ આ ચા લોકોમાં ’ઝાફરની ચા’ તરીકે લોકપ્રિય બની. ૨૦૧૩માં આ ગુણવત્તાને કારણે જ રેડ એફએમ તરફથી ’બેસ્ટ ચા’નો એવોર્ડ મળ્યો હતો.

આ ચાની સૌથી મોટી વિશેષતા એ છે કે અહીં સ્વાદ સાથે ક્યારેય સમાધાન કરવામાં આવતું નથી. અખિલભાઈએ જણાવ્યું કે, તેઓ એક સાથે ૩ લિટરથી વધુ ચા બનાવતા નથી અને ક્યારેય ચાને બીજી વખત ગરમ કરવામાં આવતી નથી. ગ્રાહકો પોતાની નજર સામે જ લાઈવ ચા બનતી જુએ છે, જેનાથી તેમને સંતુષ્ટતા મળે છે. વધુમાં, તેમની ચામાં કોઈ પણ પ્રકારનો આર્ટિફિશિયલ બેઝ કે વધારાના મસાલા હોતા નથી; તેઓ માત્ર તાજું આદુ અને એલચીનો જ ઉપયોગ કરે છે.

વર્ષોના સંઘર્ષ, આયોજન અને હિંમતથી આજે આરાધના ગ્રુપે ગુજરાતભરમાં પોતાની ઓળખ બનાવી છે. ટૂંક સમયમાં તેઓ પોતાની ખાસ ’ચાઈ પત્તી’ પણ લોન્ચ કરવા જઈ રહ્યા છે, જેથી લોકો ઘરે પણ આ જ અસલી સ્વાદ માણી શકે.

આમ, રાજકોટની ફૂટપાથ પરથી શરૂ થયેલી આ સફર આજે હજારો ચા-પ્રેમીઓ માટે સુકૂનનું પર્યાય બની ગઈ છે. સાચે જ, રાજકોટના લોકોની નસોમાં લોહીની સાથે ’ચા’ પણ એટલી જ ઉષ્મા સાથે દોડે છે.

મહાત્મા ગાંધી
ગુજરાત સરકાર

વિકસિત ભારત વિકસિત ગુજરાત





## માનનીય વડાપ્રધાન
# શ્રી નરેન્દ્ર મોદીના
## વરદ હસ્તે

**₹19,800 કરોડ** થી વધુના વિકાસલક્ષી
વિવિધ પ્રકલ્પોનાં **લોકાર્પણ** અને **ખાતમુહૂર્ત**

**અતિથિ વિશેષ**

## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**વિશેષ ઉપસ્થિતિ**

**શ્રી હર્ષ સંઘવી**
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી શંકરભાઈ ચૌધરી**
માનનીય અધ્યક્ષ, વિધાનસભા, ગુજરાત

### કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પો

- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના 44 પ્રકલ્પો
- કેન્દ્રના માર્ગ પરિવહન તથા રાજમાર્ગ મંત્રાલયના 6 પ્રકલ્પો
- વિદ્યુત મંત્રાલય અને રેલવે મંત્રાલયના 3-3 પ્રકલ્પો
- જળ સંપત્તિ વિભાગના 5 પ્રકલ્પો
- ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC)ના 3 પ્રકલ્પો
- આરોગ્ય, પ્રવાસન તેમજ માર્ગ અને મકાન વિભાગના 2-2 પ્રકલ્પો
- પાણી પુરવઠા અને આદિજાતિ વિકાસ વિભાગના વિવિધ પ્રકલ્પો

**તારીખ: 31/3/2026 | સમય: સાંજે 04:00 વાગે | સ્થળ: નાણી, વાવ-થરાદ**

## વિકાસની ઐતિહાસિક ભેટ

**આરોગ્ય ક્ષેત્રે સુવિધાઓમાં વધારો**
1600થી વધુ દર્દીઓના પરિવારજનોને ન્યૂનતમ દરે રહેવા અને ભોજનની ઉત્તમ સગવડ મળશે

**રેલ કનેક્ટિવિટીમાં વધારો**
₹891 કરોડના રેલ પ્રકલ્પો દ્વારા 94 કિમી સુધી કનેક્ટિવિટી મજબૂત બનશે, મુસાફરી સરળ થશે અને અર્થતંત્રને વેગ મળશે

**અમદાવાદ-ધોલેરા SIR માર્ગમાં ઐતિહાસિક ગતિ**
₹5,105 કરોડના 109 કિમી એક્સપ્રેસ-વેથી મુસાફરીનો સમય આશરે 2 કલાક 15 મિનિટથી ઘટીને માત્ર 45 મિનિટ થશે. જે વેપાર, રોકાણ અને રોજગારી માટે નવી તકો સર્જાશે

**વિશ્વસનીય વીજ પુરવઠો**
₹3,645 કરોડના રોકાણ સાથે 6000 MVA + 4.5 GW ક્ષમતા અને આશરે 958 CKM ટ્રાન્સમિશન લાઈન નેટવર્કથી 30 લાખથી વધુ રહેણાંકોને અવિરત વીજ પ્રવાહ મળશે



**ટ્રાફિક સમસ્યામાં રાહત**
અડાલજના 1.02 કિ.મી. લાંબા ઓવરબ્રિજથી અન્નપૂર્ણા સર્કલ ખાતે ટ્રાફિક સમસ્યામાં રાહત, હજારો નાગરિકોનો દૈનિક પ્રવાસ વધુ સુગમ, સરળ અને સુરક્ષિત બનશે

**આદિજાતિ યુવાનોને શિક્ષણમાં નવી તકો**
628 વિદ્યાર્થીઓનો સમાવેશ ધરાવતી હોસ્ટેલસથી સુરક્ષિત રહેઠાણ, અભ્યાસ અને ભોજન જેવી સુવિધાઓ મળી રહેશે

**પર્યટનનો અનુભવ બનશે વધુ રોચક**
₹68 કરોડના પર્યટન પ્રકલ્પોથી મુલાકાતીઓ માટે હેરિટેજ સ્થળોની અનુભૂતિ આહલાદક બની રહેશે સ્થાનિક રોજગારીમાં વધારો થશે અને રાજ્યના સાંસ્કૃતિક વારસાને આધુનિકતાનો ઓપ મળશે

**ગ્રામીણ પરિવારોને સુરક્ષિત રહેઠાણ**
પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ 34 જિલ્લાના 38,949 આવાસોમાં ગૃહ પ્રવેશથી હજારો પરિવારોને સન્માનપૂર્ણ અને સુરક્ષિત જીવનનો આધાર મળશે

**જળ સુવિધાનું વિસ્તરણ**
110 કિમી લાંબી પાઈપલાઈનોનું નિર્માણ, 128 ગામોના 280 તળાવો નર્મદાના જળ સાથે જોડાયા, ગુજરાતના 92,000 એકર વિસ્તારને સિંચાઈનો બહોળો લાભ મળશે

**ઔદ્યોગિક વિકાસને મજબૂત આધાર**
સાણંદ-2 અને નરોડા GIDC સહિતના પ્રકલ્પોથી 2,416 હેક્ટર વિસ્તારમાં આશરે 1,150થી વધુ ઉદ્યોગોને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડ્રેનેજ, રસ્તા અને પરિવહન સુવિધાનો સીધો લાભ મળશે

કાર્યક્રમનું જીવંત પ્રસારણ ડીડી ન્યૂઝ ચેનલ પર DD NEWS

તંત્રી લેખ

# પાકિસ્તાનની નાપાક હરકતો હવે જગજાહેર

## ભારતની વૈશ્વિક આંતક્વાદ સામેની કૂટનીતિ સફળ

વિશ્વની સૌથી મોટી લોકશાહી ભારત હંમેશા વૈશ્વિક આંતકવાદ વિરુદ્ધ ઝઝૂમતું રહ્યું છે, અને હંમેશા પડોશી પાકિસ્તાનની આંતકી પ્રવૃત્તિઓનો માત્ર વિરોધ જ નહીં પરંતુ તે કારગતન નિવડે તેવા સફળ પ્રયત્ન કરી રહ્યું છે. પાકિસ્તાનની પ્રોક્સી વોર અને આતંકવાદીઓ ને પનાહ આપવાની પ્રવૃત્તિ નો વિશ્વ કક્ષાએ વિરોધ કરીને સમગ્ર વિશ્વને વારંવાર એ વાતની પ્રતીતિ કરાવે છે કે પાડોશી ધર્મ ભૂલીને પાકિસ્તાન હર હંમેશ ભારત વિરુદ્ધ ની ઈર્ષામાં આતંકવાદને પોશી રહ્યું છે,

રણ મેદાનમાં ક્યારે જીતવાની શક્તિ ન રાખનાર પાકિસ્તાન એમદુનિયા ઓળખી ગઈ છે. પાકિસ્તાન એક તરફ પશ્ચિમ એશિયાના દેશો વચ્ચે મધ્યસ્થી બનવાનો ગોળ કરે છે તો બીજી તરફ અમેરિકાએ તાજેતરમાં પાકિસ્તાનની સ્થિતિ જગ જાહેર કરી દીધી છે અમેરિકાના કોંગ્રેસ રિસર્ચ સર્વિસ ના નવા રિપોર્ટમાં પાકિસ્તાન હજુ ૧૫જેટલા મોટા આંતકવાદી સંગઠનો માટે સુરક્ષિત આશ્રય બનેલું છે લાયક ઓથી ચાલી રહેલા ઓપરેશન અને આંતકવાદ વિરોધી બીપીઓના દાવા છતાં પાકિસ્તાનની ધરતી આતંકવાદને પોષણ આપી રહી છે. અમેરિકન કંપનીના આ અહેવાલથી ભારતની વૈશ્વિક આંતકવાદ ને પાકિસ્તાન દ્વારા અપાતી હવા ની વાત સત્ય પુરવાર થઈ છે,

પાકિસ્તાન અત્યારે પાડોશીઓને પરેશાની આપવાની અને આંતકને પનાહ આપવાની પ્રવૃત્તિ માટે જગતમાં બદનામ થઈ ગયું છે. અમેરિકન સંસ્થાના અહેવાલમાં જણાવ્યું છે કે પાકિસ્તાન ૨૦૧૪માં નેશનલ એક્શન પ્લાન હેતલ તમામ જૂથોને ખતમ કરવા વાયદો કર્યો હતો પરંતુ વાસ્તવિકતા અલગ છે હાલમાં પાકિસ્તાનમાં ૧૫ જેટલા મુખ્ય આંતકવાદી જુઠો સક્રિય છે પાંચ અલગ અલગ શ્રેણીઓના આ જૂથમાં સક્રિય જૂથમાં અફઘાનિસ્તાન કેન્દ્રિત ભારત અને કાશ્મીર પાકિસ્તાની ઘરેલુ જૂથો અને કટર પરથી સંપ્રદાય જૂથોનો સમાવેશ થાય છે૧૫ સંગઠનમાંથી ૧૨ જુથોને તો અમેરિકાએ પોતે ફોરેન ટેરિટ ઓર્ગેનાઈઝેશન તરીકે જાહેર કરી દીધા છે તે ભારત માટે મોટી ઉપલબ્ધિ છે.

# બી. ટી. સવાણી કિડની હોસ્પિટલને "એક્સેલન્સ ઈન ટ્રસ્ટ હોસ્પિટલ" એવોર્ડ એનાયત




**અબતક, રાજકોટ**

રાજકોટ સ્થિત બી. ટી. સવાણી કિડની હોસ્પિટલને ગુજરાત હેલ્થકેર એક્સેલન્સ એવોર્ડ્સ ૨૦૨૬માં પ્રતિષ્ઠિત "Excellence in Trust Hospital" એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે. આ એવોર્ડ હોસ્પિટલ દ્વારા રાહત દરે આપવામાં આવતી ઉત્તમ અને વિશ્વસનીય આરોગ્ય સેવાઓની કદરરૂપ છે.

આ એવોડ નાનુભાઈ મકવાણા (ચેરમેન), અરુણભાઈ પટેલ (મેનેજિંગ ટ્રસ્ટી). પ્રતિકભાઈ દાઢાનિયા (ટ્રસ્ટી), ડો. દિવ્યેશ વિરોજા (કન્સલ્ટન્ટ નેફ્રોલોજિસ્ટ અને રીનલ ટ્રાન્સપ્લાન્ટ ફિઝિશિયન) તથા ડો. વિશાલ ભટ્ટ (સી.ઓ.ઓ.) દ્વારા હોસ્પિટલ વતી સ્વીકારવામાં આવ્યો હતો.

બી. ટી. સવાણી કિડની હોસ્પિટલ છેલ્લા ૨૪ વર્ષથી કિડની અને મૂત્રમાર્ગ સંબંધિત સારવારમાં અગ્રેસર રહી છે અને આધુનિક ટેકનોલોજી, નિષ્ણાત ડોકટરો અને દર્દી કેન્દ્રિત સેવાઓ દ્વારા સમાજમાં આરોગ્ય જાગૃતિ અને ઉત્તમ સારવાર પૂરી પાડે છે. જેમાં કિડની ટ્રાન્સપ્લાન્ટ અને અત્યાધુનિક રોબોટિક સર્જરીનો પણ સમાવેશ થાય છે.

હોસ્પિટલના મેનેજમેન્ટે આ સિદ્ધિને સમગ્ર ટીમના અથાગ પ્રયત્નો અને દર્દીઓના વિશ્વાસનું પરિણામ ગણાવ્યું છે અને ભવિષ્યમાં પણ વધુ ઉત્તમ આરોગ્ય સેવાઓ આપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે.

માનવ ઉત્કર્ષ મહોત્સવ અંતર્ગત

# બીએપીએસના એક્તા સમારોહમાં અપૂર્વમૂનિ સ્વામીએ યુનિટી ઈન ડાઈવસિટી વિષયે આપ્યું માર્ગદર્શન



**અબતક, રાજકોટ**

બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિર રાજકોટ દ્વારા મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી આવનારા દિવસો તારીખ ૧૧ થી ૧૭ એપ્રિલ દરમિયાન રાજકોટના રેસકોર્સ મેદાનમાં યોજાનારા 'માનવ ઉત્કર્ષ મહોત્સવ' જેમાં બી.એ.પી.એસ સ્વામિનારાયણ સંસ્થાના વિદ્વાન સંત અને આંતરરાષ્ટ્રીય વક્તા અપૂર્વમુનિ સ્વામી વિધ-વિધ વિષયો ઉપર રાજકોટવાસીઓને અનેરી પ્રેરણા તેમજ માર્ગદર્શન પૂરું પાડશે. આ મહોત્સવ અંતર્ગત બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિર કાલાવડ રોડ રાજકોટ ખાતે સાંજે ૫:૩૦ થી ૭:૩૦ દરમિયાન શહેરના વિવિધ અગ્રણીઓનો 'એકતા સમારોહ' યોજવામાં આવ્યો હતો. આ સમારંભના પ્રારંભિક તબક્કામાં પૂજ્ય અપૂર્વમુની સ્વામી એ યુનિટી ઈન ડાઈવર્સીટી કહેતા વિવિધતામાં એક્તા વિષયક પ્રેરણાદાયી વક્તવ્યથી વર્તમાન સમયમાં ચાલતા પ્રશ્નો, સમસ્યાઓ અને કઠિનાઈઓ વચ્ચે કેવી રીતે એકતા રાખી સમાજ અને રાષ્ટ્રના ઉત્કર્ષ તરફ આગળ વધવાનું છે તે અનુરૂપ અદભુત માર્ગદર્શન રસપ્રદ વીડિયો સાથે પૂરું પાડ્યું હતું.

રાજકોટ શહેરના અનેક અગ્રણીઓએ બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાના ભેદભાવ રહિત અને માનવ માત્રના ઉત્કર્ષના આ કાર્યમાં જોડાવા માટે સહુ કોઈને અપીલ કરી હતી. આ સમારોહના અંતમાં ઉપસ્થિત અગ્રણીઓને સન્માનવામાં આવ્યા હતા. એક્તાના સંદેશની સુરાવલીઓ સાથે અને માનવ ઉત્કર્ષ મહોત્સવને સફળ બનાવવાના સંકલ્પ સાથે આ સમારોહ પૂર્ણ થયો હતો.

# આઈસીએઆઈની ટીમે બેંક ઓડિટ વિષય પર માર્ગદર્શન આપ્યું

## બેંક બ્રાંચ ઓડિટ કોન્ફરન્સ વિષય પર સેમિનાર યોજાયો: વિદ્યાર્થીઓ અને સીએએ હાજરી આપી





**અબતક,રાજકોટ**

આઈસીએઆઈ રાજકોટ દ્વારા સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સ દરમિયાન બેંક ઓડિટ સંબંધિત વિવિધ મહત્વપૂર્ણ અને વર્તમાન મુદ્દાઓ પર દેશભરના પ્રતિષ્ઠિત નિષ્ણાતોએ વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. ઉપસ્થિત સભ્યોને વ્યાવસાયિક જ્ઞાનમાં વધારો થવા સાથે તેમની પ્રેક્ટિકલ સમસ્યાઓના યોગ્ય ઉકેલો પ્રાપ્ત થયા હતા.

કોન્ફરન્સના પ્રથમ સેશનમાં સીએ મહર્ષિ શુક્લા (અમદાવાદ) દ્વારા ઓડિટ ડોક્યુમેન્ટેશન અને પ્લાનિંગ વિષય પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ અભિજિત સાન્ઝગિરી (મુંબઈ) દ્વારા વિગતવાર સમજણ આપવામાં આવી હતી. દિવસના અંતિમ સેશનમાં સીએ હિતેશ પોમલ (અમદાવાદ) દ્વાર બેંક ઓડિટ વિષય પર પ્રેક્ટિકલ અભિગમ સાથે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

બીજા દિવસે સીએ કેતન સૈયા (મુંબઈ) દ્વારા ઓડીટ ઓફ એડવાન્સ વિષય પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ સીએ કુંતલ શાહ (અમદાવાદ) દ્વારા વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. અંતિમ સેશનમાં સીએ હર્ષિદ પટેલ (અમદાવાદ) દ્વારા આધુનિક ટેકનોલોજીના ઉપયોગ અંગે મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવી હતી.

કોન્ફરન્સ દરમિયાન રાજકોટ તથા આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, તથા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી. સભ્યોએ કોન્ફરન્સને અત્યંત ઉપયોગી, પ્રેક્ટિકલ અને વર્તમાન બેંક ઓડિટ પરિસ્થિતિને અનુરૂપ ગણાવી હતી. કાર્યક્રમ દરમિયાન સભ્યોને પરસ્પર નેટવર્કિંગ અને વિચારોના આદાન-પ્રદાન માટે ઉત્તમ તક મળી હતી.

# ગુજરાતના રંજનબેન ચૌહાણને નવી દિલ્હીમાં ભારત વુમન એચિવ એવોર્ડ એનાયત




**અબતક, રાજકોટ**

દેશની રાજધાની નવીદિલ્હી ખાતે ભારતીય આદિમ જાતી સેવા સંઘ ના રાષ્ટ્રીય મહિલા અધ્યક્ષ રંજનબેન ચૌહાણને વિકસિત ભારત વુમન અચીવ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

સમગ્ર દેશમાં અલગ અલગ રાજ્યમાંથી આવેલા જન પ્રતિનિધિઓમાં ગુજરાતમાંથી માત્ર રંજનબેન ચૌહાણ ને એવોર્ડ કરવામાં આવ્યો છે, રંજનબેન ચૌહાણને વિકસિત ભારત વુમન અચિવર એવોર્ડ ૨૦૨૬ એનાયત કરવામાં આવ્યું હતું.જે ગુજરાત માટે ગૌરવની બાબત છે રંજનબેન ચૌહાણને દિલ્હી માં આ બીજો એવોર્ડ મળ્યો છે જે ગુજરાત માટે ગૌરવ રૂપ છે રંજન બેન ચૌહાણ ની આ સિદ્ધિ બદલ ગુજરાત સહિત સમગ્ર દેશમાંથી શુભેચ્છાઓ મળી રહી છે

# જનકલ્યાણ ટ્રસ્ટને મળ્યું ૭૨૮મું ચક્ષુદાન



**અબતક, રાજકોટ**

કુસુમબેન હેમતસિંહ રાઠોડનું અવસાન થતાં તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યામ ટ્રસ્ટની પ્રેરમાથી ચક્ષુદાન કરેલ છે. તે ખુબ જ અનુકરણીય ઉદાહરણ પુરુપાડ્યું છે. જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટની પ્રેરણાથી આ અંગદાન, ત્વચાદાન, ચક્ષુદાન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૭૨૮મું ચક્ષુદાન કરેલ છે. માર્ચ ૨૬ માં આઠમું ચક્ષુદાન થયેલ છે. સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન, માટે જનકલ્યામ ટ્રસ્ટના ચેરમેન ઉમેશ મહેતા ૯૪૨૮૫ ૦૬૦૧૧નો સંપર્ક કરવા જણાવ્યું છે.

# અરવિંદભાઈ મણિયાર જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા કાલે નિ:શુલ્ક આરોગ્ય કેમ્પ

**અબતક, રાજકોટ**

શ્રી અરવિંદભાઈ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટના માધ્યમથી તારીખ ૧લી એપ્રિલ બુધવારે સવારે ૯:૦૦ થી ૧:૦૦ હોટલ પેટ્રીયા સ્યુટસ, એરપોર્ટ રોડ, રાજકોટ ખાતે તદન ફ્રી(નિ:શુલ્ક) આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

આ કેમ્પમાં દાંતના રોગોની સારવાર દંતવેધ ભરતભાઈ વ્યાસ દ્વારા પૌરાણિક જલંધરબંધ યોગપદ્ધતિ દ્વારા દંતને લગતી સમસ્યાઓનું નિદાન અને સારવાર કરવામાં આવશે. પ્રાણીક હિલિંગ થેરાપી દ્વારા મહેન્દ્રભાઈ મે સારવાર આપશે. આ ઉપરાંત અરવિંદભાઈ વાળા દ્વારા ફિઝિયોથેરાપી સારવાર આપવામાં આવશે. મહેશભાઈ ચાવડા દ્વારા સુજોક થેરેપી સારવાર આપવામાં આવશે. બી.પી, ડાયાબીટીસનો રિપોર્ટ સેલસ હોસ્પિટલની ટીમ દ્વારા કરવામાં આવશે. ડો.જીત ગાંધી દ્વારા ઓર્થોપેડીક સારવાર આપવામાં આવશે. કામેન્દુભાઈ આચાર્ય દ્વારા તંદુરસ્ત જીવન જીવવા માટે માર્ગદર્શન આપવામાં આવશે. આ ઉપરાંત ચિંતા, તણાવ, ડિપ્રેશન, પર્સનાલિટી જેવી મેન્ટલ હેલ્થને લગતી બાબતોના નિદાન માટે રેણુકાબેન મહેતા માર્ગદર્શન આપશે.

કેમ્પ હોટલ પેટ્રીયા સ્યુટ્સ, એરપોર્ટ રોડ, રાજકોટ ખાતે તા.૦૧/૦૪/૨૦૨૬, બુધવારે સવારે ૯ થી ૧ કલાકે યોજાશે.

# પૂનામાં મીનાજી મહાસતીજીની નિશ્રામાં આયંબિલ આરાધના



**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર સ્થાનકવાસી જૈન સંઘ દોઢિવાલા જૈન ભવન, પૂના ખાતે પૂ. ધીરગુરુદેવના અજ્ઞાનુવર્તી નર્મદ-વિનય ગુરુણીના સુશિષ્યા, મીનાજી મ.સ., સુનંદાજી, મ.સ.ની નિશ્રામાં ૫૬ આયંબિલની ઓળી સહિત મહાવીર જયંતિની ત્રિશલાનંદવીર કી જય બોલો મહાવીર કી ના જયનાદે ઉજવાયેલ. પૂ. કિરણબાઈ મ.સ. જાગૃતિબાઈ મ.સ.નું નિલન થયેલ. ધર્મેન્દ્ર ઋષિજીના સંસારી માતા-પિતા નવલબેન ઓતમચંદ અવલાણીએ લીધેલ છે. તેલ અને ઘી નહીં, દહીની કોઈ આશા નહીં, પાન-માવા મુખવાસ નહીં એનું નામ આયંબિલ છે.

જલગાંવમાં માલિનીબેન કિશોરભાઈ સંઘવી-સંભવનાથ ઉપાશ્રયે વિમળાજી મ.સ. પદમાજી મ.સ. ઠાણા-૩ની નિશ્રામાં આયંબિલ તપની ઓળી ૨૯ અને જિજ્ઞાજી મ.સ.ની ૩૯મી વર્ધમાન તપની ઓળી ઉજવાશે. આયંબિલ ભવન નામકરણનો લાભ પૂ.

# તલગાજરડાથી શરૂ થયેલા ચકલી માળા અભિયાનનું કુંઢેલી શાળામાં સમાપન

## અગ્રણી નાનુભાઈ ડાખરા અને મૂકેશ પંડિતની ઉપસ્થિતિમાં ચકલીના માળાનું વિતરણ



**અબતક, રાજકોટ**

તલગાજરડાથી મોરારિબાપુને અર્પણ કરી શરૂ થયેલ ચકલી માળા અભિયાનનું કુંઢેલી શાળામાં સમાપન થયું છે. કાર્યકર્તા રમેશભાઈ નાકરાણી પ્રેરિત અભિયાનમાં અગ્રણી નાનુભાઈ ડાખરા અને મૂકેશ પંડિતની ઉપસ્થિતિમાં ચકલી માળા વિતરણ થયું હતું.

ઈશ્વરિયાના વતની અને ઉગામેડી સ્થિત નિવૃત્ત આચાર્ય અને પર્યાવરણ કાર્યકર્તા રમેશભાઈ નાકરાણી પ્રેરિત અભિયાનમાં દાતા રહેલ સ્વ. ભૂપતભાઈ મોરડિયા પરિવાર દ્વારા ચકલીમાળાનું બોટાદ અને ભાવનગર જિલ્લામાં વિતરણ કરવામાં આવ્યું છે. ચિત્રકુટધામ તલગાજરડાથી મોરારિબાપુને અર્પણ કરી શરૂ થયેલ ચકલી માળા અભિયાનનું કુંઢેલી શાળામાં યોજાયેલ કાર્યક્રમ સાથે સમાપન થયું છે.

કુંઢેલી પ્રાથમિક શાળામાં શિક્ષક જીતુભાઈ જોષીના સંચાલન સાથે ચકલી માળા વિતરણ વેળાએ શિક્ષણ વિભાગના દીપકભાઈ મોભની પણ ઉપસ્થિતિ રહી. શિક્ષકગણ નરેશભાઈ બારૈયા, અલ્પાબેન સોલંકી તથા સંગીતાબેન કાપડિયા જોડાયાં હતાં.

# ગ્રંથપાલ ભારતી આયોજીત નિબંધ સ્પર્ધાના વિજેતાને સન્માનીત કરાયા

## અલગ અલગ ૧૨ વિષયો પર નિબંધ સ્પર્ધા યોજાઈ હતી




**અબતક, રાજકોટ**

ગ્રંથાલય ભારતી સૌરાષ્ટ્ર પ્રાંત દ્વારા " રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ" નિમિત્તે યોજવામાં આવેલી રાજ્ય કક્ષાની નિબંધ સ્પર્ધાના વિજેતાઓને સ્મૃતિ ચિન્હ શિલ્ડ અને તમામ સ્પર્ધકોને પ્રમાણપત્રથી સન્માનિત કરવાનો કાર્યક્રમ રાજકોટ ખાતે યોજાઈ ગયો.

આ નિબંધ સ્પર્ધા ચાર વિભાગમાં અને ૧૨ વિષયો ઉપર યોજવામાં આવેલ હતી. સમગ્ર ગુજરાતમાંથી ૧૫ જીલ્લાના કુલ ૭૫૦ સ્પર્ધકોએ ભાગ લીધેલો હતો, જેમાંથી પ્રથમ ત્રણ ૩૭ સ્પર્ધકોને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માન. કાર્યક્રમના મુખ્ય વક્તા ડો. વિરમભાઈ સાંબડ દ્વારા પ્રાસંગિક વકતવ્યમાં જણાવ્યું કે , ગ્રંથાલયો એ સમાજની વિદ્યાપીઠ છે. વાંચન દ્વારા લોકોમાં જ્ઞાનનું વિસ્તરણ થાય છે અને સમાજ જીવનના મૂલ્યોમાં આમૂલ પરિવર્તન આવે છે. ગ્રંથાલય ભારતીના અધ્યક્ષ ડો. નરેન્દ્રભાઈ દવે એ જણાવ્યું હતું કે, નિબંધ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓમાં વાંચન સંસ્કારના બીજ રોપવા માટેનો એક અભિનવ પ્રયોગ છે, જે વિદ્યાર્થી જીવન ઘડતર માટેનો મહત્વપૂર્ણ ભાગ છે.

આ પ્રસંગે નિબંધ સ્પર્ધાના નિર્ણાયકો શીતલબેન ભાડેશિયા, શ્વેતાબેન સોઢા અને નરેન્દ્રભાઈ આરદેસણાએ સ્પર્ધકોના નિબંધ મૂલ્યાંકન અંગે પોતાના વિચારો વ્યકત કરતા જણાવ્યું હતું કે, નિબંધ લેખનમાં વ્યાકરણ શુદ્ધિ, વિષયના મુદ્દાઓની છણાવટ અને સારા અક્ષર શુદ્ધિ અંગે માર્ગદર્શન આપેલું. આ તકે ઉપસ્થિત નિર્ણાયકોનું પણ સ્મૃતિ ચિન્હ અને પ્રમાણપત્રથી અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મહિલા પ્રતિનિધિ અને ગ્રંથાલય વિજ્ઞાનમાં પી. એચ. ડી. ડિગ્રી મેળવનાર ડો.સોનલબેન જોષીનું અભિવાદન કરવામાં આવેલું.

આ કાર્યક્રમનું સંચાલન કાર્યાલય પ્રમુખ શ્રી જયેશભાઈ સંઘાણીએ કર્યું હતું.

કાર્યક્રમની સફળતા માટે કોષાધ્યક્ષ ધવલભાઈ જોશી, મીડિયા પ્રભારી હિતેષભાઈ ત્રિવેદી, ડો. સોનલબેન જોશી, મનીષાબેન મકવાણા,કેતનભાઈ પરમાર તથા કલ્પેશભાઈ છાયાવગેરે કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

# લોક વિજ્ઞાન કેન્દ્રમાં કઠપુતળીનો શો અને તેને બનાવવાનો વર્કશોપ યોજાશે

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન અને મહાનગરપાલિકા સ્થાપિત ગુજકોસ્ટ પુરસ્કૃત ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર વીમેન્સ સાયન્સ કલબ દ્વારા એક નવીન વર્કશોપનું આયોજન કરવામાં આવેલ છે.

આ નિ:શુલ્ક વર્કશોપમાં ભાગ લેવા ઈચ્છુક દરેકે રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત હોવાથી ૩ એપ્રિલ ૨૬ સુધીમાં ૧૦:૩૦ થી ૫:૩૦ દરમિયાન લોક વિજ્ઞાન કેન્દ્ર ઉપર રૂબરૂ અથવા મો. ૯૯૨૪૩૬૭૮૪૪ પર નામ નોંધાવી વર્કશાપેમાં ભાગ લેવા અનુરોધ કરાયો છે.

સર્જનોનાં દર્શનોમાં ચેતના ખોવાઇ ગઇ,
મૂર્તમંત કરવાને મથતી કલ્પના ખોવાઇ ગઇ,
તું ગગન સામે નજર કરતો રહ્યો સાબિર અને
ચરણો નીચે જે હતી તે પણ ધરા ખોવાઇ ગઇ,



સ્વ. દિપકભાઇ સુમતિચંદ્ર શાહ (તા. ૩૧-૦૩-૨૦૨૦)

હોઇશ જો હું ફૂલ કરમાઇ જવાનો
દીવો જો હું હોઇશ તો બુઝાઇ જવાનો
સ્મૃતિ રૂપેય રહીશ તો સિક્કાની જેમ હું
અહીંયાથી ત્યાં પહોંચતા ખરચાઇ જવાનો

સ્મિતાબેન-અજીતકુમાર | મીતા
દીર્ઘાયુ-સમૃધ્ધિ-જીગર | ખુશાલી-સ્તુતિ
સેલ સર્વિસ સીન્ડીકેટ

રાજકોટના યુનિવર્સિટી રોડ પર સમનવ્ય સુલભ એપાર્ટમેન્ટની ઘટના

# સર્વિસ રિવોલ્વરથી આશ્ચર્યજનક રીતે ફાયર થતાં પીએસઆઈ અને સ્ત્રી મિત્ર ઘવાયા

## સાફ કરતી વેળાએ આકસ્મિક રીતે ભડાકો થઈ ગયાનું પોલીસનું રટણ : ભૂલ ભૂલમાં હથિયાર લોડ થઈ જાય અને ટ્રીગર પણ દબાઈ જાય તેં વાત ગળે કેમ ઉતરે?

### પીએસઆઈ પંડ્યા અને મહિલા મિત્ર પૂજાબેનને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા

### બનાવને પગલે ડીસીપી રાકેશ દેસાઈ, પીઆઈ એમ એલ ડામોર સહિતનો કાફલો દોડી ગયો


**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના યુનિવર્સીટી રોડ પર આવેલા સમનવ્ય સુલભ એપાર્ટમેન્ટમાં ગત રાત્રિના એક આશ્ચર્યજનક બનાવ બનવા પામ્યો હતો. જેમાં એપાર્ટમેન્ટના ફ્લેટમાં હાજર સાયબર ક્રાઈમ પોલિસ મથકના પીએસઆઈ એન કે પંડ્યાની સર્વિસ રિવોલ્વરથી આકસ્મિક રીતે ફાયર થઈ જતાં ફોજદાર અને તેમની સાથે ફ્લેટમાં હાજર મહિલા મિત્રને ગોળી વાગી ગઈ હતી. જે બાદ બંનેને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બીજી બાજુ બનાવને પગલે ડીસીપી સહીતનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો.

સમગ્ર ઘટના અંગે પોલિસમાંથી મળતી માહિતી અનુસાર ગત રાત્રિના ૧૦:૩૦ વાગ્યે અગાઉ યુનિવર્સીટી પોલિસ મથકમાં ફરજ બજાવતા અને હાલ સાયબર ક્રાઈમ પોલિસ મથકે નોકરી ધરાવતા પીએસઆઈ નીતિન કે. પંડ્યા પોતાના યુનિવર્સીટી રોડ પર જે કે ચોક નજીક આવેલા સમનવ્ય સુલભ એપાર્ટમેન્ટ સ્થિત ફ્લેટ નં. એ-૪૦૪ માં હાજર હતા. અહીં તેમની સાથે તેમના મહિલા મિત્ર પૂજાબેન પણ હાજર હતા. પીએસઆઈ એન કે પંડ્યા પોતાની સર્વિસ રિવોલ્વર(પિસ્ટલ) સાફ કરી રહ્યા હતા. દરમિયાન આકસ્મિક રીતે હથિયાર લોડ થઈ ગયું હતું અને બાદમાં ટ્રીગર પણ આકસ્મિક રીતે જ દબાઈ જતાં એક રાઉન્ડ ફાયર હતું. જેમાં પીએસઆઈ પંડ્યાને જમણા હાથે બાવડાના ભાગે જયારે મહિલા મિત્ર પૂજાબેનને ડાબા પડખાના ભાગે ઈજા પહોંચી હતી.

**એક જ રાઉન્ડ ફાયર થયું પણ પીએસઆઈને હાથમાં જયારે મહિલા મિત્રને ડાબા પડખામાં ગોળી વાગી ગઈ**

બનાવને પગલે એપાર્ટમેન્ટના રહીશ પૈકી બંને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જયારે બીજી બાજુ સ્થાનિકો અને હોસ્પિટલ તંત્ર દ્વારા જાણ કરવામાં આવતા યુનિવર્સીટી પોલિસ મથકના ઈન્ચાર્જ પીઆઈ એમ એલ ડામોર અને પીએસઆઈ વી જી ડોડીયા સહીતની ટીમો બનાવસ્થળે અને હોસ્પિટલ ખાતે દોડી ગઈ હતી. થોડી જ વારમાં ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઈ પણ આવી પહોંચ્યા હતા. હવે આખેઆખી ઘટનામાં અનેક મુદ્દા શંકા ઉપજાવનાર છે. જેમાં તમામ પોલિસમેનોને હથિયાર સાફ કરવા અંગેની પુરેપુરી ટ્રેનિંગ આપવામાં આવતી હોય છે તો શું પીએસઆઈ પંડ્યાને આ ટ્રેનિંગ નથી મળી? સાફ કરતી વેળાએ સર્વિસ રિવોલ્વર આકસ્મિક રીતે લોડ થઈ જવી અને એટલું જ નહિ ટ્રીગર પર આંગળી મુકાઈ જવી અને ફાયર થઈ જવું? આ બંને બાબતો એક સાથે આકસ્મિક રીતે બનવી થોડી ગળે ઉતરે એવી નથી. વધુમાં રાત્રિના સમયે મહિલા મિત્ર પીએસઆઈના ફ્લેટમાં શું કરી રહ્યા હતા? તેં પણ મોટો સવાલ છે.





### અગાઉ બસ સ્ટેન્ડ ચોકીમાં પીએસઆઈ ચાવડા દ્વારા થયેલા ફાયરિંગમાં સ્પા સંચાલકનું મોત થયું'તું

**ફોજદાર વિરૂદ્ધ સાપરાધ મનુષ્ય વધનો ગુનો નોંધી ધરપકડ પણ કરાઈ'તી**

રાજકોટ શહેરમાં વર્ષ ૨૦૨૦ માં હંગામી ધોરણે શાસ્ત્રી મેદાનમાં ઉભું કરવામાં આવેલા બસ સ્ટેશનની પોલીસ ચોકીમાં પીએસઆઈ પ્રદીપસિંહ ચાવડાની સર્વિસ રિવોલ્વરની ગોળી વાગતાં હિમાંશુ ગોહેલ નામના સ્પા સંચાલકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. મૃતક અને પી.એસ.આઇ ચાવડા છેલ્લા ઘણા સમયથી સંપર્કમાં હોવાનું પણ ખૂલ્યું હતું. સાથે જ બનાવનાર બે દિવસ પૂર્વે પીએસઆઇ ચાવડા હિમાંશુના સ્પા સેન્ટર બહાર મળ્યા હોવાના સીસીટીવી ફૂટેજ પણ બહાર આવ્યા હતા. આ મામલે પોલીસે સાપરાધ મનુષ્યવધની કલમો હેઠળ ગુનો નોંધી પીએસઆઈ ચાડવાની ધરપકડ કરી હતી.


# સોપાન હાઈટ્સમાં માસૂમ ભાઈ-બહેનનું સ્વિમિંગ પૂલમાં ડૂબી જવાથી કરૂણ મોત

**પૂલમાં બહેન ડૂબી જતા તેને બચાવવા જતાં ભાઈએ પણ જીવ ગુમાવ્યો, માતા-પિતા સફાઈ કામમાં વ્યસ્ત હતા અને રમતાં-રમતાં બાળકો પૂલ સુધી પહોંચી ગયા**

**અબતક, રાજકોટ**

શહેરના રૈયાધાર વિસ્તારમાં આવેલી સોપાન હાઈટ્સ બિલ્ડિંગના સ્વિમિંગ પૂલમાં ન્હાવા પડેલી ૫ વર્ષની બહેનને ડૂબતી જોઈ તેને બચાવવા ગયેલા ૭ વર્ષના ભાઈનું પણ ડૂબી જવાથી મોત નીપજ્યું છે. હજુ ૧૫ દિવસ પહેલા જ રોજગારીની શોધમાં નેપાળથી રાજકોટ આવેલા પરિવારમાં અરેટાટી વ્યાપી ગઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, સોપાન હાઈટ્સમાં મજૂરી કામ કરતા કરણભાઈ ભંડેરીના બે સંતાનો, દિપેશ (૭ વર્ષ) અને દિપ્સિકા (૫ વર્ષ) બપોરના સમયે રમતા-રમતા બિલ્ડિંગના પાછળના ભાગે આવેલા સ્વિમિંગ પૂલ પાસે પહોંચી ગયા હતા. પૂલમાં ન્હાવા ઉતરેલી માસૂમ દિપ્સિકા અચાનક પાણીમાં ડૂબવા લાગી હતી. પોતાની વહાલી બહેનને મોત સામે ઝઝૂમતી જોઈ મોટો ભાઈ દિપેશ તેને બચાવવા માટે પાણીમાં કૂદ્યો હતો. જોકે, કમનસીબે બંને બાળકો ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. પડોશીએ બાળકોને પાણીમાં તરતા જોઈ તુરંત બહાર કાઢ્યા હતા અને ૧૦૮ મારફતે જનાના હોસ્પિટલ ખસેડ્યા હતા, પરંતુ ફરજ પરના તબીબોએ બંનેને મૃત જાહેર કર્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ નેપાળી પરિવાર ગઈકાલે જ પોતાના વતન જવા માટે નીકળવાનો હતો. ૧૫ દિવસ પહેલા જ તેઓ રાજકોટ આવ્યા હતા. ઘટના સમયે બાળકોના પિતા કરણભાઈ ઘરે હતા અને માતા નજીકના ફ્લેટમાં ઘરકામ કરવા ગયા હતા. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. યુનિવર્સિટી પોલીસ મથકના સ્ટાફે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે.



# પોકસોના કેસમાં હાઈકોર્ટની શરત રદ કરવાની અરજી ફગાવાઈ

**સાહેદો અને સાક્ષીઓને તપાસવાના બાકી છે, હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટે શરતમાં ફેરફાર કરવાનું નકાર્યું હોવાની દલીલો**

**અબતક,રાજકોટ**

શહેરમાં પોકસોની કલમો હેઠળ ગુનો નોંધાયાના કિસ્સામાં હાઈકોર્ટ દ્વારા આરોપીની જામીન અરજી મંજૂર કરવામાં રખાયેલી રાજકોટ પ્રવેશબંધીની શરત દૂર કરવાની આરોપીએ કરેલી અરજી સેશન્સ કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવી છે.રાજકોટના રહેવાસી એડવોકેટ સંજય એચ. પંડિત ઉપર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં પોકસો અને દુષ્કમની ફરિયાદ દાખલ થઈ હતી. જે ગુનાના કામમાં એડવોકેટ સંજય પંડિતને હાઈકોર્ટ દ્વારા શરતોને આધીન જામીન ઉપર મુકત કરેલ હતા. જે જામીન અરજીની શરતો પૈકી રાજકોટ જિલ્લામાં કોર્ટની મુદત સિવાય પ્રવેશ ન કરવો દરમિયાન પોકસો કેસના આરોપી એડવોકેટ સંજય પંડિતે જામીનની આ શરત રદ કરવાની સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી. મુળ ફરીયાદી અને ભોગ બનનાર બન્ને મુખ્ય સાહેદોની જુબાની અને ઉલટ તપાસ લેવાઈ ગયેલ છે. સરકારી સાહેદો બાકી છે, આ કેસને ૨૭ માસ જેટલો સમય થયેલ છે ફરીયાદપક્ષને કોઈ નુકસાન પહોચાડેલ નથી, સંજોગો બદલાયા હોય તેવુ જણાવીને રાજકોટમાં પ્રવેશબંધીવાળી શરત રદ કરવા માંગણી કરી હતી.આરોપીની આ માગણી સામે મુળ ફરીયાદ પક્ષના એડવોકેટ સંજય એચ. પંડ્યા, સરકારી વકીલ પ્રશાંતભાઈ પટેલે અને એ-ડિવિઝન પોલીસ સ્ટેશનના તપાસ કરનાર અધીકારીએ લેખીતમા વાંધાઓ રજુ કર્યા હતા. જેમાં અગાઉ હાઈકોર્ટ તથા સુપ્રીમ કોર્ટે એ શરતમાં ફેરફાર કરવાની મંજુરી આપેલ નથી. સેશન્સ કોર્ટે બન્ને પક્ષોની દલીલો ધ્યાને લઈ અરજી રદ કરતો હુકમ ફરમાવેલ છે. આ કેસમાં સરકાર પક્ષે એપીપી પ્રશાંત પટેલ તેમજ મુળ ફરીયાદી તરફે એડવોકેટ સંજય એચ. પંડયા, મનીષ એચ. પંડયા તથા જયદેવસિંહ ચૌહાણ, વનરાજસિંહ જાડેજા તથા દક્ષાબા એમ. જાડેજા રોકાયા હતા.

# દુષ્કર્મના ગુનામાં આરોપી જેઠના આગોતરા જામીન હાઈકોર્ટ દ્વારા મંજૂર

**ફરીયાદીએ અગાઉ કોઈ નજીકની વ્યક્તિને જાણ કરી હોવાનું જણાતું ફરિયાદ શંકાસ્પદ હોવાની દલીલો થઈ**

**અબતક,રાજકોટ**

રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં રહેતા પરિવારની નાનાભાઈની પત્ની સાથે શારીરિક સંબંધ બાંધવાના ગુનામાં જેઠની આગોતરા જમીન અરજી હાઈકોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવી છે.આ અંગેની ફરિયાદની હકીકત મુજબ, વર્ષ ૨૦૧૧નાં જુન મહિનામાં વતન ઝારખંડ ખાતે અગ્રવાલ પરિવારમાં થયેલા લગ્ન બાદ કામ ધંધા માટે રાજકોટ મુકામે સંયુકત પરીવારમાં વસવાટ દરમિયાન પરિણીતા ઉપર (નાના ભાઈના પત્ની) જેઠ રવિ અગ્રવાલ તેણીને ખરાબ નજરે જોતા હોય અવારનવાર અડપલા કરતા હોય, પરિણીતાનો પુત્ર નવ માસનો હતો, ત્યારે ડિસેમ્બર ૨૦૧૩માં તેણી તેના પતિ અને પુત્ર સાથે અલગ રહેવા ગયા હતા, ત્યારબાદ પણ રવિ અગ્રવાલ ત્યાં વારંવાર કોઈ ને કોઈ કામના બહાને ધસી જઈને ધમકી આપી અવારનવાર બળજબરીથી પરિણીતા સાથે શારીરિક સંબંધ બાંધી, જો આ વાત કોઈને કરશે તો તેણીને બરબાદ કરી દેશે, જે મતલબની ફરીયાદ પરિણીતા દ્વારા રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં આરોપી રવિ અગ્રવાલ વિરૂદ્ધ બળાત્કાર, છેડતી અને ધમકીની કલમો હેઠળ આપવામાં આવી હતી. આથી આરોપી રવિ અગ્રવાલ દ્વારા પોતાના વકીલ મારફત ધરપકડથી બચવા માટે ગુજરાત હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી કરવામાં આવી હતી. જે જામીન અરજી ચાલવા પર આવતા આરોપીના વકીલ દ્વારા હાલની ફરીયાદ ખોટી રીતે, મિલ્કતમાં હિસ્સો મેળવવા તેમજ તેની પાસે પૈસા પડાવવા માટેના બદઈરાદે ઘણા લાંબા સમય બાદ ખોટી ફરીયાદ કરેલ હોવાના મતલબની દલીલો કરી હતી. જે ધ્યાને લઈ હાઈકોર્ટે આક્ષેપાયેલ સમય એટલે કે ૨૦૧૧ થી ૨૦૨૪ સુધી ક્યારેય પરિણીતા દ્વારા આવા કહેવાતા બનાવ અંગે કોઈ ફરીયાદ કરવામાં આવેલ ન હોય અને તેની નજીકનાં વ્યક્તિને પણ આવા બનાવ અંગેની કોઈ વાત કરવામાં આવેલ હોય તેવું જણાઈ આવતું ન હોય, આરોપી પ્રતિષ્ઠિત વ્યક્તિ હોય તેનો અગાઉનો કોઈ ગુન્હાહિત ઈતિહાસ ન હોય તેમ ઠરાવી આરોપી રવિ અગ્રવાલની આગોતરા જામીન અરજી મંજુર કરવામાં આવી હતી. આ કામમાં હાઈકોર્ટમાં આરોપી વતી એડવોકેટસ તેજસ બારોટ, મોહમ્મદ ઝૈદ સૈયદ, રાજકોટનાં રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, રવિભાઈ લાલ, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, જીતભાઈ શાહ, દીપકભાઈ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરંજા, યુવરાજસિંહ ગોહિલ તથા પ્રેમરાજસિંહ પરમાર રોકાયા હતા.



રૂપરાજસિંહ પરમાર (આરોપી ના એડવોકેટ) | મોહમ્મદ ઝૈદ સૈયેદ (એડવોકેટ ગુજરાત હાઈ કોર્ટ)

# કેમ મારી સામે જુએ છે? કહી યુવાનને ધોકા વડે માર મારી માથું ફોડી નાખ્યું

**વિર સાવરકર આવાસ યોજના ક્વાર્ટરનો બનાવ : કડિયાકામના ધંધાર્થી પર બે શખ્સો તૂટી પડ્યા, ગુનો નોંધાયો**

**અબતક, રાજકોટ**

શહેરમાં અવધના ઢાળ નજીક આવેલા વિર સાવરકર આવાસ યોજના ક્વાર્ટરમાં સામે જોવા જેવી બાબતમાં યુવાનને ધોકા વડે માર મારી માથું ફોડી નખાયું હતું. જે મામલે બે હુમલાખોરો વિરુદ્ધ યુનીવર્સીટી પોલિસ મથકે ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે અવધના ઢાળ નજીક વિર સાવરકર આવાસ યોજના ક્વાર્ટર નં.-૨૦૫ માં રહેતા દિનેશભાઈ જશાભાઈ ચૌહાણ નામના ૪૨ વર્ષીય યુવાને આરોપી તરીકે બે શખ્સોનું નામ આપતાં જણાવ્યું હતુ કે, ગઈ તા ૩૦/૦૩/૨૦૨૬ ના રોજ રાત્રીના આશરે સાડા આઠ વાગ્યે હુ કણકોટ ગામ ખાતે મારા કડિયા કામેથી ઘરે આવતો હતો. ત્યારે રાત્રીના નવ વાગ્યે વીરસારકર આવાસ યોજના કવાટેર બી વીંગના પાર્કીંગ ખાતે પહોંચતા સામેથી રાકેશ ચૌહાણનો ભાઈ મોટર સાયકલ લઈને આવતો હોય તેણે મને કહેલ કે, તું કેમ મારી સામે જોવે છે? જેથી મે કહેલ કે, હુ ક્યા તારી સામે જોઉ છુ. જે બાદ રાકેશનો ભાઈ એકદમ ઉશ્કેરાય ગયો હતો અને મારી સાથે ઝગડો કરવા લાગેલ હતો. તે મને ગાળો આપવા લાગતા મેં ગાળો આપવાની ના પાડી હતી. જે બાદ તેં વધુ ગાળો આપવા લાગેલ હતો. બાદમાં તેણે લાકડાના ધોકા વડે એક ઘા માથાના ઉપરના ભાગે મારી દીધેલ હતો જેના લીધે માથું ફૂટી ગયેલ હતું. બાદ બંને પગમાં પણ ઘા ઝીંકી દીધા હતા.

દરમિયાન રાકેશનો સાળો પણ ધસી આવ્યો હતો અને મારી સાથે બોલાચાલી કરી ઢીકાપાટુનો માર મારવા લાગેલ હતો. બાદ જતા જતા બંન્નેએ મને કહેલ કે, જો હવે અમારી સામુ જોઈશ તને જાનથી મારી નાખીશુ. બાદમાં યુવાન રિક્ષામાં બેસી રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ થયેલ હતો.

જે બનાવ અંગે યુવાનની ફરિયાદ પરથી યુનિવર્સીટી પોલિસની ટીમે બંને હુમલાખોરો વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.


**નામ બદલાવેલ છે**

હું નીચે સહી કરનાર **ભીખાભાઈ રવજીભાઈ નોંધણવદરા** આથી જાહેર કરું છું કે મારું જૂનું નામ **ભીખા રવજી નોંધણવદરા** થી બદલીને **ભીખાભાઈ રવજીભાઈ નોંધણવદરા** કરવામાં આવ્યું છે. હવેથી હું **ભીખાભાઈ રવજીભાઈ નોંધણવદરા** તરીકે ઓળખાઈશ.


**સરનામું:ભીખાભાઈ રવજીભાઈ નોંધણવદરા પ્લોટ ૨૯, સિલ્વર સ્ટોન-૧ સ્ટ્રીટ ૩, ઓસ્કાર ટાવર્સ પાસે, નાના માવા મેઈન રોડ, રાજકોટ, ગુજરાત - ૩૬૦૦૦૫**

**નામ બદલાવેલ છે**

હું નીચે સહી કરનાર **લાભુબેન ભીખાભાઈ નોંધણવદરા** આથી જાહેર કરું છું કે મારું જૂનું નામ **લાભુ ભીખા નોંધણવદરા** થી બદલીને **લાભુબેન ભીખાભાઈ નોંધણવદરા** કરવામાં આવ્યું છે. હવેથી હું **લાભુબેન ભીખાભાઈ નોંધણવદરા** તરીકે ઓળખાઈશ.

**સરનામું:લાભુબેન ભીખાભાઈ નોંધણવદરા શક્તિ, સિલ્વર સ્ટોન સોસાયટી - 1, પ્લોટ નં. 26, મોટા બજારની સામે, રાજકોટ, મોટા માવા, રાજકોટ, ગુજરાત - 360005**

સિદ્ધાર્થ નંદન વીર કી જય બોલો મહાવીર કી..



એક શુભેચ્છક
રાજકોટ

અહિંસા, દયા, કરૂણાના અવતાર ભગવાન મહાવીરને વંદન




અહિંસા, દયા, કરૂણાના અવતાર ભગવાન મહાવીરને વંદન



# કટલેરીનો ધંધાર્થી બુટલેગર બન્યો : ગોવાથી કટલેરીના સામાન સાથે શરાબ લાવતા ઝડપાયો

## ક્રાઈમ બ્રાંચની ટીમે બામણબોર ચેક પોસ્ટ પાસે રેલનગરના શખસને અટકાવી ટ્રોલી બેગ તપાસતા ૧૯૨ બોટલ દારૂ મળ્યો

**અબતક, રાજકોટ**

ક્રાઈમ બ્રાન્ચની ટીમે રાજકોટ અમદાવાદ હાઈવે પર બામણબોર ચેકપોસ્ટ પાસેથી રેલનગર પાસે રહેતા શખસને શંકાસ્પદ હાલતમાં ઝડપી લીધો હતો. પોલીસે આ શખસ પાસે રહેલી ટ્રોલી બેગની તપાસ કરતા તેમાંથી રૂપિયા ૫૨,૮૦૦ ની કિંમતનો ૧૯૨ બોટલ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. કટલેરીનો ધંધાર્થી આ શખસ ગોવા કટલેરી ખરીદવા માટે ગયો હતો અને સાથોસાથ દારૂનો વેપાર કરવા માટે ચપલા પણ સાથે લાવ્યો હોવાનુ પોલીસે જણાવ્યું હતું.

દારૂના આ દરોડાની જાણવા મળતી વિગતો મુજબ, ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ આર.કે. ગોહિલની રાહબરી હેઠળ એએસઆઈ વિજયરાજસિંહ જાડેજા, રણજીતસિંહ પઢારીયા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન હેડ કોન્સ. તુલસીભાઈ ચુડાસમા અને કોન્સ્ટેબલ સંજયભાઈ ખાખરીયાને મળેલી બાતમીના આધારે રાજકોટ અમદાવાદ હાઈવે પર બામણબોર ચેકપોસ્ટ નજીક ખાનગી બસમાંથી ઉતરેલા એક શખસને પોલીસે શંકાસ્પદ હાલતમાં ઝડપી લીધો હતો. આ શખસની પૂછતાછ કરતા તેણે પોતાનું નામ સુરેશ પ્રહલાદભાઈ અમરાણી (ઉ.વ. ૪૪ રહે. આર.કે. સોસાયટી શેરી નંબર ૨, રેલનગર આસ્થા ચોકડી આગળ, રાજકોટ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે આ શખસ પાસે રહેલી ટ્રોલી બેગમાં તપાસ કરતા તેમાંથી રૂપિયા ૫૨,૮૦૦ ની કિંમતના ૧૯૨ દારૂના ચપલા મળી આવ્યા હતા. જેથી પોલીસે દારૂના આ ચપલા અને મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા ૫૭,૮૦૦ નો મુદ્દામાલ કબજે કરી આ શખસ વિરૂધ્ધ પ્રોહિબિશન એક્ટની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.

પોલીસે જણાવ્યું હતું કે, આરોપી કટલેરીનો વ્યવસાય કરતો હોય અને પોતાના ધંધાના કામ અર્થે તે ગોવા ગયો હતો ત્યારે ગોવામાં કટલેરીના સામાનની સાથે દારૂનો વેપલો કરવા માટે દારૂના ચપલા પણ ટ્રોલી બેગમાં છુપાવી લાવ્યો હતો. ખાનગી બસમાં રાજકોટ પાસે પહોંચતા જ ક્રાઈમ બ્રાંચની ટીમે તેને ઝડપી લીધો હતો.

# લોઠડાની ગરૂડા કંપનીમાં હીટર મશીન પર કામ દરમિયાન શ્રમિકનું બેભાન થયા બાદ મોત

## હીટર મશીન પર કામ કરતા યુવાનને વીજ કરંટ લાગ્યો કે હાર્ટ એટેક? મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો

**અબતક રાજકોટ**

શહેરના લોઠડા વિસ્તારમાં આવેલી ગરૂડા કંપનીમાં આજે સવારે એક કરુણ ઘટના બની હતી. અહીં મજૂરી કામ કરતા ૩૫ વર્ષીય આશાસ્પદ યુવાનનું ચાલુ કામ દરમિયાન બેભાન થઈ જવાથી મોત નીપજ્યું છે. પ્રાથમિક દ્રષ્ટિએ આ ઘટના હાર્ટ એટેક અથવા ઈલેક્ટ્રિક કરંટ લાગવાથી થઈ હોવાની આશંકા સેવાઈ રહી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મૂળ ઉત્તર પ્રદેશના વતની અને હાલ, કોઠારીયા ચોકડી પાસે મુરલીધર કાંટો વિસ્તારમાં રહેતા દિનેશભાઈ સુરેનભાઈ રાજભર (ઉં.વ. ૩૫) આજે સવારે ૧૦:૩૦ વાગ્યાની આસપાસ લોઠડા સ્થિત ગરૂડા કંપનીમાં પોતાની ફરજ પર હતા. તેઓ જ્યારે હીટર મશીન પર કામ કરી રહ્યા હતા, ત્યારે અચાનક જ ચક્કર ખાઈને બેભાન થઈ જમીન પર ઢળી પડ્યા હતા. ઘટનાને પગલે કંપનીના અન્ય કર્મચારીઓ દોડી આવ્યા હતા અને દિનેશભાઈને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલના ફરજ પરના તબીબોએ તેમને તપાસીને મૃત જાહેર કરતા પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક દિનેશભાઈ મજૂરી કામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમના પરિવારમાં સંતાનમાં એક દીકરો અને એક દીકરી હોવાનું જાણવા મળ્યું છે. પિતાના અકાળે મોતથી માસૂમ બાળકોએ છત્રછાયા ગુમાવી છે. આ બનાવ અંગે સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે અને હોસ્પિટલ પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. દિનેશભાઈ હીટર મશીન પર કામ કરતા હોવાથી તેમને વીજ કરંટ લાગ્યો છે કે પછી હાર્ટ એટેક આવવાને કારણે મોત થયું છે, તે દિશામાં તપાસ તેજ કરવામાં આવી છે. હાલ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો છે, જેનો રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું સચોટ કારણ સ્પષ્ટ થશે.

# બિહારના નાલંદાના મઘડામાં શીતળામાંના મંદિરમાં ભાગદોડથી ૮ વ્યકિતના મોત, ૬ ઘાયલ

## મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ આવ્યા હતા, ભીડ કાબુ બહાર જતા પરિસ્થિતિ નિયંત્રણ બહાર ગઈ

**અબતક રાજકોટ**

નાલંદા જિલ્લામાં આવેલ શીતળા માતા મંદિર ખાતે મંગળવારે એક દુઃખદ ઘટના બની, જેમાં ભાગદોડના કારણે આઠ શ્રદ્ધાળુઓએ જીવ ગુમાવ્યા અને ઘણા લોકો ઘાયલ થયા. વિગતો મુજબ ચૈત્ર મહિનાના છેલ્લા મંગળવારે અહીં હંમેશા મોટી સંખ્યામાં ભક્તો દર્શન માટે આવે છે, પરંતુ આ વખતે ભીડ ખૂબ જ વધતા પરિસ્થિતિ નિયંત્રણ બહાર ગઈ હતી.

પ્રાથમિક વિગતો મુજબ ભક્તોમાં દર્શન માટે ઉતાવળ વધી જતા કેટલાક લોકોએ કતાર તોડી આગળ વધવાનો પ્રયાસ કર્યો.

આ કારણે અચાનક ધક્કામુક્કી શરૂ થઈ અને થોડા સમયમાં જ ભાગદોડ મચી ગઈ. લોકો એકબીજા પર પડી ગયા, જેના કારણે સ્થિતિ વધુ ગંભીર બની ગઈ.

આ તરફ ઘટનાની જાણ થતાં જ પોલીસ અને રાહત ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી અને બચાવ કામગીરી શરૂ કરી.

ઘાયલોને નજીકની હોસ્પિટલે ખસેડવામાં આવ્યા, જ્યાં ડોકટરોએ આઠ લોકોને મૃત જાહેર કર્યા. અનેક ઘાયલોની સારવાર ચાલુ છે, જેમાંથી કેટલાકની હાલત ચિંતાજનક હોવાનું કહેવામાં આવે છે

ઘટનાએ વહીવટી વ્યવસ્થાની તૈયારી પર ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. પ્રત્યક્ષદર્શીઓનું કહેવું છે કે, ભીડને નિયંત્રિત કરવા માટે પૂરતી પોલીસ વ્યવસ્થા ન હતી. ખાસ કરીને એવા દિવસોમાં, જ્યારે મોટી સંખ્યામાં ભક્તો એકઠા થાય છે, ત્યારે યોગ્ય આયોજન જરૂરી બની જાય છે.

ભગવાન મહાવીર જન્મ કલ્યાણકના પાવન પર્વે

# ગોંડલ સંપ્રદાયના સ્વાધ્યાય પ્રેમી સાધ્વીરત્ના પૂ.શાંતાબાઈ મ.સ. કાળધર્મ પામ્યાં

## ૯૫ વર્ષની વય અને ૬૭ વર્ષના અખંડ સંયમ પર્યાય સાથે રાજકોટ ખાતે સમાધિભાવે દેવલોકગમનઃ જૈન શાસનમાં શોકની લાગણી



**અબતક, રાજકોટ**

ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક મહોત્સવના પવિત્ર દિવસે જૈન શાસનનો એક તેજસ્વી તારો આથમી ગયો છે. ગોંડલ સંપ્રદાયના આચાર્ય ભગવંત પૂ. પુરુષોત્તમજી મ.સા. એવમ્ સૂર્ય-વિજય પરિવારના પરમ પૂજ્ય શાંતાબાઈ મહાસતિજી ૯૫ વર્ષની વયે રાજકોટની જન કલ્યાણ સોસાયટી ખાતે સમાધિભાવે કાળધર્મ પામ્યા છે. સાડા છ દાયકાથી વધુ સમય સુધી જિનાજ્ઞા મુજબ કઠિન સંયમ માર્ગનું પાલન કરનાર પૂજ્ય મહાસતિજીના દેવલોકગમનથી ગોંડલ સંપ્રદાય સહિત સમગ્ર જૈન સમાજમાં શોકની લહેર વ્યાપી ગઈ છે.

મનોજ ડેલીવાળાના જણાવ્યા અનુસાર, પૂ. શાંતાબાઈ મ.સ.નો સંયમ માર્ગનો પ્રારંભ વિ.સં. ૨૦૧૫માં માદરે વતન વેરાવળ ખાતે થયો હતો. ૨૮ વર્ષની યુવાન વયે પૂ. સવિતાબાઈ મ.સ.ના મુખેથી દીક્ષા અંગીકાર કરી તેમણે સંસારનો ત્યાગ કર્યો હતો. ત્યારબાદ ગોંડલ સંપ્રદાયના સપ્તમ આચાર્ય પૂ. પુરુષોત્તમજી મ.સા.ની પાવન નિશ્રામાં ગોંડલ મુકામે સંવત્સરીના પવિત્ર દિવસે તેમની વડી દીક્ષા સંપન્ન થઈ હતી.

પૂજ્ય મહાસતિજી અજોડ સ્વાધ્યાય પ્રેમી હતા. ૯૫ વર્ષની જૈફ વયે પણ તેઓ નિત્ય હજારો આગમ ગાથાઓનું મુખપાઠ અને સ્વાધ્યાય કરતા હતા. તેમનો સ્વભાવ અત્યંત સૌમ્ય, સરળ અને શાંત હતો. ગોંડલ સંપ્રદાયની ઐક્યતાના પ્રતીક સમાન પૂજ્ય મહાસતિજીએ ૬૭ વર્ષના દીર્ઘ સંયમ જીવનમાં અનેક આત્માઓને ધર્મ માર્ગે વાળ્યા હતા. તેમના દેવલોકગમનથી એક આદર્શ સાધ્વીરત્નાની ખોટ પડી છે. શાસન પ્રેમીઓ દ્વારા તેમના પવિત્ર આત્માની સદ્ગતિ માટે પ્રાર્થના કરવામાં આવી રહી છે.

# કચ્છ-બિદડામાં પૂ.સુવિધિબાઈ મ.સ.નો સંથારો સીજી ગયો



**અબતક, રાજકોટ**

મુંબઈના અમરસન્સ પરિવારના અનશન આરાધક ડુંગરશી ટોકરશી વોરાના પત્ની ઝવેરબેન અને કચ્છ મોટી પક્ષના આચાર્ય પૂ.નવીનચંદ્રજી મ.સા. તથા પૂ. તારામતી બાઈ મ.સ.ના સુશિષ્યા પૂ. સુવિધિબાઈ મ.સ.એ ૧૨ માર્ચે આજીવન સંથારો કચ્છ-બિદડા ખાતે પૂ. તારાચંદજી મ.સા.ના શ્રીમુખે અંગીકાર કરેલ હતો તા. ૩૦ના ૧૯માં ઉપવાસે સંથારો સીજી ગયો છે.

પૂ. મહાસતીજીની ઉંમર ૮૩ વર્ષ અને દીક્ષા પર્યાય ૫ વર્ષનો હતો આજે મહાવીર જયંતી તા. ૩૧-૩ના બપોરે ૨ કલાકે તારામતી યોગા હોલ, બિદડા સર્વોદય હોસ્પિટલ ખાતેથી પાલખી યાત્રા અને સાંજે ૫થી ૬ કલાકે ગુણાનુવાદ સભા યોજાયેલ.

ખંડાલા-લોનાવાલા ખાતે પૂ.શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં ગુણાંજલિ અર્પણ કરવામાં આવેલ.

(પહેલા પાનાનું ચાલું)

### આફ્રિકાના રસ્તે ઈંધણ...

ગેસનો વપરાશ ૧૯૧ એમએમએસસીએમડી છે, જેમાં ૫૧ ટકા આયાત થાય છે અને તેમાંથી ૬૦ ટકા આયાત પશ્ચિમ એશિયામાંથી કરવામાં આવે છે.

અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું કે ભારત એલપીજી માટે અમેરિકા, રશિયા, કેનેડા, નોર્વે અને નાઈજીરીયા, અલ્જેરિયા તથા અંગોલા જેવા પશ્ચિમ આફ્રિકન દેશોનો સંપર્ક કરી રહ્યું છે. જ્યારે એલએનજી માટે કેમરૂન, ઈક્વેટોરિયલ ગિની અને મોઝામ્બિક જેવા દેશો પાસેથી સપ્લાય મેળવવામાં આવી રહી છે. કેટલાક સ્રોતો પાસેથી પહેલેથી જ કાર્ગો ખરીદવામાં આવ્યા છે અને અન્ય દેશો સાથે વાતચીત અંતિમ તબક્કામાં છે.

પશ્ચિમ એશિયાનું પ્રભુત્વ હોવા છતાં આફ્રિકાથી આયાત સતત વધી રહી હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. ભારતે એક દાયકામાં ૨૭ થી ૪૧ દેશોમાંથી ક્રૂડ સોર્સિંગમાં વિવિધતા લાવી છે. જેના પરિણામે સ્ટ્રેટ પરની નિર્ભરતા ૪૫ ટકાથી ઘટાડીને ૩૦ ટકાની આસપાસ કરવામાં સફળતા મળી છે.

સુજાતા શર્માના જણાવ્યા અનુસાર, દેશમાં પેટ્રો ઉત્પાદનો અને એલએન્જી નો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે. પેનિક બુકિંગના કારણે ઘરેલું સિલિન્ડર માટે ડિલિવરીનો સમય વધીને ૪-૫ દિવસ થઈ ગયો છે, પરંતુ ક્યાંય પણ સિલિન્ડર ખતમ થયા હોવાના અહેવાલ નથી અને ટૂંક સમયમાં સ્થિતિ સામાન્ય થવાની અપેક્ષા છે.

### ખાલીસ્તાન...

કરવામાં આવી હતી. ન્યુઝીલેન્ડની કોર્ટે હવે સત્તાવાર રીતે તેની ઓળખ જાહેર કરી છે, અને આ કેસની ફાઈલો ખુલતા ઘણા મોટા ખુલાસા થયા છે. એક વ્યક્તિ દ્વારા કથિત દારૂ પીધા પછી થયેલા મોત બાદ આ સમગ્ર તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો.

તપાસ બાદ, ૪૦ વર્ષીય બલતેજ સિંઘની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું કે બલતેજ સિંઘ દ્વારા આયાત કરવામાં આવી રહેલા શિપમેન્ટના એક ભાગમાં પ્રવાહી મેથ (ડ્રગ્સ) હતું જ્યારે બાકીના ભાગમાં બીયર હતું. ધરપકડ બાદ, તેના પરિવારે ધમકીઓ મળવાનું કારણ આપીને તેનું નામ અને ખાલિસ્તાની લિંક્સ છુપાવવા માટે સખત પ્રયાસ કર્યા હતા, પરંતુ ન્યુઝીલેન્ડની કોર્ટ ઓફ અપીલ દ્વારા તાજેતરમાં જાહેર હિતમાં તેના નામ પરનો પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવ્યો હતો.

ડ્રગ્સના બહુવિધ ગુનાઓ બદલ બલતેજ સિંઘને ૨૨ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે, જેમાં ઓછામાં ઓછા ૧૦ વર્ષ સુધી તેને ફરજિયાત જેલમાં રહેવું પડશે. આ ઉપરાંત તેના સાથીદાર હિમ્મતજીત સિંહ કાહલોનને પણ કોર્ટે ૨૧ વર્ષની જેલની સજા ફટકારી છે.

### આતંકવાદી પનાહ પાકિસ્તાન...

વિશેષ કરીને ભારત વિરોધી સંગઠનો અંગે રિપોર્ટમાં ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. કાશ્મીરમાં અસ્થિરતા ફેલાવવા માંગતા હિઝબુલ મુજાહિદ્દીન પાસે અંદાજે ૧,૫૦૦ અને જૈશ-એ-મોહમ્મદ પાસે ૫૦૦ જેટલા સશસ્ત્ર આતંકીઓનું સક્રિય કેડર છે. આ ઉપરાંત, ૨૦૦૮ના મુંબઈ હુમલા માટે જવાબદાર લશ્કર-એ-તૈયબા જેવા સંગઠનો પણ પાકિસ્તાની ધરતી પરથી ખુલ્લેઆમ પોતાની ગતિવિધિઓ ચલાવી રહ્યા છે.

અમેરિકી અધિકારીઓએ આ અહેવાલમાં પાકિસ્તાની ગુપ્તચર એજન્સીઓના હક્કાની નેટવર્ક સાથેના સંબંધો પર પણ આંગળી ચીંધી છે. પાકિસ્તાન ભલે ૨૦૨૨માં ઋઅઝઋની 'ગ્રે લિસ્ટ'માંથી બહાર નીકળી ગયું હોય, પરંતુ ધાર્મિક સ્વતંત્રતાના અભાવ અને મદ્રેસાઓમાં ભણાવવામાં આવતી કટ્ટરપંથી વિચારધારાને કારણે અમેરિકાએ તેને હજુ પણ 'ખાસ ચિંતાજનક દેશ'ની યાદીમાં રાખ્યું છે.

આતંકવાદની આ પનાહ પાકિસ્તાન માટે પણ આત્મઘાતી સાબિત થઈ રહી છે. રિપોર્ટ મુજબ, ૨૦૨૫માં પાકિસ્તાનમાં આતંકવાદને કારણે મૃત્યુઆંક ૪,૦૦૧ સુધી પહોંચી ગયો છે, જે છેલ્લા ૧૧ વર્ષમાં સૌથી વધુ છે. ખાસ કરીને 'તેહરીક-એ-તાલિબાન પાકિસ્તાન' અત્યારે પાકિસ્તાન માટે સૌથી મોટો ઘરેલું ખતરો બનીને ઉભરી રહ્યું છે. આમ, આ રિપોર્ટ સ્પષ્ટ કરે છે કે પાકિસ્તાનની આતંકવાદને પોષવાની નીતિ દક્ષિણ એશિયાની શાંતિ માટે સતત જોખમ ઊભું કરી રહી છે.

(૧૩માં પાનાનું ચાલુ)

### નરેન્દ્રભાઈ

કરવામાં આવશે, જેના કારણે હરિત ઊર્જાનો વ્યાપ વધશે અને ઊર્જા સુરક્ષા મજબૂત બનશે.

આ ઉપરાંત, ભારત સરકારના માર્ગ, પરિવહન અને હાઈવે મંત્રાલય હેઠળ ઈડર-બડોલી બાયપાસ ફોર લેન રોડ (₹૭૦૫ કરોડના ખર્ચે) અને ધોળાવીરા-મૌવાણા-વોવા-સાંતલપુર સેક્શનનું (₹૫૭૫ કરોડના ખર્ચે) ખાતમુહૂર્ત તેમજ અમદાવાદ-ધોલેરા પેકેજ ૧ (₹૧૨૯૮ કરોડના ખર્ચે), પેકેજ ૨ (₹૧૪૧૫ કરોડના ખર્ચે), પેકેજ ૩ (₹૧૦૩૪ કરોડના ખર્ચે) અને પેકેજ ૪નું (₹૧૩૫૮ કરોડના ખર્ચે) લોકાર્પણ કરવામાં આવશે. ભારત સરકારના રેલવે મંત્રાલયના ₹૮૯૧ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં હિંમતનગર-ખેડબ્રહ્મા બ્રોડગેજ લાઇન, ગાંધીધામ-આદિપુર વચ્ચે ક્વોડ્રુપલિંગ અને રાજકોટ-કાનાલુસ ડબલિંગ પ્રોજેક્ટના ભાગરૂપે કાનાલુસ-જામનગર ડબલિંગ જેવા પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ખેડબ્રહ્મા-હિંમતનગર-અસારવા ટ્રેનને ખેડબ્રહ્મા ખાતેથી લીલી ઝંડી આપવામાં આવી હતી. આમ, કુલ મળીને આ ભારત સરકારના આ ત્રણ મંત્રાલયો હેઠળ ₹૧૦,૯૨૧ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતાં.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત સરકારના વિવિધ વિભાગો હેઠળ કુલ ₹૮૮૮૬ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યુ હતું. તેમાં શહેરી વિકાસ વિભાગ હેઠળ સૌથી વધુ ₹૫૨૯૫.૫ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતાં. શહેરી વિકાસ વિભાગના આ પ્રોજેક્ટ્સમાં મુખ્યત્વે અમદાવાદ અને ગાંધીનગર ખાતેના વિકાસકાર્યોનો સમાવેશ થાય છે, જેમાં અમદાવાદ ખાતે ખારીકટ કેનાલનો વિકાસ, અમદાવાદ મહાનગરપાલિકાની બીઆરટીએસ અને એમટીએસ બસ સર્વિસનું મોડર્નાઈઝેશન, હાલના સુભાષબ્રિજને તોડી નાંખીને નવા ફોર લેન બ્રિજનું કન્સ્ટ્રક્શન, આર્થિક રીતે પછાત વર્ગો માટે રહેણાંક ઘરોનું નિર્માણ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, ઓડિટોરિયમ વગેરે જેવા પ્રોજેક્ટ્સના લોકાર્પણ અને ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે.

ગાંધીનગર ખાતે આર્થિક રીતે પછાત વર્ગો માટે રહેણાંક ઘરોનું નિર્માણ, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન માટે રાષ્ટ્રીય ધોરીમાર્ગથી અડાલજ ટીએસપીએસ સુધી ખુલ્લા ખોદકામ (લંબાઈ = ૨૪૨૦ મીટર) અને માઈક્રોટનલિંગ (લંબાઈ = ૩૧૮૦ મીટર) દ્વારા ૧૮૦૦ મીમી ગટર ટ્રંક નાખવી, પેથાપુર ખાતે ૧૫ એમએલડી સુવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું કન્સ્ટ્રક્શન, રાંધેજા ખાતે ૪ તળાવોનું ઈન્ટરલિંકિંગ અને સ્ટોર્મ વૉટર લાઈન નાખવાનું કામ વગેરે જેવા પ્રોજેક્ટ્સના લોકાર્પણ અને ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે.

શહેરી વિકાસ વિભાગ ઉપરાંત, ગુજરાત સરકારના જળ સંસાધન, પાણી પુરવઠા, માર્ગ અને મકાન, જીઆઈડીસી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પ્રવાસન, આદિજાતિ વિકાસ તેમજ ગ્રામીણ વિકાસ વિભાગના પણ વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. વધુમાં, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત ગુજરાતના ૩૪ જિલ્લાઓમાં ૩૮,૯૪૯ આવાસોમાં નાગરિકોનો ગૃહપ્રવેશ કરાવશે, જેનાથી રાજ્યના ગ્રામીણ વિસ્તારના નાગરિકો માટે પોતાના ઘરનું સ્વપ્ન સાકાર થશે.

### ઈ-પ્રસ્થાન

લાઈન પર પ્રથમ ટ્રેનનું ઈ-લોકાર્પણ કરવામાં આવશે.

આ ઐતિહાસિક અવસર પર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ખેડબ્રહ્મા-હિંમતનગર-અમદાવાદ (અસારવા) વચ્ચે નવી ટ્રેન સેવાનો વિધિવત પ્રારંભ કરાવવામાં આવશે. ખેડબ્રહ્મા અને હિંમતનગર વચ્ચેની રેલ લાઈનના બ્રોડગેજમાં રૂપાંતરણ બાદ આ પ્રથમ ટ્રેન સેવા શરૂ થવાથી સ્થાનિક મુસાફરો અને વેપારીઓ માટે પરિવહનના નવા દ્વાર ખુલશે. આ પ્રોજેક્ટના પૂર્ણ થવાથી ઉત્તર ગુજરાત અને રાજ્યના કેન્દ્રિય ભાગ વચ્ચે ઝડપી, સુલભ અને વિશ્વસનીય પરિવહન વ્યવસ્થા સ્થાપિત થશે.

વડાપ્રધાન દ્વારા માત્ર ખેડબ્રહ્મા-હિંમતનગર લાઈન જ નહીં પરંતુ રાજ્યના અન્ય મહત્વના રેલવે પ્રોજેક્ટ્સ પણ રાષ્ટ્રને અર્પણ કરવામાં આવશે જેમાં ગાંધીધામ- આદિપુર રેલ લાઈનના મલ્ટી-ટ્રેકિંગ કાર્ય અને કાનાલૂસ-જામનગર રેલ લાઈનના દોહરીકરણના પ્રકલ્પોનો સમાવેશ થાય છે આ આધુનિકીકરણ પ્રોજેક્ટ્સથી માલસામાન અને મુસાફરોની અવરજવર વધુ સરળ બનશે અને રેલવેની કાર્યક્ષમતામાં મોટો વધારો થશે. આ તમામ પ્રકલ્પો ગુજરાતના ઔદ્યોગિક અને સામાજિક વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવશે.

કેન્દ્ર સરકારના રેલવે વિકાસના વિઝન હેઠળ હાથ ધરાયેલા આ રૂ.૮૯૧ કરોડના પ્રોજેક્ટ્સથી અંતરિયાળ વિસ્તારોની મુખ્ય શહેરો સાથેની કનેક્ટિવિટી મજબૂત બનશે. આ નવી સુવિધાઓથી રાજ્યના આર્થિક વિકાસને વેગ મળશે અને મુસાફરોને સમય તેમજ નાણાંની બચત સાથે આધુનિક રેલવે સેવાનો લાભ પ્રાપ્ત થશે.

### 'મહા પ્રસાદ'

વિજયબાપુના જણાવ્યા મુજબ, અમે સંપુર્ણ રસોઈ બનાવવા માટે સંપુર્ણપણે આત્મનિર્ભર છીએ અને રસોઈ માટે માત્ર બાયોગેસનો જ ઉપયોગ કરીએ છીએ. આ ઉપરાંત, બાયોગેસમાંથી નીકળતી સ્લરીનો ઉપયોગ સંસ્થાની ખેતીમાં કરવામાં આવે છે,''. સંસ્થાનાં વ્યવસ્થાપકોના જણાવી રહ્યા છે કે, જ્યારે બાયોગેસ નહોતો ત્યારે રસોઈ બનાવવા માટે લાકડાનો ઉપયોગ કરવામાં આવતો હતો. જેમાં રોજનું ૮૦૦ થી ૯૦૦ કિલો લાકડુ વપરાતુ હતું. જ્યારે સિલિન્ડરનો ઉપયોગ કરતા ત્યારે રોજ સરેરાશ ૧૦ થી ૧૫ જેટલા સિલિન્ડરનો ઉપયોગ થતો હતો.

(૧૪માં પાનાનું ચાલુ)

### યુરોકેર હોસ્પિટલ

વધુ મફત યુરોલોજી કેમ્પોનું આયોજન કર્યું છે અને એક લાખથી વધુ દર્દીઓને મફત અથવા અત્યંત ઓછા ખર્ચે ગુણવત્તાયુક્ત સારવાર ઉપલબ્ધ કરાવી છે. ઉપરાંત તેમણે ૨૦,૦૦૦થી વધુ જટિલ યુરોલોજીકલ સર્જરીઓ સફળતાપૂર્વક પૂર્ણ કરી છે.

યુરોકેર કિડની હોસ્પિટલ - રોબોટિક એન્ડ લેઝર સેન્ટર, રાજકોટના સ્થાપક અને નિર્દેશક તરીકે ડો. જીતેન્દ્ર અમલાણી માત્ર એક તબીબ નથી, પરંતુ દર્દીઓ માટે વિશ્વાસ અને સહાનુભૂતિના પ્રતિક બની ગયા છે.

આ સન્માન પ્રાપ્ત કર્યા બાદ ડો. જીતેન્દ્ર અમલાણી એ જણાવ્યું કે, દર્દીની પીડા દૂર કરવી એ જ મારી સાચી સેવા છે. ગરીબી કે પરિસ્થિતિ કોઈ પણ દર્દીને સારવારથી વંચિત ન રાખે - એ જ મારા જીવનનો સંકલ્પ છે.

ડો. જીતેન્દ્ર અમલાણી ને મળેલ આ ગૌરવપૂર્ણ ગુજરાત હેલ્થકેર એક્સેલેન્સ એવોર્ડથી રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં આનંદ અને ગર્વની લાગણી વ્યાપી છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### મોદી...

વારસો નિહાળ્યો હતો. પ્રાચીન કલાત્મક વિજ્ઞપ્તિ-પત્રો,વિશિષ્ટ શ્રુતલેખન સામગ્રી છે. આગમ,વેદ,પુરાણની પ્રાચીન હસ્તપ્રતો પણ તેમાં સંગ્રહ કરાયો છે.મ્યુઝિયમને સાત વિવિધ વિભાગોમાં વહેંચવામાં આવ્યું છે.જે પ્રાચીનભારતની કલાનો પરિચય કરાવે છે.

આ પ્રસંગે મોદીએ રાષ્ટ્રસંત પૂજ્ય આચાર્ય પદ્મસાગરસૂરીશ્વરજીના આશીર્વાદ લીધા હતા. આ કાર્યક્રમમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને મહાવીર જૈન આરાધના કેન્દ્રના પ્રમુખ સુધીર મહેતા(ટોરેન્ટ ગ્રુપના માલિક) સહિત દેશભરના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ત્યાર બાદ તેઓ સાણંદ જવા રવાના થયા હતા.

### સેન્સ પ્રક્રિયા...

લડવા ઈચ્છુકોને સાભળવામાં આવે છે તેઓના નામો મેળવવામાં આવે છે. પ્રદેશ ભાજપ દ્વારા અલગ અલગ મહાનગરો અને જિલ્લા નિરીક્ષકોની નિયુકતી કરી દેવામાં આવી છે. આજથી નિરીક્ષકો પોતાને ફાળવવામાં આવેલા શહેર કે જિલ્લામાં પહોચી ગયા છે. સામાન્ય રીતે સેન્સ લેવા જનારા નિરીક્ષકોનાં નામોની યાદી જાહેર કરવામાં આવતી હોય છે. પરંતુ આ વખતે તમામ નિરીક્ષકોને ટેલીફોનીક જાણ કરવામાં આવી છે કે તમારે આ શહેર કે જિલ્લામાં સેન્સ માટે જવાનું છે.

આજે સવારથી સેન્સ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. રાજકોટ શહેરના ૧૮ વોર્ડ માટે દાવેદારોને સાંભળવા માટે આવતીકાલે ૯ નિરીક્ષકો આવશે અલ ગઅલગ ત્રણેય ઝોનમાં સેન્સ લેવામાં આવશે કાલે સવારથી આ પ્રક્રિયા શરૂ થશે જે સાંજ સુધી ચાલે તેવું દેખાય રહ્યું છે. જો કાલે ૧૮ વોર્ડમાં પ્રક્રિયા પૂર્ણ ન થાય તો ગુરૂવારે પણ સેન્સ પ્રક્રિયા ચાલુ રાખવામાં આવશે. શહેરના ૧૮ વોર્ડની ૭૨ બેઠકો માટે ૫૦૦થી પણ વધુ દાવેદારો ચૂંટણી લડવાની ઈચ્છા વ્યકત કરે તેવી શકયતા દેખાય રહી છે.

સ્થાનીક સ્વરાજયની ચૂંટણીમાં ૧૨૦૦૦ જેટલી બેઠકો માટે મતદાન થવાનું હોય અંદાજે ૬૦,૦૦૦થી વધુ દાવેદારો ચૂંટણી લડવાની ઈચ્છા વ્યકત કરે તેવું લાગી રહ્યું છે. લોકસભા અને વિધાનસભાની ચૂંટણીમાં નાની જ્ઞાતિને ટિકિટ મળવી મુશ્કેલ છે. આવામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણક્ષમાં નાનામાં નાની જ્ઞાતિ કે સમાજને ટિકિટ આપવાની દિશામાં ભાજપ આગળ વધી રહ્યું છે. બીજી તરફ આગામી ચૂંટણીમાં ૨૭ ટકા ઓબીસી અનામતની અમલવારી થવાની હોય ઓબીસી કેટેગરીમાં આવતી ૧૪૬ જ્ઞાતિને તેઓની વસ્તીના પ્રમાણમાં ટિકિટ પ્રાધાન્ય આપવામાં આવશે.

સેન્સ પ્રક્રિયા દરમિયાન જે નામો પોતાની સમક્ષ આવો તે તમામ નામો નિરીક્ષકો દ્વારા ચૂંટણી સમિતિ સમક્ષ રજૂ કરી દેવામા આવશે. ત્યારબાદ પાર્લામેન્ટરી બોર્ડ બેઠક પૂર્વ બેઠક વાઈઝ નામોની પેનલ બનાવાશે અથવા અગ્રતા ક્રમ આપવામાં આવશે. અલગઅલગ ત્રણ ઝોનમાં યોજાયેલી ચૂંટણી લક્ષી બેઠકમાં પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ એવી સ્પષ્ટ તાકીદ કરી હતી કે, સાંસદ, ધારાસભ્યો અને નેતાઓએ ટિકિટ માટેભલામણ કરવી નહીં, સંગઠનને મજબુત બનાવવા માટે કાળી મજુરી કરનારોની આ ચૂંટણી છે. જો કોઈ નેતા ટિકિટ અપાવવા માટે હઠાગ્રહ કરે તો તેવા નામોનું અલગથી લીસ્ટ બનાવવા માટે પણ નિરીક્ષકોને સુચના આપવામાં આવી છે.

ટિકિટ ફાળવણી માટે ૨૦૨૧માં જે ગાઈડલાઈન જાહેર કરવામાં આવી હતી તેમાં કોઈ મોટોફેરફાર કરવામાં નહી આવે તેવા સંકેતો આપ્યા છે. બે ટર્મ ચૂંટાયેલા નેતાને ટિકિટ નહી આપવાનો પણ કોઈ જ નિર્ણય લેવાયો નથી તેવું પણ તેઓએ જણાવ્યું હતુ. સતાધારી પક્ષ ભાજપ દ્વારા સેન્સ પ્રક્રિયા પૂર્ણ થયાબાદ આઠથી દશ દિવસમાં ઉમેદવારોના નામ પણ જાહેર કરી દેવામાં આવશે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# મનુષ્યના વાસ્તવિક સુખ અને શાંતિનો મુખ્ય સ્ત્રોત યોગ-સાધના જ છે

## સનાતનનો અદ્વૈતવાદએ આધુનિક વિજ્ઞાન-મનોવિજ્ઞાન વિગેરેના સિધ્ધાંતોને લગભગ સમાંતર ચાલે છે

**સાધનાના રહસ્ય**

વિશ્વમાં દરેક ધર્મ અને દરેક સંપ્રદાય ને પોતાની આગવી સાધના પધ્ધતિ હોય છે. જેમાં સનાતન ધર્મ અને તેના પેટા સંપ્રદાયોની મુખ્ય ઈશ્વર ઉપાસના (સાધના) જોઈએ તો ઘણી છે.પરંતુ દરેક સાધનાની ગંગોત્રી 'યોગ' છે. જેથી સમગ્ર વિશ્વ વર્ષમાં એક દિવસ 'યોગ' દિવસ મનાવે છે.

સનાતનમાં મુખ્ય બે વિભાગ દ્વૈતવાદ અને અદ્વૈતવાદ છે. યોગ સાધના (અષ્ટાંગયોગ) અદ્વૈતવાદ સાથે સંકળાયેલી છે. બીજા સંપ્રદાયો જે દ્વૈતવાદ સાથે સંકળાયેલા છે તેઓ ભગવાન અને ભકત (સાધક) એમ બે અલગ છે તેવી માન્યતા છે. અને આ દ્વૈતવાદમાં લગભગ તમામ સંપ્રદાયોમાં ભકિતયોગ સામાન્ય હોય છે. અને તે શ્રધ્ધા અને ભાવનામય હોય છે.

સનાતન ધર્મનો અદ્વૈતવાદ આદ્વિતિય તો છે પરંતુ ગુઢ પણ છે. અને વિજ્ઞાનની રીતે તે પાર પણ ઉતરે છે.એટલે કે ગતિ, અણુ,પરમાણુ અને મેડીકલ સાયન્સ અને આધુનિક મનોવિજ્ઞાન સાથે અષ્ટાંગ યોગ (આધ્યાત્મ વિદ્યા)ની જે પધ્ધતિ છે તે ઘણી રીતે પાર ઉતરે છે.

આપણી આજુબાજુ જે ભૌતિક વિશ્વ છે તેની આપણે જુદી જુદી જ્ઞાનેન્દ્રીયો વડે અનુભુતિ કરી શકી એ છીએ. પરંતુ વાસ્તવમાં આ જે દેખાય છે તે વિશ્વમાં જ સમગ્ર અસ્તિત્વ આવી જતુ નથી પરંતુ આ ભૌતિક વિશ્વ ઉપર પણ ચેતનાના અનેક સ્તરો સુધી તે વિસ્તાર પામેલું છે. ચેતનાના તમામ સ્તરોથી પર અને તમામ સ્તરોમાં પણ ચૈતન્ય તત્વ ઓતપ્રોત છે. આ ચૈતન્યની અનુભુતિ અને તેની સાથે તાદામ્ય અને તેની પ્રાપ્તિમાંજ જીવનથી સફળતા છે. સનાતન ધર્મ મુજબ આ પરમ સત્યની પ્રાપ્તી ને જ ભગવતપ્રાપ્તી, આત્મપ્રાપ્તિ, બ્રહ્મનિષ્ઠા જીવનમુકિત, નિર્વાણ કે મોક્ષ એવા શબ્દો દ્વારા સુચવવામાં આવે છે.

જે પ્રમાણે ભૌતિક જગતના અભ્યાસ માટે વિજ્ઞાનની વિવિધ શાખાઓ છે તેમ આ પરમ ચૈતન્યના અનુભવની પ્રાપ્તી માટે જે સાધના પથ છે.તે જ 'યોગ' છે. આ યોગ જ પરમ પ્રાપ્તી માટેનું સાધન છે અને આ યોગ એજ આધ્યાત્મનું વિજ્ઞાન છે.

સનાતન ધર્મમાં જુદાજુદા ધાર્મિક ગ્રંથોમાં 'યોગ'ની વ્યાખ્યાઓ ઋષિઓ કે વૈજ્ઞાનિકો કે અવતારો કે સિધ્ધો દ્વારા આપવામા આવેલી છે. તે પૈકી કેટલીક નીચે પ્રમાણે છે.

(૧) યોગઃ કર્મસુ કૌશલમ્ '(શ્રીમદ ભગવદ ગીતા) એટલેકે યોગ એ કર્મોમાં કુશળતા છે. અહિં કુશળતા (હોંશિયારી) સાથે તેમાં બ્રાહ્મ કૌશલ્ય ઉપરાંત 'નિષ્કામભાવ'નો પણ સમાવેશ છે.

(૨) સમત્વં યોગ ઉચ્ચતેઃ (શ્રીમદ્ ભગવદ ગીતા) અહિં સમત્વને યોગ કહેવામાં આવેલ છે. પણ તેમાં ચિતની 'સમતા ભાવના'નો મુખ્ય સમાવેશ છે.

(૩) યોગઃ ચિત્તવૃત્તિ નિરોધઃ (યોગસૂત્ર)

એટલે કે ચિતની વૃત્તિમાંથી સંકલ્પ વિકલ્પ દૂર કરી તેને સ્થિર કરવી તે છે. ઋષિ પતંજલીના રાજયોગ (અષ્ટાંગયોગ)નો મુળ આધાર જ આ છે.

(૪) દુઃખ સંયોગવિયોગં યોગ સંજ્ઞિતમ્ : (ગીતા)

દુઃખ ના સંયોગથી મુકિત ને પણ યોગ કહેવાય છે. અર્થાત દુઃખની આત્યંતિક મુકિત (પુનઃ અપિજનનમ્ઃ પુનઃ અપિમરણમ્)ને ગીતામાં યોગ કહેલ છે.

આથી જ યોગ પરમ સત્યની પ્રાપ્તી માટેની સાધના પધ્ધતિ અને આધ્યાત્મનું દર્શન, વિજ્ઞાન અને કલા પણ છે.

યોગના જુદા જુદા સ્વરૂપો

આ યોગ વિદ્યાએજ આધ્યાત્મક વિદ્યા છે માનવ સામાન્ય રીતે સુખ અને શાંતિ માટે પ્રયત્નશીલ હોય છે. પરંતુ વાસ્તવિક પરમ સુખ શાંતિ ભૌતિક જગત (વસ્તુ)માં નહિ પણ આ યોગ સાધનામાં રહેલી છે. આ પરમ પ્રાપ્તીના આઠ કેન્દ્રો, શાંતિ, જ્ઞાન, શકિત, પ્રેમ, આનંદ, સૌદર્ય, અમરત્વ અને સ્વતંત્રતા છે. અને આ બધા કેન્દ્રોનું પણ કેન્દ્ર જે તે વ્યકિતનો આત્મા છે. જો આ આત્માની પ્રાપ્તી થઈ શકે તો આ તમામ તત્વો આપોઆપ પ્રાપ્ત થઈ જતા હોય છે.




આમ આત્મા તરફ ગતિ કરવી એજ અધ્યાત્મ છે અને અધ્યાત્મ એટલે જ ઈશ્વર પ્રાપ્તી કે ભગવત પ્રાપ્તી તરફ ગતિ અને એજ પરમ ચૈતન્ય અને અનંત છે. જેને પામી શકાય પણ માપી શકાય નહી આ અધ્યાત્મ વિદ્યા ઉપર હજારો વર્ષ સુધી જુદાજુદા ઋષિમુનિઓ જેઓ અલગ અલગ વ્યકિતત્વ ધરાવતા હતા તેમણે તપ સાધના કરી વિવિધ અધ્યાત્મ સાધનાના માર્ગો બનાવ્યા છે જે ખરેખર તો આ પરમ ચૈતન્યને પ્રાપ્ત કરવાના જ પંથો છે આ રીતે પરમ ચૈતન્ય આત્મા (બ્રહ્મ)ને પામવાના જુદા જુદા સાધના પથ નીચે પ્રમાણે છે.

(૧) જ્ઞાન યોગઃ

જગદ્ગુરૂ શંકરાચાર્યજીએ એક ટુંકુ સુત્ર સાધનાના અંતે તારવ્યું 'બ્રહ્મ સત્ય જગત મિથ્યા ।। ' એટલે કે પરમ ચૈતન્ય બ્રહ્મ જ સત્ય છે. અને જે વિશ્વ દેખાય છે તે માયાને કારણે દેખાય છે. જે ખરેખર મિથ્યા છે. (વિવર્તને કારણે), આ દ્રશ્યમાન અનુભવાતા વિશ્વનો 'નેતિનેતિ'ની રીતે ઈન્કાર કરતા કરતા સાધક પરમ ચૈતન્ય બ્રહ્મ સ્વરૂપને પ્રાપ્ત થાય છે.


આ પધ્ધતિમાં આત્મ સ્વરૂપ ચિંતન અને આત્મસ્વરૂપથી ભિન્ન વૈશ્વીક માયા રૂપ આત્માનો ઈન્કાર તે જ્ઞાનયોગની આરાધના પધ્ધતિ છે. જેમાં સાધન ચતુષ્ટ્ય પ્રાપ્ત કરેલ (૧) વિવેક (૨) વૈરાગ્ય (૩) શમ સહિત ષટસંપતિ શમ-દમ,શ્રધ્ધા, સમાધાન, ઉપરામ અને તિતિક્ષા (૪) મુમુક્ષતા. આ સાધનો રૂપ સંપતિ કહેવાય છે.

આ સાધન-ચતુષ્ટ્ય-સંપન્ન સાધક, શ્રવણ મનન અને નિદિદયાસન ને માર્ગે જો બ્રહ્માકાર વૃત્તિનો અભ્યાસ કરે તો તે બ્રહ્મનિષ્ઠ બની શકે છે. જ્ઞાનયોગ અનુસાર કૈવલ્યમુકિત જ પરમ પુરૂષાર્થ છે અને લાંબા સમયના અભ્યાસ અને વિશુધ્ધજ્ઞાનથી તે પ્રાપ્ત થાય છે. આમ સાધકની વિશુધ્ધબુધ્ધિ એ જ્ઞાનયોગનું મુખ્ય સાધન છે.

(૨) ભકિત યોગઃ

ઈશ્વર ફકત નિર્ગુણ અને નિરાકાર જ નથી પરંતુ તે સગુણ અને સાકાર પણ છે. ઈશ્વરનું આ સગુણસાકાર સ્વરૂપ પણ નિર્ગુણ નિરાકારથી જરા પણ ઉતરતુ નથી.

ઈશ્વરના આ સગુણ સાકાર સ્વરૂપને જ નિઃશેષ સમર્પિત થવામાં ભકત પોતાના જીવનની કૃતાર્થતા માને છે. ભકિતમાર્ગમાં ભકત મોક્ષને નહિ પરંતુ ઈશ્વરપ્રણિધાનને જ પરમ પુરૂષાર્થ માને છે. તેઓ ઈશ્વરના સગુણ સાકાર સ્વરૂપના દર્શન, તેને સમર્પણ, તેમના પ્રેમની પ્રાપ્તી અને તેમના દિવ્ય લોકમાં પ્રવેશએ ભકિતયોગના અનુયાયીઓ પોતાના જીવનનું પરમ પ્રાપ્તીનું અને તેમના દિવ્ય લોકમાંપ્રવેશ એ ભકિતયોગના અનુયાયીઓ પોતાના જીવનનું પરમ પ્રાપ્તીનું ધ્યેય માને છે. જેમાં ઈશ્વરના નામ સ્મરણઃ સ્વરૂપચિંતન, ગુણચિંતન, લીલા ચિંતન, સેવા પૂજાના બાહ્ય સાધનો અને આંતરિક સાધનોમાં શ્રધ્ધા, પ્રેમ, વિશ્વાસ અને સમર્પણ ભાવ છે. આ રીતે ભકિતયોગમાં બુધ્ધિ નહિ પરંતુ 'ભાવપ્રધાન' મુખ્ય સાધન કહી શકાય.



લેખક
એસ. બી. ગોહિલ
પૂર્વ આસિ. પોલીસ કમિશનર
મો.૯૯૨૫૫૦૦૦૬૭

(૩) મંત્ર યોગઃ

મંત્રનો નિર્લેપભાવે જપ કરવો એ પણ પ્રભુપ્રાપ્તીનો જ માર્ગ છે. મહામૃત્યુંજય મંત્ર પ્રણવ (ૐ) ગાયત્રી મંત્ર, રામનામ વિગેરે અનેક મંત્રો સનાતનમાં છે. આ મંત્રોના તેમની વિધિ પ્રમાણે જાપ કરવાથી ઈષ્ટદેવની પ્રાપ્તી થાય છે. અજપા જપમાં મુખપાઠ, કંઠમાંથી નહિ પરંતુ મંત્રજાપ નાભિમાંથી આંતરિક ચેતનામાં ચાલે છે. જે પોતાની રીતે ચાલુ જ રહે છે.

(૪) કર્મ યોગઃ

મનના તમામ સંકલ્પ વિકલ્પનો ત્યાગ કરીને શ્રીમદ્ ભાગવત સંકલ્પ અનુસાર જીવવું એ કર્મયોગનું ધ્યેય છે.

શાસ્ત્રોકત પૌરાણિક કર્મો નિષ્કામ ભાવે કરવા તે કર્મયોગનો આરંભ છે. અને સહજ ઉપલબ્ધ કર્મો પ્રભુને સમર્પિત ભાવે કરવા એ દ્વિતિય અવસ્થા છે. અને ઈશ્વર સ્મરણમાં જીવતા જીવતા તેમના અર્થે કર્મો કરવા તે કર્મયોગની આખરી અવસ્થા છે. આમ નિષ્કામ ભાવે, પ્રભુ અર્થે અને ભગવાનમય ભાવે જીવન જીવવામાં આવે તોજ કર્મયોગ છે.

(૫) લય યોગઃ

લયયોગીઓની એવી શ્રધ્ધા છે કે, સમગ્ર વિશ્વ નાદમાંથી ઉત્પન્ન થયેલ છે.

લયયોગીઓ લયયોગની શરૂઆતમાં ઓમકાર વિગેરે નાદની સાધનાથી પ્રારંભ કરતા હોય છે અને આપ મેળે તેમની ચેતનામાં આંતરિક નાદ થવ લાગે વિકસિત અવસ્થા છે. આમ આખરે વિવિધ પગથીયા પાર કરતા કરતા સાધક મહાદેવને પ્રાપ્ત કરે છે.

(૬) હઠયોગઃ

વિજ્ઞાન મુજબ અને વાસ્તવમાં પણ મનુષ્યનું શરીર અતિશય રહસ્યમય તો છે જ ઉપરાંત તે પરમ ચૈતન્ય સુધી પહોચાડવાનું સાધન પણ થઈ શકે તેમ છે. હઠયોગએ આ શરીરની રહસ્યમય અવસ્થા અંગેનું વિશિષ્ટ જ્ઞાન છે. બોંતેરહજાર નાડીઓ, પંચપ્રાણ, પાંચ ઉપપ્રાણ, સાત ચક્રો, કુંડલીની અને કુંડલીનીનું ઉત્થાન એ પ્રાચિન હઠયોગનું વિજ્ઞાન છે. તેમાં આસન, પ્રાણયામ, અને વિવિધ મુદ્રાઓનો અભ્યાસ એ હઠયોગની સાધના પધ્ધતિ છે. તેના અભ્યાસથી મુલાધાર ચક્રમાં રહેલી સુષુપ્ત કુંડલી જાગ્રત થાય છે. અને ત્યારબાદ એક પછી એક ચક્રોમાંથી પસાર થતી સહસ્ત્રારચક્રમાં પહોચીને સાધકને સમાધી અવસ્થામાં પહોચાડે છે. ટુંકમાં 'પ્રાણોઅસ્મી પ્રજ્ઞાત્મા'એ સિધ્ધાંત મુજબ પ્રાણજય દ્વારા ચિતનો જય પ્રાપ્ત કરવાનો આ એક સુંદર માર્ગ છે.

રાજયોગઃ આપણે ત્યાં પ્રચલિત 'યોગ' શબ્દનો અર્થ સામાન્ય રીતે ધ્યાન-સમાધીના સુચિતાર્થમાં જ કરવામા આવે છે. પરંતુ યોગના ઉપર જોયા મુજબ અનેક પ્રકારો છે.

આપણે જે અર્થમાં યોગ શબ્દનો ઉપયોગ કરીએ છીએ તે ખરેખર રાજયોગ છે જેના આઠ અંગો યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા ધ્યાન અને સમાધી આ સાધનાક્રમને જ અષ્ટાંગયોગ કહેવામાં આવે છે. અને તેજ રાજયોગ છે. આ સાધના કરવા માટે ઋષિ પતંજલીનું પુસ્તક 'યોગસુત્ર'એ રાજયોગનો આધારભૂત ગ્રંથ કહેવાય છે.જેમાં ચિત્ત વૃત્તિઓનો નિરોધ કરી (મનને વશમાં કરી) ધ્યાન અભ્યાસ દ્વારા સમાધિ-અવસ્થામાં પહોચવાનો આ મુખ્ય માર્ગ છે. જેમાં સમાધિની પણ વિવિધ અવસ્થાઓ છે જે તમામને અંતે સાધક કેવલ્યની પ્રાપ્ત કરી શકે છે.

પ્રથમ અંગ 'યમ'ના પાંચ પગથિયા છે. અહિંસા, સત્ય; અસ્તેય, બ્રહ્મચર્ય, અને અપરિગ્રહ દ્વિતિય અંગ 'નિયમ'ના પણ પાંચ પગથિયા જે શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય, અને ઈશ્વર પ્રણિધાન છે.

આ બે યોગના અંગો યમ-નિયમના પાલન સિવાય ગમે તેટલા આસન-પ્રાણાયામ કરો પણ 'યોગ'માં પ્રગતિ થતી નથી. ફકત યમ-નિયમના પાલનથી જ મનની સ્થિરતા, એકાગ્રતા, ચિત્ત શુધ્ધિની પ્રાપ્તિ થતા યોગમાં પ્રગતિ થઈ શકે છે.

તૃતીય અંગ આસનઃ

યોગાસન એ લાંબા સમય સુધી નિરંતર અભ્યાસ કરવા માટેનું આવશ્યક અંગ છે.

ચતુર્થ અંગઃ

પ્રાણાયામનો પણ નિર્ધકાળ સુધી નિયમિત અભ્યાસ કરવામાં આવે તો મનનાદોષો બળીને ભષ્મ થાય છે.સાથે સાથે શરીરના દોષો (અમુક રોગો) પણ બળીને ભસ્મ થાય છે. પ્રાણાયામ એ અગ્નિ છે. મન અને શરીરને જોડતી કડી એ પ્રાણ છે આથી પ્રાણજય કરવો જરૂરી છે.

પાંચમુ અંગઃ

પ્રત્યાહાર, જયારે ઈન્દ્રિયોને વિષયો અને તેના સુખમાંથી પાછી વાળીને આત્મામાંજ એકાગ્ર કરવામાં આવે તેને પ્રત્યાહાર કહેવાય છે.

છઠ્ઠુ અંગઃ ધારણા એ વ્યકિતના ચિત્તનું કોઈ એક દેશ વિશેષ કે અંગ ઉપર (ધ્યેય) સ્થિર રાખવામાંઆવે તેને ધારણા કહે છે.

સાતમુ અંગઃ ધ્યાનઃ ધારણા મુજબ લાંબો સમય સુધી ચિતને કોઈ એક દેશ વિશેષ કે અંગ (ધ્યેય) ઉપર સ્થિર રાખવામા આવતા તે જગ્યા ઉપર ચિંત્તની ધારા એકધારી વહ્યા કરે તે અવસ્થા ને ધ્યાન કહે છે.

આઠમુ સમાધિઃ

ખુબજ લાંબા સમય સુધીના અભ્યાસના અંતે ધ્યાનમાં જયારે ધ્યેયનો માત્ર ભાસ જ થાય અને પોતાનું સ્વરૂપ અદ્રશ્ય (અલોપ) થઈ જાય ત્યારે તે અવસ્થાને સમાધિ કહે છે. આ સમાધિ એજ પરમ પ્રાપ્તીનું મહાદ્વાર છે.

ધ્યાન માટેની અનેક વિધિઓ છે પરંતુ આચાર્ય રજનિશજીએ તેમના ધ્યાનના પુસ્તક અનુસાર ૬૦ ધ્યાનવિધિઓનું વર્ણન કરેલ છે. પરંતુ જરૂર છે. ફકત અમન થવાની એટલે કે નિર્વિચાર અવસ્થા પ્રાપ્ત કરવાની !

**વિશ્વરસઃ યોગએ સનાતન ધર્મની સમગ્ર વિશ્વ અને માનવ જાતીને અમૂલ્ય ભેટ છે.**

# શહેર ભાજપ લઘુમતિ મોરચાના કારોબારી સભ્યોના નામની જાહેરાત



## નવનિયુકિત હોદ્દેદારોને સન્માનીત કરાયાઃ આગેવાનો હાજર રહ્યા

**અબતક, રાજકોટ**

શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવેની એક અખબારી યાદીમાં જણાવેલ છે કે પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્માજી તેમજ પ્રદેશ મહામંત્રી અને રાજકોટ શહેર ભાજપ સંગઠનના પ્રભારી અનિરૂધ્ધભાઈ દવે, પ્રદેશ ભાજપ લઘુમતી મોરચા પ્રમુખ નાહિન અબ્દુલહફીઝ કાઝી સાથે વિચાર વિર્મશ કર્યા બાદ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, મહામંત્રી વલ્લ્ભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસીંહ જાડેજા માર્ગદર્શન હેઠળ લઘુમતી મોરચાના પ્રમુખ ઈબ્રાહીમભાઈ સોની, મહામંત્રી ફિરોઝભાઈ ડેલા, અમીનભાઈ શમાએ રાજકોટ શહેર લઘુમતીભાજપ મોરચા અને લઘુમતી કારોબારીના તમામ હોદ્દેદારોનીજાહેરાત કરેલ છે.

ડો. માધવ દવેએ જણાવેલ કે ભારતીય જનતા પાર્ટીની વિચારધારા સાથે તમામ સમાજના નાગરીકો જોડાઈ રહ્યા છે અને વધુને વધુ પાર્ટીને સુદ્રઢ અને મજબુત કરવા માટે દરેક સમાજને પાર્ટીમાં જોડવામાં આવી રહ્યા છે ત્યારે વર્ષોથી રાષ્ટ્રીય, પ્રદેશ, શહેર અને વોર્ડમાં લઘુમતી મોરચાની હોદ્દેદારોની રચના કરતાં આવ્યા છે. ત્યારે નવનિયુકત લઘુમતી મોરચાના હોદ્દેદારોમાં શહેર ઉપપ્રમુખ તરીકે સમીરભાઈ જસરાયા, શાહનવાઝભાઈ સીદીકી, યુસુફભાઈ કટાર, સુલતાનભાઈ સુમરા, યાસીનભાઈ હેરંજા, શહેર મંત્રી તરીકે આસીફભાઈ મલેક, ફારૂકભાઈ કટારીયા, સૈયદ અર્શબાપુ બુખારી, અનવરભાઈ દલ, સમીરભાઈ પઠાણ, કોષાધ્યક્ષમાં અલતાફભાઈ સુરાણી, કાર્યાલયમંત્રીમાં અમીરરૂલ્લા દલ,કાર્યાલયમંત્રી હુસેનભાઈ હેરંજા,આઈ.ટી. ઈન્ચાર્જ તરીકે રસીદ મુશાદીયા, સોશીયલ મીડીયાના ઈન્ચાર્જ હુસેનભાઈ અંસારીમીડીયા ઈન્ચાર્જ તરીકે યુસુફભાઈ ભારમલની નિયુકતિ કરવામાં આવેલ હતો આ તમામ હોદ્દેદારોનો સત્માનનો કાર્યક્રમ રાજકોટ શહેર ભાજપ કમલમ કાર્યાલય ખાતે યોજવામાં આવેલ હતો.

આ તકે શહેર લઘુમતી ભાજપ મોરચા અને લઘુમતી કારોબારીના તમામ હોદ્દેદારોની આ નવનિયુકત ટીમ રાજકોટ શહેર ભાજપ પ્રમુખ પ્રદેશ મહામંત્રી અને રાજકોટ શહેર સંગઠન પ્રભારી અનિરૂધ્ધભાઈ દવે, શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, રાજકોટ લોકસભા સાંસદ પરશોતમભાઈ રૂપાલા,રાજ્યસભા સાંસદ રામભાઈ મોકરીયા, પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા, ધારાસભ્ય ઉદય કાનગડ, ડો.દર્શીતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, શહેર ભાજપ મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજા,પૂર્વ પ્રમુખ મુકેશભાઈ દોશી,કમલેશ મિરાણીસહીતના અગ્રણીઓએ તેમજ તમામ શ્રેણીના કાર્યકર્તાઓએ આવકારી શુભેચ્છા પાઠવેલ હતી.

# સાંદીપનિ મણીદ્વીપ સંસ્કૃત વિદ્યાલય-સંસ્કૃત શક્તિ ગુરૂકુળના વિદ્યાર્થીઓને રાજયપાલના હસ્તે એવોર્ડ એનાયત

## વિદ્યાર્થીઓએ રાત સુભાષિત પંડિત એવોર્ડ મેળવી ગૌરવ વધાર્યુ

**અબતક, રાજકોટ**

શ્રી સાંદીપની મણિદ્વીપ સંસ્કૃત વિદ્યાલય -સંસ્કૃત શક્તિ ગુરૂકુળ - મેટોડા રાજકોટના પાંચ તેજસ્વી વિદ્યાર્થીઓએ રાજ્યપાલ દેવવ્રત આચાર્યજીની નિશ્રામાં ગુજરાત રાજ્યકક્ષાએ આયોજિત ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ સમ્માન કાર્યક્રમ ગાંધીનગર માં શત સુભાષિત પંડિત ની પદવી મેળવી ગૌરવ વધાર્યું છે. કાર્યક્રમમાં ડો. પ્રદ્યુમન વાજા (ગુજરાત રાજ્ય શિક્ષણ મંત્રી ), ડો. હિમાંજય પાલીવાલ અધ્યક્ષ, ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ડો. ભાગ્યેશભાઈ જહા (અધ્યક્ષ, ગુજરાત સાહિત્ય અકાદમી) અને પ્રો. સુકાંત સેનાપતિ (કુલપતિ, સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી) અતિથિ વિશેષ સ્થાને રહ્યાં હતા. આ ઋષિકુમાર એ આ



સ્પર્ધામાં પોતાના અથાક પ્રયત્નો થી તથા ગુરુજનો ના માર્ગદર્શનથી નાની ઉંમર માં જ એક સો (૧૦૦) સુભાષિત સક્રમ કંઠસ્થ કરી બતાવ્યા. તેઓને આ ઉપાધિ મેળવવા બદલ ''શત સુભાષિત પંડિત'' ની પદવી એનાયત કરવામાં આવી તથા રૂ. ૨૧,૦૦૦/- રોકડ રકમ પુરસ્કૃત કરવામાં આવી. સમ્માનિત ઋષિકુમારોમા મહેતા હર્ષિત અલ્પેશભાઈ, મહેતા જયદેવ દર્શનભાઈ, જોષી ધ્રુવ અશ્વિનભાઈ, જોષી કેવલ ભાવિનભાઈ તથા પ. પંડ્યા કેશવ જીગ્નેશભાઈ રહેલ છે.

## બુધવારે મોડેલ સ્કુલ ખાતે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન

**અબતક, રાજકોટ**

સાંઈનાથ હોમિયોપેથીક હોસ્પિટલ મોડેલ સ્કુલ અને સી.જે. ગ્રુપ રાજકોટ દ્વારા નિઃશુલ્ક સર્વરોગ નિદાન મેડીકલ કેમ્પ ૧ એપ્રિલ બુધવારે સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી સ્થળ મોડેલ સ્કુલ હનુમાન મઢી રૈયા રોડ, ભગવતી હોલ વાળી શેરી પૂર્વમુખી હનુમાન મંદિર ચોક, રાજકોટ ખાતે યોજાશે.

કેમ્પમાં રાજકોટ હોમિયોપેથીક મેડીકલ કોલેજ, પારુલ યુનિ. સંચાલીત સાંઈનાથ હોમીયોપેથીક હોસ્પિટલના તજજ્ઞ ડો. હિતાર્થ મહેતા, ડો. બી.પી. પાન્ડા, ડો. મીનલ ત્રિવેદી, ડો. રિંકલ અધ્વર્યુ, ડો. અભિષેક રાણા, ડો. અમન કુરેશી, ડો. રવિ ખાણદર (જનરલ ચેકઅપ) તેમજ દાંતના ડો. નીતાબેન ટાંક, (ફીઝીયોથેરાપીસ્ટ), ડો. નીધી પંડયા (લેબોરેટરી ચેકઅપ) માં દર્શના મકવાણા અને તેમની ટીમ હઠીલા રોગોનું નિદાન કરી ફ્રી દવા આપશે. ઉપરોક્ત મેડીકલ કેમ્પનો જાહેર જનતાએ લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

# ચેક રિટર્ન કેસમાં પ્રહલાદ પ્લોટના વેપારીને એક વર્ષની સજા

## શિવમ મજેઠીયાએ રૂ.૪,૧૦ લાખની દોઢી રકમનું વળતર ફરિયાદીને ચૂકવવા આદેશ

**અબતક, રાજકોટ**

શહેરના પ્રહલાદ પ્લોટ વિસ્તારમાં આવેલા 'મજેઠીયા સ્ટોર' ના નામે વેપાર કરતા શિવમ વિજયભાઈ મજેઠીયાને ચેક રિટર્ન કેસમાં અદાલતે એક વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમનું દોઢી વળતર ચૂકવવાનો કડક હુકમ ફરમાવ્યો છે.બનાવની પ્રાપ્ત વિગતો મુજબ શહેર નીલેશકુમાર મહેશ્વરીએ મિત્રતાના દાવે પ્રહલાદ પ્લોટ વિસ્તારના 'મજેઠીયા સ્ટોર' ના નામે વેપાર કરતા શિવમ વિજયભાઈ મજેઠીયાને રૂ. ૪,૧૦ લાખ હાથ ઉછીના આપ્યા હતા. નીલેશકુમાર મહેશ્વરીએ રકમ પરત માંગતા શિવમ મજેઠીયાએ ચેક આપ્યો હતો. જે ચેક બેંકમાં રજૂ કરતા તે લેણી રકમ વસૂલ થયા વગર જ પરત ફર્યો હતો. ચેક પરત ફર્યા બાદ નીલેશકુમાર મહેશ્વરીએ નાણાં પરત મેળવવા માટે કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. બાદ કેસની સુનાવણી દરમિયાન આરોપીની સતત ગેરહાજરીના સબબથી અદાલતમાં સંપૂર્ણ કેસ એકતરફી ચાલ્યો હતો.આ કેસમાં રજૂ થયેલા પુરાવાઓ અને હકીકતોને ધ્યાને લઈને મેજિસ્ટ્રેટ આરોપી શિવમ વિજયભાઈ મજેઠીયાને કસૂરવાર ઠેરવ્યા હતા. અદાલતે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમની દોઢી રકમનું વળતર ફરિયાદીને ચૂકવી આપવાનો હુકમ કર્યો છે.ફરિયાદી નિલેશકુમાર મહેશ્વરી વતી રાજકોટના ધારાશાસ્ત્રી હાર્દિક એન. મહેતા, અભય એચ. ખખ્ખર અને કપીલ જી. કોટેચા રોકાયેલા હતા.

# ઈસ્કોન દ્વારા હરે કૃષ્ણ મહામંત્રના નાદ સાથે વિશ્વ શાંતિ માટે સંદેશ ફેલાવાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ ઈસ્કોન મંદિર રાજકોટ (આંતરરાષ્ટ્રીય કૃષ્ણ ભાવનામૃત સંઘ) દ્વારા વિશ્વ શાંતિ અને વૈશ્વિક સદભાવના માટે વિશેષ હરિનામ સંકીર્તન કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.



ત્રિકોણબાગ રાજકોટ ખાતે કાર્યક્રમનો આરંભ થયો હતો, જેમાં શહેરના વિવિધ વિસ્તારોમાંથી આશરે ૧૦૦ થી વધુ ભક્તોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ભક્તોએ ભજન-કીર્તન દ્વારા ભગવાનના પવિત્ર નામોનું ગાન કરીને સમગ્ર વાતાવરણને આધ્યાત્મિક ભાવનાથી ઓતપ્રોત કરી દીધું હતું. આ હરિનામ સંકીર્તનનો મુખ્ય હેતુ વિશ્વમાં શાંતિ અને આધ્યાત્મિક જાગૃતિ ફેલાવવાનો રહ્યો હતો. શહેરના માર્ગો પર શાંતિપૂર્ણ રીતે સંકીર્તન યાત્રા યોજાઈ હતી, જેમાં ભક્તોએ હરે કૃષ્ણ મહામંત્રનું ગાન કરી જનમાનસમાં સકારાત્મક ઉર્જાનો સંચાર કર્યો હતો. પ્રભુજીએ જણાવ્યું હતું કે હાલની વૈશ્વિક પરિસ્થિતિ તણાવપૂર્ણ હોવાથી, આવી પરિસ્થિતિમાં ભગવાનના પવિત્ર નામો જ સાચો આશરો છે. તેમણે તમામને આવા આધ્યાત્મિક કાર્યક્રમોમાં જોડાઈ વિશ્વ શાંતિ માટે પ્રાર્થના કરવાની પ્રેરણા આપી હતી.આ આયોજન દ્વારા સમાજમાં એકતા, શાંતિ અને સકારાત્મકતા ફેલાવવાનો સફળ પ્રયત્ન થયો હતો. ઈસ્કોન રાજકોટ દ્વારા આ કાર્યક્રમમાં સહભાગી બનેલા તમામ ભક્તો અને નાગરિકોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# કણસાગરા મહિલા કોલેજ ખાતે વંદે માતરમ સમૂહ ગાન અને પદયાત્રાનું આયોજન

**અબતક, રાજકોટ**

વંદેમાતરમના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના પાવન અવસર પર કે. એસ. એન. કણસાગરા મહિલા કોલેજ ખાતે રાષ્ટ્રભાવના વિકસે તે હેતુસર સમૂહ ગાન અને પદયાત્રાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વંદે માતરમ ભારતનું અતિ પ્રેરણાદાયક રાષ્ટ્રગીત છે,, જે બેંકિમચંદ્ર ચટોપાધ્યાય દ્વારા રચાયું હતું અને સ્વાતંત્ર્ય આંદોલન દરમિયાન દેશભકિતનું પ્રતિક બની રહ્યું હતું. આ ગીતે સ્વતંત્રતા સંગ્રામના સમયગાળામાં દેશભક્તોને પ્રેરણા આપીને રાષ્ટ્રીય ચેતના જગાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ, એકતા અને રાષ્ટ્રીય ગૌરવની ભાવના મજબૂત બને તેવો મુખ્ય ઉદ્દેશ્ય રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા રમતગમત વિભાગના જાડેજા સર તેમજ જિલ્લા સંસ્કૃતિ પ્રવૃતિ વિભાગના દિયોરા સરના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક યોજાયો હતો. આ પ્રસંગે પ્રિન્સિપાલ ડો. સ્નેહલ મેડમ તથા સમગ્ર કોલેજ પરિવાર દ્વારા વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમ, શિસ્ત અને સામાજિક જવાબદારીની ભાવના વિકસે તેવો સફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ પ્રેરણાદાયક અને યાદગાર રીતે પૂર્ણ થયો હતો.

# સૂર્યવંશીનો "વૈભવ": ચેન્નાઈ સામે રોયલ્સનો આસાન વિજય

## ચેન્નાઈ સુપર કિંગ્સ માત્ર ૧૨૭માં આઉટ, સૂર્યવંશીએ રોયલ્સ માટે ૧૫ બોલમાં અડધી સદી ફટકારી: રવિન્દ્ર જાડેજાએ ચેન્નાઈ સુપર કિંગ્સને એક જ ઓવરમાં ૨ ઝટકા આપ્યા



**અબતક, રાજકોટ**

ઓપનર વૈભવ સૂર્યવંશીએ માત્ર ૧૫ બોલમાં પાંચ સિક્સર સાથે અડધી સદી ફટકારતાં રાજસ્થાન રોયલ્સે આઈપીએલની ૨૦૨૬ની ટીૃ૨૦ ક્રિકેટ સિઝનનો ઝઝાવાતી પ્રારંભ કરતાં ચેન્નાઈ સુપર કિંગ્સને આઠ વિકેટથી આસાનીથી હરાવ્યું હતું. આમ રિયાન પરાગની ટીમે વિજય સાથે સિઝનનો પ્રારંભ કર્યો હતો. આ વિજય બાદ રાજસ્થાન રોયલ્સ હવે ચોથીએ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઈટન્સ સામે રમશે. અહીં રમાયેલી મેચમાં રાજસ્થાન રોયલ્સના બોલર્સે શરૂઆતમાં કમાલ કરી હતી અને ત્યાર બાદ વૈભવ સૂર્યવંશી છવાઈ ગયો હતો. ચેન્નાઈ સુપર કિંગ્સ ૧૯.૪ ઓવરમાં માત્ર ૧૨૭ રન કરી શક્યું હતું. જેના જવાબમાં રાજસ્થાન રોયલ્સે ૧૨.૧ ઓવરમાં બે વિકેટ ગુમાવીને ટારગેટ વટાવી દીધો હતો.૧૨૮ રનના આસાન લક્ષ્યાંક સામે રમતાં રોયલ્સ માટે સૂર્યવંશી અને યશસ્વી જયસ્વાલે ધમાકેદાર પ્રારંભ કર્યો હતો. ખાસ કરીને ૧૫ વર્ષીય સૂર્યવંશી વધારે આક્રમક રહ્યો હતો. તેણે માત્ર ૧૫ બોલમાં અડધી સદી પૂરી કરી હતી. જોકે ત્યાર બાદ તે ટકી શક્યો ન હતો અને ૧૭ બોલમાં બાવન રન ફટકારીને આઉટ થયો હતો જેમાં પાંચ સિક્સર ઉપરાંત ચાર ચોગ્ગા સામેલ હતા.બીજે છેડે યશસ્વી જયસ્વાલ ટકી ગયો હતો અને ટી૨૦ ક્રિકેટની અનિશ્ચિતતાની ટીમના પરિણામ પર અસર થવા દીધી ન હતી. તેણે ૩૬ બોલમાં ત્રણ ચોગ્ગા અને એક સિક્સર સાથે અણનમ ૩૮ રન ફટકાર્યા હતા. અગાઉ રાજસ્થાને ટોસ જીતીને ચેન્નાઈને બેટિંગ આપી હતી. ધોની વિનાની સુપર કિંગ્સનો ધબડકો થયો હતો. રાજસ્થાન રોયલ્સના બોલરોના તરખાટ સામે ચેન્નાઈ સુપર કિંગ્સ માત્ર ૧૨૭ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. રાજસ્થાન રોયલ્સના બોલરોએ વાદળછાયા વાતાવરણ અને પિચની સ્થિતિનો ભરપૂર ફાયદો ઉઠાવીને ચેન્નાઈની બેટિંગને વિખેરી નાખી હતી. વરસાદને કારણે પિચ લાંબો સમય કવર હેઠળ રહી હોવાથી રાજસ્થાનના કેપ્ટન રિયાન પરાગે પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો, જે યોગ્ય સાબિત થયો હતો.સિઝન અગાઉ બંને ટીમે પોતાના દિગ્ગજ ખેલાડીઓની અદલાબદલી કરી હતી. રવીન્દ્ર જાડેજા રાજસ્થાન રોયલ્સમાં પરત ફર્યો હતો, જ્યારે સંજુ સેમસન ચેન્નાઈ સુપર કિંગ્સ તરફથી રમવા મેદાનમાં ઉતર્યો હતો. પોતાની જૂની ટીમ રાજસ્થાન માટે રમતા જાડેજાએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે પોતાની પ્રથમ જ ઓવરમાં બે વિકેટ ઝડપીને ચેન્નાઈની કમર તોડી નાખી હતી. ચેન્નાઈ માટે આ બેટિંગ પ્રદર્શન ખાસ યાદગાર રહ્યું ન હતું. પાવરપ્લેમાં જ રાજસ્થાનના ઝઢપી બોલરોએ કેર વર્તાવ્યો હતો. ટી૨૦ વર્લ્ડ કપ હીરો સંજુ સેમસન ચેન્નાઈ માટેની પોતાની પહેલી જ મેચમાં નિષ્ફળ રહ્યો હતો. નાન્દ્રે બર્ગરના એક શાર્પ બોલ પર મોટો શોટ મારવાના પ્રયાસમાં તે બોલ્ડ થયો હતો. કેપ્ટન ઋતુરાજ પણ જોફરા આર્ચરે ફેંકેલા સચોટ બોલ પર બોલ્ડ થઈને પેવેલિયન ભેગો થયો હતો. નાન્દ્રે બર્ગરે આયૂષ મ્હાત્રેને બાઉન્સર પર આઉટ કરીને હેટ્રિકની તક ઊભી કરી હતી. ત્યાર બાદ રવીન્દ્ર જાડેજાએ આઠમી ઓવરમાં સરફરાઝ ખાન (૧૭) અને શિવમ દૂબે (૦૬)ને આઉટ કરીને આઠ ઓવરમાં ચેન્નાઈનો સ્કોર છ વિકેટે ૫૭ કરી નાખ્યો હતો. ચેન્નાઈ તરફથી માત્ર જેમી ઓવર્ટને ૩૬ બોલમાં ૪૩ રન ફટકારીને થોડી લડત આપી હતી, જેને કારણે ટીમ ૧૨૦નો આંક પાર કરી શકી હતી. રાજસ્થાન માટે જોફરા આર્ચર, નાન્દ્રે બર્ગર અને રવીન્દ્ર જાડેજાએ બે બે વિકેટ ઝડપી હતી.

### ગુલાબી કલર મને ખુબ જ અનુકૂળ છે: રવિન્દ્ર જાડેજા



પહેલી ઈનિંગ બાદ રવિન્દ્ર જાડેજાએ તેની બોલિંગ વિશે વાત કરી. તેને કહ્યું કે પિંક કલર તેને ખૂબ જ અનુકૂળ આવે છે. હું શિવમ દુબેને ઘણા સમયથી ઓળખું છું. હું તેને નેટમાં બોલિંગ કરતો હતો, તેથી મને ખબર હતી કે તે શું કરશે. મેં ઓફ-સ્ટમ્પની બહાર બોલિંગ કરી કારણ કે મને ખબર હતી કે તે મોટા શોટ રમવાનો પ્રયાસ કરશે. વિકેટ પર બેટિંગ કરવી મુશ્કેલ હતી અને બોલ ક્યારેક ટર્ન થઈ રહ્યો હતો. મારું કામ ફક્ત યોગ્ય વિસ્તારમાં બોલિંગ કરવાનું હતું. ક્રિકેટમાં તમે કંઈપણ હળવાશથી લઈ શકતા નથી. લક્ષ્ય ગમે તે હોય, તમારે સારા શોટ રમવા પડે છે.

### ભારતમાં ક્રિકેટ રમત જ નહિ પરંતુ ધર્મ: વૈભવના ધોનીને પગ સ્પર્શ કરવાની હૃદયસ્પર્શી ક્ષણ ફરી વાયરલ



ક્રિકેટ ભારતમાં માત્ર એક રમત નથી, પરંતુ તે એક ધર્મ છે. અને આ ધર્મના દેવતા તરીકે મહેન્દ્ર સિંહ ધોનીને લાખો ક્રિકેટ પ્રેમીઓ પૂજે છે.

આઈપીએલ ૨૦૨૬ની ચાલુ સીઝન વચ્ચે, આપણે ફરી એક વાર ૨૦૨૫ની તે હૃદયસ્પર્શી ક્ષણને યાદ કરીએ છીએ, જ્યારે બિહારના ૧૫ વર્ષના યુવા પ્રતિભાશાળી વૈભવ સૂર્યવંશીએ તેમના આદર્શ ધોનીના પગને સ્પર્શ કરીને આશીર્વાદ લીધા હતા. આ ક્ષણે સમગ્ર દેશના ક્રિકેટ પ્રેમીઓના હૃદયને સ્પર્શી લીધું અને સોશિયલ મીડિયા પર વાયરલ બની ગઈ.

આઈપીએલ ૨૦૨૫માં રાજસ્થાન રોયલ્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચેની મેચ અરુણ જેટલી સ્ટેડિયમ, દિલ્હીમાં રમાઈ હતી. આ મેચમાં વૈભવ સૂર્યવંશીએ રાજસ્થાન રોયલ્સ તરફથી બેટિંગ કરતાં એક અદ્ભુત અર્ધસેન્ચુરી ફટકારી હતી. મેચ પછી, જ્યારે બંને ટીમોના ખેલાડીઓ એકબીજાને હાથ મિલાવી રહ્યા હતા, ત્યારે વૈભવની વારી આવી.

ધોનીએ હાથ આગળ વધાર્યો, પરંતુ ૧૫ વર્ષના આ યુવાને સામાન્ય હેન્ડશેક કરવાને બદલે નમીને ધોનીના પગને સ્પર્શ કર્યા. એક હાથથી ધોનીના પગને અને બીજા હાથથી ધોનીનો હાથ પકડીને તેણે પરંપરાગત રીતે આશીર્વાદ માંગ્યા.

ધોનીએ આ જોઈને મુક્તસર સ્મિત કર્યું અને યુવાનને આશીર્વાદ આપ્યા. આ ક્ષણ વીડિયોમાં કેદ થઈ અને તરત જ વાયરલ બની ગઈ.

### વૈભવ રાજસ્થાન માટે અડધી સદી ફટકારનાર બીજો સૌથી ઝડપી બેટ્સમેન બન્યો

છેલ્લા કેટલાક વર્ષોમાં અનેક બેટ્સમેનોએ તોફાની ઈનિંગ રમીને આ લિસ્ટમાં પોતાનું સ્થાન બનાવ્યું છે.પાંચમા નંબરે વૈભવ સૂર્યવંશીનું નામ આવે છે, જેને ૨૦૨૬માં એટલે કે આ સિઝનમાં જ ચેન્નાઈ સુપર કિંગ્સ સામે ૧૫ બોલમાં અડધી સદી ધમાકેદાર છે. તે રાજસ્થાન રોયલ્સ માટે અડધી સદી ફટકારનાર બીજો સૌથી ઝડપી બેટ્સમેન બન્યો. આ ખેલાડીઓની તોફાની બેટિંગ આઈપીએલને વધુ રોમાંચક બનાવે છે અને યુવા ક્રિકેટરો માટે પ્રેરણારૂપ બની રહી છે.

પડયા ઉપર પાટુ

# ગત વર્ષના પ્રમાણમાં જીરાની નિકાસ ૧૨.૫% ઘટી

## આંતરરાષ્ટ્રીય તણાવને કારણે ઓર્ડર રદ થયા , સમુદ્રી રસ્તે માલ મોકલવાનું ભાડું ખૂબ વધતા નિકાસ કરવી મોંઘી પડી



**અબતક અમદાવાદ**

વર્ષ ૨૦૨૫ ગુજરાતના જીરાના વેપાર માટે નબળું સાબિત થયું છે. ચીન તરફથી ઓછી માંગ અને પશ્ચિમ એશિયામાં યુદ્ધ જેવી સ્થિતિને કારણે ભારતની જીરાની નિકાસમાં ૧૨.૫% નો ઘટાડો નોંધાયો છે. ૨૦૨૪ માં નિકાસ: ૨.૩૭ લાખ મેટ્રિક ટન, ૨૦૨૫ માં નિકાસ: ૨.૦૭ લાખ મેટ્રિક ટન, સૌથી મોટો ઘટાડો માર્ચમાં (-૪૩%) અને એપ્રિલ (-૪૭%) મહિનામાં જોવા મળ્યો.

ચીનમાં આ વખતે જીરાનો પાક સારો થતા તેમણે ભારત પાસેથી ખરીદી ઘટાડી દીધી છે. ઈઝરાયેલ-હમાસ કે અન્ય આંતરરાષ્ટ્રીય તણાવને કારણે દુબઈ અને અન્ય દેશોમાં ઓર્ડર રદ થયા છે. સમુદ્રી રસ્તે માલ મોકલવાનું ભાડું (ફ્રેઈટ) ખૂબ વધી ગયું છે, જેના કારણે નિકાસ કરવી મોંઘી પડી રહી છે. બાંગ્લાદેશમાં રાજકીય અસ્થિરતા અને પેમેન્ટના જોખમને લીધે વેપારીઓ માલ મોકલતા ડરી રહ્યા છે.

ગુજરાતનું ઊંઝા એ જીરાનું સૌથી મોટું હબ છે, અને જ્યારે નિકાસ ઘટે ત્યારે તેની અસર છેક ખેડૂતના ખેતર સુધી પહોંચે છે. ગુજરાત ભારતનું જીરાનું પાવરહાઉસ છે, તેથી આ ક્ષેત્રમાં આવતા બદલાવની સીધી અસર રાજ્યના અર્થતંત્ર પર પડે છે.

# રાજકોટ ડેરી દ્વારા દુધના ખરીદભાવમાં કરાયો વધારો: ૫૦ હજાર પશુપાલકોને ફાયદો

## આવતીકાલથી એક કિલો ફેટના રૂ. ૮૩૦ ચૂકવાશે

**અબતક,રાજકોટ**

રાજકોટ ડેરી દ્વારા ૫૦ હજારથી વધુ પશુ પાલકોનાં હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. દૂધની ખરીદ કિંમતમાં રૂ.૧૦નો વધારો કરવામાં આવ્યો છે. આવતીકાલથી પ્રતિ એક કિલો ફેટના રૂ. ૮૩૦ ચૂકવવામાં આવશે.

રાજકોટ દૂધ સંઘનાં અધ્યક્ષ ગોરધનભાઈ ધામેલીયા અને નિયામક મંડળના સભ્યો દ્વારા સંઘ સાથે જોડાયેલા હજારો દૂધ ઉત્પાદકોના આર્થિક અને સામાજિક હિતોને ધ્યાનમાં રાખીને નિર્ણયો લેવામાં આવે છે. હાલની ઉનાળાની પરીસ્થીતી અને કમોસમી વાતાવરણમાં ફેરફાર ને ધ્યાનમાં રાખીને દૂધ ઉત્પાદકોને આર્થિક રીતે મદદ થવાનાં ઉદેશથી સંઘનાં નિયામક મંડળે પ્રતિ કિલો ફેટે રૂા.૨૦ નો ભાવ વધારો કરીને પ્રતિ કિલો ફેટનો ભાવ રૂા.૮૩૦ કરવા નિર્ણય નક્કી કર્યો છે. અત્યારે દૂધ મંડળીઓને પ્રતિ કિલો ફેટનો ભાવ રૂા.૮૧૦ ચુકવવામાં આવી રહયો છે.

દૂધ સંઘ દ્વારા આવતીકાલ થી દૂધ મંડળીઓને પ્રતિકિલો ફેટે રૂા.૮૩૦/-ચુકવવામાં આવશે અને દૂધ મંડળીઓ તેના દૂધ ઉત્પાદકોને પ્રતિ કિલો ફેટનો ભાવ રૂા.૮૨૫/-ચુકવશે. આ નિર્ણયથી દૂધ સંઘ સાથે જોડાયેલ ૫૦ હજારથી વધારે દૂધ ઉત્પાદકોને આર્થિક ફાયદો થશે. આ જાહેરાત દૂધ સંઘના અધ્યક્ષ ગોરધનભાઈ ધામેલીયા તરફથી કરવામાં આવેલ છે.


# હવાની સાથે સાથે પાણીમાંથી ડ્રોન હુમલા થઈ શકે

## અમેરિકાએ ઈરાન સામેની તેની 'ઓપરેશન એપિક ફ્યુરી'માં પહેલીવાર આવી હાઈટેક ડ્રોન બોટ ઉતારી છે

**અબતક દિલ્હી**

અત્યાર સુધી આપણે આકાશમાં ઉડતા ડ્રોન વિશે સાંભળ્યું હતું, પણ હવે દરિયામાં 'સી-ડ્રોન' અથવા 'ગાર્ક' જેવી માનવરહિત બોટ દ્વારા યુદ્ધ લડાઈ રહ્યું છે. અમેરિકાએ ઈરાન સામેની તેની 'ઓપરેશન એપિક ફ્યુરી'માં પહેલીવાર આવી હાઈટેક ડ્રોન બોટ ઉતારી છે. હવે સમુદ્રમાં મોંઘા જહાજો સામે સસ્તા અને સ્માર્ટ ડ્રોનનું જોખમ વધી ગયું છે.

આ ટેકનોલોજી નવી હોવાથી અમેરિકાને અનેક મુશ્કેલીઓ પડી રહી છે. ક્યારેક ડ્રોન બોટ એકબીજા સાથે અથડાઈ જાય છે તો ક્યારેક ટેકનિકલ ખામીને લીધે બંધ પડી જાય છે. ચીને 'ઓરકા' નામનું મોટું ડ્રોન જહાજ બનાવ્યું છે, જે જાસૂસીની સાથે સાથે મિસાઈલ અને રોકેટ પણ છોડી શકે છે.અમેરિકા, ચીન અને ઈરાન વચ્ચે ચાલી રહેલી આ ટેકનોલોજીકલ વોર ભવિષ્યના યુદ્ધો કેવા હશે તેનો સંકેત આપે છે. ભારત માટે પણ હિંદ મહાસાગરની સુરક્ષા માટે આ સમજવું જરૂરી છે.અમેરિકાએ તેની જીએઆરસી નામની ડ્રોન બોટ તૈનાત કરી છે, જેણે અત્યાર સુધીમાં હજારો કિલોમીટરનું અંતર કાપી પેટ્રોલિંગ કર્યું છે. સામે પક્ષે, ઈરાન સસ્તી અને નાની બોટનો ઉપયોગ કરે છે જે દેખાવમાં સામાન્ય માછીમારની બોટ જેવી લાગે છે, એટલે તેને ઓળખવી મુશ્કેલ બને છે.



### શું છે આ ડ્રોન બોટ?

આ એવી બોટ છે જેમાં કોઈ માણસ હોતો નથી. તેને રિમોટથી અથવા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા કિનારે બેસીને ચલાવી શકાય છે. તે જાસૂસી કરવા, દરિયાઈ સુરંગો શોધવા કે વિસ્ફોટકો ભરીને દુશ્મનના જહાજ સાથે અથડાઈ તેને તોડી પાડવા માટે વપરાય છે. તેમાં અત્યાધુનિક સેન્સર્સ, કેમેરા અને રડાર લાગેલા હોય છે. તે જીપીએસ અને સેટેલાઈટ દ્વારા દુનિયાના ખૂણે ખૂણેથી ઓપરેટ કરી શકાય છે. આ બોટ ખાસ પ્રકારના રિન્યુએબલ એનર્જી સોર્સથી ચાલે છે, જેથી લાંબો સમય સમુદ્રમાં રહી શકે.

# રાજ્યના ૬ સેન્ટર ઓફ એક્સેલન્સની એમઈ-એમ.ટેકની ૩૫૮ બેઠક માટે પ્રવેશ કાર્યવાહી શરૂ

## રાષ્ટ્રીય કક્ષાની પરીક્ષા આપી હોય તેવા વિદ્યાર્થીઓ આગામી ૯મી એપ્રિલ સુધી રજિસ્ટ્રેશન કરી શકશે

**અબતક, રાજકોટ**

રાજ્યની ૬ સેન્ટર ઓફ એક્સેલન્સ યુનિવર્સિટીઓમાં ચાલતાં એમ.ઈ. અને એમ.ટેક કોર્સની ૨૫ ટકા લેખે કુલ ૩૫૮ બેઠકો ગેટના આધારે પ્રવેશ સમિતિ દ્વારા ભરવામાં આવતી હોય છે. આ ૨૫ ટકા બેઠકો પર પ્રવેશ ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે તા.૩૦થી આગામી તા. ૯મી એપ્રિલ સુધી રજિસ્ટ્રેશનની કાર્યવાહી કરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા જુદી જુદી સંસ્થાઓને સેન્ટર ઓફ એક્સેલન્સનો દરજ્જો આપવામાં આવ્યો છે. આ સંસ્થાઓની ૨૫ ટકા બેઠકો એડમિશન કમિટી દ્વારા ભરવામાં આવતી હોય છે. માસ્ટર ઓફ ઈજનેરી એટલે કે એમ.ઈ અને માસ્ટર ઓફ ટેકનોલોજી એટલે કે એમ.ટેકના કોર્સની કુલ ૩૫૮ બેઠકો માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ચાલુ વર્ષે વર્ષ ૨૦૨૬માં જે વિદ્યાર્થીઓ બી.ઈ. કે બી.ટેક પાસ થયા હોય અથવા તો છેલ્લા સેમેસ્ટરમાં અભ્યાસ કરતાં હોય અને આગામી પરીક્ષામાં બેસવાના હોય અને ગેટ આપી હોય તેવા વિદ્યાર્થીઓ આ બેઠકો માટે દરખાસ્ત કરી શકશે. પ્રવેશ સમિતિ દ્વારા માત્ર સેન્ટર ઓફ એક્સેલન્સની ૨૫ ટકા બેઠકો માટે જ કાર્યવાહી કરવામાં આવશે. આ સિવાયની ૭૫ ટકા બેઠકો જે તે સંસ્થાઓ જાતે અથવા તો ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સાથે જોડાયેલી સંસ્થાઓમાં પ્રવેશ સમિતિના માધ્યમથી પીજીસેટ કે ગેટના મેરિટના આધારે પ્રવેશ ફાળવવામાં આવશે. મહત્વની વાત એ કે, હાલમાં જે કાર્યવાહી થઈ રહી છે તે ગેટના આધારે થવાની છે. ગેટ આપી ન હોય તેવા વિદ્યાર્થીઓ માટે આગામી દિવસોમાં પોસ્ટ ગ્રેજ્યુએટ કોમન એન્ટ્રન્સ ટેસ્ટ એટલે કે પીજીસીઈટી લેવામાં આવતી હોય છે. પરીક્ષાના આધારે મે-જૂન માસમાં પ્રવેશ સમિતિ દ્વારા સેન્ટર ઓફ એક્સેલન્સ સિવાયની કોલેજોમાં ચાલતાં એમ.ઈ.કોર્સ માં પ્રવેશ માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. નોંધનીય છે કે, મોટાભાગના વિદ્યાર્થીઓ ગેટ આપવા કરતાં સ્થાનિક પરીક્ષા આપવાનું વધારે પસંદ કરતાં હોવાથી મોટાભાગની બેઠકો પીજીસેટના આધારે જ ભરવામાં આવશે.

# ધો.૧૨ સાયન્સનું પરિણામ જાહેર થાય તે પહેલાં વિદ્યાર્થીઓને ૪ ગુણની લ્હાણી

## શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ સાયન્સના મુખ્ય ચાર વિષયોની પ્રોવિઝનલ આન્સર કી જાહેર: ફિઝિક્સ અને કેમિસ્ટ્રીના પ્રશ્નપત્રમાં ભૂલ હોવાથી ગુણ આપવાનો નિર્ણય

**અબતક, રાજકોટ**

ધો.૧૨ સાયન્સનું પરિણામ જાહેર થાય તે પહેલા ગુજરાતી- અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને ૪ અને હિન્દી માધ્યમના વિદ્યાર્થીઓને ૩ ગુણની લ્હાણી થઈ ગઈ છે. શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ સાયન્સની પરીક્ષા લેવામાં આવ્યા બાદ મુખ્ય ચાર વિષયની પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરી છે. જેમાં કેમિસ્ટ્રી અને ફિઝિક્સ વિષયના પ્રશ્નપત્રોમાં કેટલાક પ્રશ્નોમાં ભૂલ હોવાનું જણાતા તે પ્રશ્નો માટે વિદ્યાર્થીઓને ગુણ આપવાનું નક્કી કરાયું છે. શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરેલી પ્રોવિઝનલ આન્સર કીને લઈને ઉમેદવારોને રજૂઆત હોય તો ૪ એપ્રિલ સુધી કરી શકે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ સાયન્સની પરીક્ષા ૨૬ ફેબ્રુઆરીથી ૧૬ માર્ચ દરમિયાન લેવામાં આવી હતી. પરીક્ષા પૂર્ણ થયા બાદ હાલમાં ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી ચાલી રહી છે. દરમિયાન, શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ સાયન્સના મુખ્ય ચાર વિષયોની પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરી છે. જેમાં કેમિસ્ટ્રી, ફિઝિક્સ, મેથ્સ અને બાયોલોજી વિષયની ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી માધ્યમની પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરવામાં આવી છે. આન્સર કીને લઈને કોઈ રજૂઆત હોય તો ૪ એપ્રિલ સુધીમાં બોર્ડને ઈ-મેઈલ દ્વારા રજૂઆત મોકલવાની રહેશે. શિક્ષણ બોર્ડ સમક્ષ રજૂઆત માટે પ્રશ્નદીઠ રૂ. ૫૦૦નું ચલણ ભરી જમા કરાવવાનું રહેશે. ઈ-મેઈલ સાથે ચલણની કોપી જોડવાની રહેશે, તે વગરની રજૂઆતો ધ્યાને લેવાશે નહીં. રજૂઆતોની નિષ્ણાતો પાસે ચકાસણી કરાવવામાં આવશે. જેમાં જો રજૂઆત સાચી ઠરશે તો ઉમેદવારોને પ્રશ્ન દીઠ ભરેલા પૈસા પરત કરવામાં આવશે. શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રોવિઝનલ આન્સર કીની વિગતો જોઈએ તો, ધો.૧૨ સાયન્સમાં ગણિત અને બાયોલોજીના પેપરમાં કોઈ પણ પ્રકારની ભૂલ ન હોવાનું જણાયું હતું. જ્યારે ફિઝિક્સ અને કેમિસ્ટ્રીના પ્રશ્નપત્રોમાં ભૂલ હોવાનું જણાતા તે ભૂલ બદલ ગુણ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કેમિસ્ટ્રીના પ્રશ્નપત્રમાં ગુજરાતી અને હિન્દી માધ્યમના પ્રશ્નપત્રમાં એક-એક પ્રશ્નમાં ભૂલ હોવાનું જણાયું હતું. જેથી આ પ્રશ્નો માટે તમામ વિદ્યાર્થીઓને ૧-૧ ગુણ આપવાનો નિર્ણય લેવાયો છે. જ્યારે અંગ્રેજી માધ્યમના પ્રશ્નપત્રમાં બે પ્રશ્નોમાં ભૂલ હોવાનું જણાતા અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને ૨ ગુણ આપવામાં આવશે. ઉપરાંત ફિઝિક્સના પ્રશ્નપત્રમાં ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને ૩ ગુણની જ્યારે હિન્દી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને ૨ ગુણની લ્હાણી થશે. કેમિસ્ટ્રીના પ્રશ્નપત્રમાં ત્રણેય માધ્યમના પ્રશ્નપત્રમાં ભૂલ હોવાનું જણાયું હતું. જેથી તેમને પ્રોવિઝનલ આન્સર કીમાં ગુણ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આમ, બોર્ડ દ્વારા જાહેર કરાયેલી ધો.૧૨ સાયન્સના મુખ્ય ચાર વિષયોની પ્રોવિઝનલ આન્સર કી અનુસાર, ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને કેમિસ્ટ્રીમાં ૧ અને ફિઝિક્સમાં ૩ ગુણ મળી કુલ ૪ ગુણ મળશે. અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને કેમિસ્ટ્રીમાં ૨ અને ફિઝિક્સમાં ૨ મળી કુલ ૪ ગુણ મળશે.

# લોક વિજ્ઞાન કેન્દ્રની મહિલા ટીમ દ્વારા વિશ્વ રંગમંચ દિવસની ઉજવણી કરાઈ



## જળ આજનો વ્યય, કાલની તરસ વિષય પર નાટક રજૂ કરી પાણીનું મહત્વ સમજાવ્યું

**અબતક, રાજકોટ**

લોક વિજ્ઞાન કેન્દ્ર - રેસકોર્સ, રાજકોટની વીમેન્સ સાયન્સ કલબની બહેનો દ્વારા વિશ્વ રંગમંચ દિવસની ઉજવણી બાલભવન ખાતે ભવ્ય રીતે કરવામા આવી હતી. આ પ્રસંગે પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્રની વુમન સાયન્સ કલબ સાથે જોડાયેલી તાલીમ પામેલી ૧૭ બહેનો છે. દ્વારા જળ આજનો વ્યય, કાલની તરસ'' વિષય આધારિત સુંદર અને પ્રેરણાદાયક નાટક રજૂ કરવામાં આવ્યું હતું.

નાટકની ખાસિયત એ રહી કે તેમાં ૧૧ વર્ષથી ૬૬ વર્ષ સુધીની વયના કુલ ૧૭ બહેનોએ ભાગ લીધો હતો, જેમાંથી ૧૪ બહેનો માટે આ પ્રથમ રંગમંચનો અનુભવ હતો. તેમ છતાં તમામ બહેનોએ અત્યંત આત્મવિશ્વાસ અને કુશળતાથી પોતાની ભૂમિકાઓ નિભાવતાં પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ નાટકનું લેખન, દિગ્દર્શન અને બહેનોની તાલીમનું આયોજન ડો.મનિષભાઈ સંઘાણી અને કાઉન્સેલર શ્રદ્ધાબેન સંઘાણી દ્વારા કરવામાં આવ્યું હતું. નાટકમાં પાત્ર ભજવનાર બહેનોમાં હીરબેન, હેતલબેન, કલાબેન, કિરણબેન, ભાવનાબેન, નીલાબેન, જાગૃતિબેન, કાજલબેન, નમ્રતાબેન, પ્રતિભાબેન, અર્ચનાબેન, ઉમિતાબેન, ક્રિષ્નાબેન, ખ્યાતીબેન, જીગીશાબેન, દેવાંશીબેન અને યશાબેનનો સમાવેશ થાય છે. જ્યારે મ્યુઝિક માટે સોનલબેન અને ઋત્વીબેન દ્વારા સુંદર સહયોગ આપવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટી ડો. શકુન્તલાબેન નેનેનું માર્ગદર્શન મળતું રહ્યું હતુ.

# સુરતમાં અગ્નિકાંડ : ગોઝારી આગમાં એક બાળક સહિત ૫ લોકો ભડથું

## ઘરમાં સાડીનું કારખાનું ધમધમતું હતું, ૮ ટન સાડીઅને કેમિકલનો જથ્થો પડ્યો હતો, ઘરમાં બે ગેસ સિલિન્ડર પણ બ્લાસ્ટ થયો

**અબતક, રાજકોટ**

સુરતના લીંબાયતના મીઠી ખાડીમાં આવેલ બેઠી કોલોનીમાં આજે બપોરે ભયાનક આગ લાગી હતી. જેમાં એક બાળક સહિત ૫ લોકો બળીને ભડથું થઈ ગયા હતા. દાઝી ગયા બાદ તમામને સારવાર માટે ખાસેડાયા હતા જો કે નું પ્રાણ પખેરું ઉડી ગયું હતું..જ્યાં આગ લાગી હતી ત્યા સાડીનું કારખાનું ધમધમતું હતું આગ લાગ્યા બાદ ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થયો હતો. કેમિકલના જથાથા અને શોર્ટ સર્કિટએ કારણે આગે વિકરાલ સ્વરૂપ ધારણ કર્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, લિંબાયતના મીઠી ખાડીમાં આવેલ બેઠી કોલોનીમાં આ ઘટના બની હતી. ગ્રાઉન્ડ પ્લસ બે માળના મકાનમાં આગ બાદ ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થયો હતો. આ મકાનમાં આઠ ટનથી વધુ સાડીનો જથ્થો અને કેમિકલ ફોમનો જથ્થો સંગ્રહ કરાયો હતો. સાથે જ ઈલેક્ટ્રિક વાયરિંગમાં અચાનક શોર્ટ સર્કિટ બાદ આગ ફાટી નીકળી હતી. સાડી અને ફોમમાં અચાનક આગ લાગતા વિકરાળ બની હતી. આગને કારણે ઘરમાં રહેલા લોકો બહાર નીકળી શક્યા ન હતા. ચાર મહિલા સહિત એક બાળક બહાર ન નીકળી શક્યા ન હતા. ગુગળાઈ ગયા હતા.જો કે ફાયર બ્રિગેડની ટીમે તમામને બહાર કાઢી સારવાર માટે ખાસેડ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તેનું મોત નીપજ્યું હતું બનાવના પગલે પોલિસ ઉપરાંત નેતાઓ પણ દોડી ગયા હતા.

### ફાયર વિભાગે લોકોને સલામત સ્થળે ખસી જવા એનાઉસમેન્ટ કરવું પડ્યું

આગના બનાવને પગલે લોકો મોટી સંખ્યામાં ઘટના સ્થળે ભેગા થઈ ગયા હતા. તેમજ આજુબાજુમાં રહેતા લોકો પણ ગભરાઈ ગયા હતા. બનાવના પગલે ફાયર વિભાગની ટિમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. આ સમયે ફાયર વિભાગે ઘટના સ્થળથી બાજુમાં ખસી જવા માઈક એનાઉન્સમેન્ટ કરવાની ફરજ પડી હતી. ફાયર વિભાગે એનાઉસમેન્ટ કરી ચેતવણી આપી હતી કે, જો કોઈ આ રીતે ઘરમાં જથ્થો સંગ્રહ કરી રાખશે તો કાયદેસરની કાર્યવાહી કરાશે. આ રીતે મોટા પ્રમાણમાં સાડીનો જથ્થો સંગ્રહ ન કરવા પૂર્વ મેયર અને ડીસીપીએ સુરતવાસીઓને અપીલ કરી.

### આગની ઘટનામાં આ લોકોએ જીવ ગુમાવ્યો

૧-શહેનાઝ બેગમ અબ્દુલ કલામ અંસારી (ઉંમર વર્ષ ૬૫)
૨- હુસા બેગમ અબ્દુલ કલામ અંસારી(ઉંમર વર્ષ ૧૮)
૩-શુભાન રમઝાન અલી અંસારી(ઉંમર વર્ષ ૪)
૪-શબીના રમઝાન અલી અંસારી(ઉંમર વર્ષ-૨૮)
૫-પરવિન અબ્દુલ કલામ અંસારી(ઉંમર વર્ષ૧૯)

# હોમીયોપેથીક તબીબ ભરત વાઘેલાને બિનતહોમત છોડી મુકવાનો કોર્ટે હુકમ

### હોમીયોપેથીક અને આર્યુવૈદીક તબીબ હોવાના પ્રમાણપત્રો અને દલીલો માન્ય રાખતી કોર્ટે

**અબતક, રાજકોટ**

શહેર કેદારનાથ મેઈન રોડ ઉપર સ્વ.વલ્લભજી એન્ડ સ્વ.ધીરૂજી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીતના નામથી કલીનીક નામે પ્રેક્ટીસ કરવાના આરોપ હેઠળ પકડાયેલ હોમીયોપેથીક તબીબ ભરત વાઘેલાને બિન તહોમત છોડી મુકવાનો કોર્ટે હુકમ કર્યો હતો. વધુ વિગત મુજબ શહેર કેદારનાથ મેઈન રોડ ઉપર આવેલ સ્વ.વલ્લભજી એન્ડ સ્વ.ધીરૂજી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીતના નામથી કલીનીક ખોલી ડો. ભરતભાઈ ધીરૂભાઈ વાઘેલા લોકોના આરોગ્ય સાથે ચેડા કરે છે તેવી હકીકત મળતા તા.૧૫/૦૬/૨૦૨૨ના રોજ ભક્તિનગર પોલીસ સ્ટેશનએ દરોડો પાડ્યો હતો. મેડીકલ પ્રેકટીશ ડીગ્રી સર્ટીફીકેટ મેડીકલ સર્ટીફીકેટ હોય તો પંચો રૂબરૂ રજુ કરવાનું કહેતા નહી હોવાનું જણાવેલ પુંછતા બી.કોમ.સુધીનો અભ્યાસ કરેલ હોવાનું જણાવેલ બનાવ સ્થળેથી કુલ ૩૨ એલોપેથી દવાઓ અને સ્ટેથોસ્કોપ તથા રોકડ રકમ કબજે કરી આરોપી ડો.ભરતભાઈ વાઘેલાની ધરપકડ કરવામાં આવેલ હતી.આરોપીની ધરપકડ થયા બાદ તપાસનીશ અધિકારી દવારા તમામ પુરાવાઓ એકત્ર કરી આરોપી વિરૂધ્ધ કોર્ટમા ચાર્જશીટ કરવામાં આવતા કોર્ટ દવારા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ હતી. આરોપી તરફે તેમના વકીલએ કોર્ટમાં કેસ ચાલતા પહેલા જ આરોપી ભરત વાઘેલાને બિન તહોમત છોડી મુકવા અરજી કરી હતી.જેમાં આરોપી હોમીયોપેથીક ડોકટર અને આર્યુવૈદીક ડોકટર હોવા અંગેના પ્રમાણપત્રો રજુ રાખેલા હાઈકોર્ટ તેમજ સુપ્રીમ કોર્ટના અનેક ચુકાદાઓ ટાંકી અને આરોપી ભરત વાઘેલાને બીન તહોમત છોડી મુકવા દલીલ કરી હતી.તમામ સર્ટીફીકેટનો અભ્યાસ કરી અને કોર્ટ દવારા ફરીયાદીની ફરીયાદ પ્રાથમીક રીતે જ ટકવાપાત્ર નહીં હોવાનું માની અને આરોપી ભરત વાઘેલાને ડિસ્ચાર્જ છોડી મુકવાનો હુકમ કરેલ છે.વકીલ પિયુષ જે. કારીયા, પ્રદ્યુમનસિંહ એમ. જાડેજા, ગૌરવ ચૌહાણ, પિયુષ કંડોળીયા, નિપુલભાઈ કારીયા તથા મદદનીશ તરીકે શૈલેષ દાફડા, ગૌતમ સોલંકી, અપેક્ષાબેન રાવલીયા રોકાયેલ હતા.

# બહેનના લગ્નની કંકોત્રી આપવા નીકળેલા ૧૭ વર્ષીય ભાઈનું માર્ગ અકસ્માતમાં મોત

### લાખાપર-સમઢીયાળા રોડ પર બાઈક આડે શ્વાન ઉતરતા અકસ્માત સર્જાયો, સારવારમાં દમ તોડતા પરિવારમાં શોક છવાયો

**અબતક,રાજકોટ**

શહેરમાં રૈયાધાર વિસ્તારમાં રહેતા અને બહેનના લગ્નની કંકોત્રી દેવા નીકળેલા ૧૭ વર્ષીય સગીરનું માર્ગ અકસ્માતમાં મોત નીપજ્યું છે. લાખાપર અને સમઢીયાળા વચ્ચે બાઈક આડે શ્વાન ઉતરતા સર્જાયેલા અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા યુવાને ટૂંકી સારવાર બાદ દમ તોડતા પરિવારમાં માતમ છવાઈ ગયો છે.

મળતી માહિતી મુજબ, રાજકોટના રૈયાધાર, શીતલ પાર્ક પાસે રહેતા સાવનભાઈ અશોકભાઈ આમેણીયા (ઉં ૧૭) ગત તા. ૧૦ ફેબ્રુઆરીના રોજ તેના કાકાના દીકરા નમન અજયભાઈ આમેણીયા (ઉં ૧૮) સાથે બાઈક પર પોતાની બહેન પાયલના લગ્નની કંકોત્રી આપવા માટે સરધાર જઈ રહ્યો હતો. બાઈક નમન ચલાવી રહ્યો હતો અને સાવન પાછળ બેઠો હતો. જ્યારે બંને પિતરાઈ ભાઈઓ લાખાપર અને સમઢીયાળા વચ્ચેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે એકાએક સ્પીડ બ્રેકર પાસે શ્વાન આડું ઉતર્યું હતું. ચાલક નમને બાઈક પરનો કાબૂ ગુમાવતા બાઈક સ્લીપ થયું હતું. આ અકસ્માતમાં બંને યુવાનો રોડ પર ફસડાઈ પડ્યા હતા. અકસ્માત બાદ તાત્કાલિક ૧૦૮ મારફતે બંનેને રાજકોટની મધુરમ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ચાલક નમનને સામાન્ય



ઈજા હોવાથી સારવાર બાદ રજા આપવામાં આવી હતી, પરંતુ સાવનને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હોવાથી તેની સર્જરી કરવામાં આવી હતી. સતત સારવાર હેઠળ રહેલા સાવનની તબિયત વધુ લથડતા આજે તેણે સારવારમાં દમ તોડ્યો હતો.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક સાવન બે ભાઈ અને એક બહેનમાં સૌથી નાનો હતો. બહેનના લગ્નની તૈયારીઓ અને હરખના માહોલ વચ્ચે જ ઘરના ચિરાગનું મોત થતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. જે ઘરેથી શરણાઈના સૂર સંભળાવાના હતા, ત્યાં આજે આક્રંદ અને શોકનો માહોલ જોવા મળી રહ્યો છે.

# મોટામવા પાસે જલારામ હોટલમાં યુવાનનો ગળાફાંસો ખાઈ આપઘાત

### નાઈટ શિફ્ટ માટે સાથી કર્મચારી જગાડવા જતા પવનકુમાર લટકેલી હાલતમાં જોવા મળ્યો, કારણ અકબંધ

**અબતક, રાજકોટ**

શહેરના મોટામવા નજીક જલારામ હોટેલમાં ગઈકાલે યુવાને અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો, જેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ લઈ જતા ત્યાંના તબીબોએ તેને જોઈ તપાસી મૃત જાહેર કરતા પરિવારમાં શોક છવાયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ મૂળ ઉત્તરપ્રદેશનો અને હાલ શહેરના મોટામવા નજીક જલારામ હોટેલમાં રહેતો અને કામ કરતો પવનકુમાર રામયશભાઈ યાદવ (ઉં ૨૫) ગઈકાલે પોતે હોટેલમાં રૂમમાં હતા ત્યારે અગમ્ય કારણોસર પંખા સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો, ગઈકાલે પવનકુમારની નાઈટ શિફ્ટ હતી, જેને લઈ તેને અન્ય કર્મચારી ઉઠાડવા જતા, દરવાજો ન ખોલતા દરવાજો તોડી નાખતા યુવક લટકેલી હાલતમાં જોવા મળ્યો હતો, તે જોઈ દેકારો કરતા અન્ય લોકોએ આવી તેને નીચે ઉતારી બેભાન હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક પવનકુમાર મૂળ ઉત્તરપ્રદેશના વતની હતા, પોતે અહી હોટેલમાં રહી કામ કરતા હતા, તેમને સંતાનમાં એક દીકરી છે, પોતે ત્રણ ભાઈ એક બહેનમાં વચેટ હતો. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. તાલુકા પોલીસે યુવકના આપઘાતાનું કારણ જાણવા કાર્યવાહી કરી છે.

# તારી હવા કાઢી નાખવી છે કહી યુવાન પર ચાર શખ્સોનો છરી વડે હુમલો

### ગ્રીનલેન્ડ ચોકડી નજીક રિક્ષામાં ધસી આવેલી ટોળકી યુવક પર તૂટી પડી : ભાઈ સાથે થયેલી માથાકૂટનો ખાર રાખી માર માર્યો, ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

શહેરના ગ્રીનલેન્ડ ચોકડી નજીક યુવાન પર ચાર શખ્સોની ટોળકીએ છરી વડે હુમલો કર્યો હતો. યુવાનના ભાઈ સાથે તાજેતરમાં થયેલી મારામારીનો ખાર રાખી ચાર શખ્સોએ રિક્ષામાં ધસી આવી યુવકને માર માર્યો હતો. જે મામલે બી ડિવિઝન પોલિસેં ગુનો નોંધ્યો હતો.

બનાવ અંગે ગ્રીનલેન્ડ ચોકડી નજીક લાલપરી મફતિયાપરા શેરી નં.-૩ માં રહેતો ૨૬ વર્ષીય યુવાન અજીતભાઈ ઉર્ફે અજય ઉર્ફે ભુરો રફીકભાઈ મિરાસીએ આરોપી તરીકે હુશેન ઉસ્માન મીર, સોયબ ઉસ્માન મીર (બંને રહે. મિયાણાવાસ, પોપટપરા, રાજકોટ), સમીર દુલા મીર(મેબૂબ મસ્જિદ, પોપટપરા, રાજકોટ) અને એક અજાણ્યા શખ્સનું નામ આપતાં જણાવ્યું હતું કે, ગઈ તા. ૨૫/૦૩/૨૦૨૬ ના રોજ ગ્રીનલેન્ડ ચોકડી પાસે આવેલ દુલા બાપુની દરગાહા ખાતે અમારા સગાનો સુનતનો પ્રસંગ હતો. જેથી અમે પરિવાર સાથે બપોરના ત્રણ વાગ્યે ત્યાં ગયેલ હતા. દરમ્યાન મારા મોટાભાઈ અકબરભાઈને પ્રસંગમાં સમીર દુલાભાઈ મીર તેમજ તેના મિત્રો સાથે કોઈ બાબતે બોલાચાલી અને મારામારી થયેલ હતી. જેથી સમીરભાઈ અમારા સગા જ હોય આ બાબતે અમે અમારા સમાજના આગેવાનો સાથે મળી સમાધાન કરી નાખેલ હતુ.

બાદ ગઈ તા.૨૭/૦૩/૨૦૨૬ ના રાત્રીના આશરે સાડા નવ વાગ્યે હું ગ્રીનલેન્ડ ચોકડી ખાતે મારૂ કામ પુરૂ કરી ચાલીને મારા ઘરે જતો હતો. દરમ્યાન ગ્રીનલેન્ડ ચોકડી બીએમડબલ્યુના શો રૂમ પાસે પહોંચતા હુશેન ઉસ્માનભાઈ મીર, સમીર દુલાભાઈ મીર તથા સોયબ ઉસ્માનભાઈ મીર તેમજ એક અજાણ્યો શખ્સ ઓટો રીક્ષા લઈને મારી સામે આવેલ હતા. જેમાં હુશેન મીર તથા સમીર મીરના હાથમાં છરી હતી અને મને કહેવા લાગેલ કે, તને બહુ હવા છે, તારી હવા કાઢી નાખવી છે. બાદમાં ચારેયે મને ઢીકાપાટુનો માર મારવા લાગેલ હતા. બાદ સમીરે તેની પાસે રહેલ છરી વડે મારા ડાબા સાથળમાં બે ઘા મારી દીધા હતા. હુશેને છરી વડે મારા જમણા સાથળમાં એક ઘા મારેલ હતો. બાદમાં મેં રાડારાડી કરતા રાહદારીઓ એકત્રિત થઈ જતાં ચારેય શખ્સો નાસી ગયા હતા.

દરમિયાન યુવાનના પાડોશી હબીભાઈ મીર તથા કાસમભાઈ મીર ત્યાંથી પસાર થતાં તેઓ બંને યુવકને મોટરસાયકલમાં બેસાડી ઘરે લઈ ગયેલ હતા. બાદ યુવકને સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જે બાદ યુવકે ફરિયાદ આપતાં બી ડિવિઝન પોલિસેં ચારેય શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી શોધખોળ આદરી હતી.

# પેરોલ મેળવી ભૂગર્ભમાં ઉતરી જનાર દુષ્કર્મનો પાકા કામનો કેદી અમદાવાદથી ઝડપાયો

### થોરાળા વિસ્તારની સગીરાનો દેહ ચૂંથનારને આજીવન કેદની સજા પડી'તીઃ પેરોલ ફર્લો સ્કોવડની ટીમે દબોચ્યો

**અબતક, રાજકોટ**

થોરાળા વિસ્તારની સગીરા પર દુષ્કર્મ ગુજારવાનાં ગુનામાં આજીવન કેદની સજા ભોગવતો પાકા કામનો કેદી પેરોલ મેળવી જેલમુક્ત થયાં બાદ બે વર્ષથી ફરાર થઈ ગયો હતો. જેને પેરોલ ફર્લો સ્કોવડની ટીમે અમદાવાદથી ઝડપી લીધો હતો.



જાણવા મળતી વિગતો મુજબ, ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા નાસતા ફરતા આરોપીઓને ઝડપી લેવા માટે અપાયેલી સૂચનાના પગલે પેરોલ ફર્લો સ્કોવડના પીઆઈ બી.એમ.ઝણકાંટની રાહબરી હેઠળ પીએસઆઈ જે.જી.તરૈયા તથા ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમિયાન મળેલી બાતમીના આધારે પેરોલ પર છુટ્યા બાદ ફરાર થઈ ગયેલા પાકા કામના કેદી સંજય પુંજાભાઈ બારૈયા(ઉ.વ. ૨૧ રહે. મૂળ નવા મુવાળા તા. વિરપુર જી.મહિસાગર હાલ નારોલ ચાર રસ્તા,અમદાવાદ) ને અમદાવાદ બાવળા હાઈ વે રોડ નવાપુરા ગામ પાસેથી ઝડપી લઈ રાજકોટ મધ્યસ્થ જેલ હવાલે કર્યો હતો. પોલીસે જણાવ્યુ હતું કે, આરોપી સામે વર્ષ ૨૦૧૪ માં થોરાળા વિસ્તારમાંથી સગીરાને ભગાડી જઈ તેના પર દુષ્કર્મ આચરવા અંગે પોકસોનો ગુનો નોંધાયો હતો. જે કેસ ચાલી જતા અદાલતે આરોપીને આજીવન કેદની સજા ફટકારી હતી. દરમિયાન આરોપી બે વર્ષ પૂર્વે સાત દિવસના પેરોલ પર છુટયા બાદ ફરાર થઈ ગયો હતો. હાલ તે અમદાવાદમાં ડ્રાઈવીંગ કરવા લાગ્યો હતો. આરોપીને ઝડપી લેવાની આ કામગીરીમાં પેરોલ ફર્લો સ્કોવડના પીઆઈ બી.એમ.ઝણકાંટ, પીએસઆઈ જે.જી.તેરૈયા, એસસઆઈ ઝહીરભાઈ ખફીફ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, હેડ કોન્સ. સીરાજભાઈ ચાનીયા, રોહિતભાઈ કછોટ, અંકિતભાઈ નિમાવત, કોન્સ. અમીનભાઈ ભલુર, કુલદીપસિંહ જાડેજા, શાંતુબેન મુળીયા, દોલતસિંહ રાઠોડ સાથે રહ્યા હતાં.

# જંકશન વિસ્તારમાં ઉછીના નાણાંની ઉઘરાણી કરવા ગયેલી પરિણીતા પર પડોશી દંપતીનો હુમલો

### દંપતીએ માર મારતા આવેશમાં આવી મહિલાએ ફિનાઈલ પી લેતા સારવારમાં સિવિલ ખસેડાયા

**અબતક, રાજકોટ**

શહેરમાં નાણાકીય લેતીદેતી મામલે મારામારી અને આપઘાતના પ્રયાસની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. શહેરના જંકશન વિસ્તારમાં આવેલા બાલાજી એપાર્ટમેન્ટમાં રહેતા ૨૭ વર્ષીય રવિનાબેન સુનિલભાઈ મોટવાણીએ ઉછીના આપેલા પૈસા પરત માંગતા પાડોશમાં રહેતા દંપતીએ તેમની સાથે ઉગ્ર ઝઘડો કરી શારીરિક માર માર્યો હતો. આ ઘટનાથી વ્યથિત થઈને પરિણીતાએ રાત્રિના સમયે પોતાના ઘરે ફિનાઈલ પી લેતા તેમને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.પ્રાપ્ત વિગતો મુજબ, રવિનાબેને આરોપી ભગવાનદાસ મૈયાણી અને તેની પત્ની સીમાને અગાઉ ૧ લાખ રૂપિયા ઉછીના આપ્યા હતા. જેમાંથી ૪૫ હજાર રૂપિયા પરત મળી ગયા હતા, પરંતુ બાકીના ૫૫ હજાર રૂપિયા લાંબા સમયથી લેવાના બાકી હતા. ગત રાત્રિના આઠ વાગ્યાના અરસામાં જ્યારે રવિનાબેન આ બાકી નીકળતા નાણાંની ઉઘરાણી કરવા માટે ગયા ત્યારે સામેવાળા પક્ષે ઉશ્કેરાઈ જઈને તેમની સાથે ગાળાગાળી કરી હતી. મામલો બિચકતા ભગવાનદાસ અને તેની પત્ની સીમાએ રવિનાબેન પર હુમલો કરી ઢીકાપાટુનો માર માર્યો હતો.

જાહેરમાં થયેલા આ અપમાન અને મારપીટની ઘટનાથી રવિનાબેન માનસિક રીતે ભાંગી પડ્યા હતા. તેઓએ ઘરે પરત ફરીને ફિનાઈલ ગટગટાવી લીધું હતું.હોસ્પિટલના બિછાનેથી મળેલી વિગતો અનુસાર, રવિનાબેનના લગ્નને આઠ વર્ષનો સમય વીતી ચૂક્યો છે અને સંતાનમાં તેમને એક દીકરી છે. હાલમાં આ મામલે સિવિલ હોસ્પિટલ ચોકી દ્વારા સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી છે.

# કુવાડવા રોડ પર પૈસાની ઉઘરાણીમાં યુવાને પેટ્રોલ છાંટી દિવાસળી ચાંપતા બે યુવાનો દાઝ્યા

### ૩૭ હજારની ઉઘરાણીમાં બોલાચાલી બાદ સુનિલે પોતાના પર પેટ્રોલ છાંટતા રોકવા ગયેલો જયદીપ પણ દાઝ્યો, બંનેને સિવિલ ખસેડાયા

**અબતક,રાજકોટ**

શહેરના કુવાડવા રોડ પર ડી-માર્ટની સામે આવેલા આઈ ફર્નિચરના શોરૂમ પાસે સાંજના સમયે નાણાકીય લેતીદેતીમાં બે યુવાનો સળગી ઉઠતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. ફર્નિચરના માલના બાકી નીકળતા ૩૭ હજાર રૂપિયાની ઉઘરાણીમાં થયેલા ઝઘડામાં યુવાને પેટ્રોલ છાંટી દિવાસળી ચાંપતા બંને ગંભીર રીતે દાઝી ગયા હતા. બંનેને સારવાર અર્થે સિવિલ ખસેડવામાં આવ્યા છે. પ્રાપ્ત વિગતો મુજબ, મોરબી રોડ પર માર્શલ સંગીતા સોસાયટીમાં રહેતા અને ફર્નિચરનું કામ કરતા ૩૦ વર્ષીય સુનિલભાઈ પ્રવીણભાઈ અને કોઠારીયા વિસ્તારમાં રહેતા જયદીપ દિનેશભાઈ (ઉં ૨૨) વચ્ચે નાણાકીય વિવાદ ચાલતો હતો. જયદીપની પ્લાઈવુડની દુકાનમાંથી સુનિલભાઈએ ૩૭,૦૦૦ રૂપિયાનો માલ ઉધાર લીધો હતો. ગઈકાલે સાંજે જયદીપે ઉઘરાણી માટે ફોન કરતા સુનિલે પોતે ગોંડલ હોવાનું જણાવી થોડી વારમાં આવવાનું કહ્યું હતું. સુનિલભાઈ ગોંડલથી પરત આવ્યા ત્યારે પોતાની સાથે પેટ્રોલની બોટલ ભરીને લાવ્યા હતા. આઈ ફર્નિચર પાસે બંને વચ્ચે પૈસા બાબતે બોલાચાલી શરૂ થઈ હતી.આ દરમિયાન સુનિલભાઈએ ઉશ્કેરાઈને પોતાના શરીર પર પેટ્રોલ છાંટવાનો પ્રયાસ કર્યો હતો. સામા પક્ષે જયદીપે પેટ્રોલ ફેંકી દેવાનો પ્રયાસ કરતા ઝપાઝપી થઈ હતી, જેમાં સુનિલભાઈએ દિવાસળી ચાંપી દેતા બંને યુવાનો આગની લપેટમાં આવી ગયા હતા. શરીરે દાઝી ગયેલા સુનિલ અને જયદીપને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલના બર્ન્સ વોર્ડમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે જયદીપ એક ભાઈ અને પાંચ બહેનોમાં બીજા નંબરનો છે, જ્યારે સુનિલભાઈ એક બહેનનો ભાઈ છે અને અપરિણીત છે. હાલ કુવાડવા રોડ પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# આંબેડકરનગર વિસ્તારની ૧૫ વર્ષીય તરૂણી ભેદી રીતે ગુમ

### નિંદ્રાધીન પિતાએ ઘર, આસપાસના વિસ્તારોમાં તપાસ કરતા દીકરીની કોઈ ભાળ ન મળી : અપહરણનો ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

શહેરના આંબેડકરનગર વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષિય સગીરા ઘરેથી ભેદી રીતે લાપતા બની હતી. નિંદ્રાધીન પિતાએ જાગીને જોતા પુત્રીની ભાળ નહિ મળતા પરિજનોએ આસપાસના વિસ્તાર અને સંબંધીઓની પૂછપરછ કરતા પુત્રીની કોઈ ખોજખબર નહીં મળતા માતાએ અપહરણની ફરિયાદ નોંધાવી હતી. બનાવ અંગે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આંબેડકરનગર વિસ્તારમાં રહેતી ૩૬ વર્ષીય પરિણીતાએ જણાવ્યું હતું કે, તેણી તેના પતિ અને ૧૫ વર્ષ ૦૬ માસની પુત્રી સાથે રહે છે. તેણી પોતે એક લકઝરીયસ હોટેલમાં સફાઈકામ કરે છે. પરિણીતાએ જણાવ્યું હતું કે, ગઈ તા.૨૯/૦૩/૨૦૨૬ ના રોજ સવારના આઠેક વાગ્યે હુ મારા કામના સ્થળે ગયેલ અને મારી દિકરી તથા મારા પતિ ઘરે હતા. બાદ બપોરે ત્રણ વાગ્યે પતિ મારા કામના સ્થળે આવ્યા હતા અને મને જણાવ્યું હતું કે, આપણી પુત્રી ક્યાંક ગુમ થઈ ગયેલ છે, તેણી ક્યાંય મળતી નથી. જેથી હુ તુરંત જ મારા પતિ સાથે ઘરે આવેલ હતી. બાદ વધુમાં પતિએ જણાવ્યુ હતું કે, હું બપોરના સમયે સુતો હતો અને બે વાગ્યે જાગીને જોતા પુત્રી ઘરમા ક્યાંય મળી ન હતી. જેથી મે આજુબાજુમા તપાસ કરી હતી પણ પુત્રીની ભાળ મળી ન હતી. સગા-સંબંધીઓ પાસે તપાસ કરતા પુત્રીની કોઈ વિગત નહિ મળતા અંતે કોઈ અજાણ્યા શખ્સ પુત્રીનું અપહરણ કરી ગયો હોય તેવી માતાએ ફરિયાદ નોંધાવી હતી. જેથી માલવિયાનગર પોલિસે ગુનો નોંધી સગીરાની શોધખોળ શરૂ કરી હતી.

# કોર્પોરેશન દ્વારા ૩૫૩૫ બ્લોકમાં હાથ ધરાશે વસ્તી ગણતરી

## વસ્તી ગણતરી માટે ૪૭૦૦ કર્મચારીઓને અપાય જવાબદારી: કાલથી બ્લોક બનાવવાની કામગીરી શરૂ થશે



**અબતક, રાજકોટ**

ભારતની જનગણના-૨૦૨૭ની રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારની કામગીરી રાજકોટ મહાનગરપાલિકાને સુપ્રત કરવામાં આવેલ છે, આ કામગીરી માટે ભારત સરકાર દ્વારા મ્યુનિસિપલ કમિશનર તુષાર ડી. સુમેરાને પ્રિન્સિપલ સેન્સસ ઓફિસર તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે, નાયબ કમિશનર એચ.આર.પટેલને સિટી સેન્સસ ઓફિસર તરીકે તેમજ પ્રણય ડી.પંચાલ મેનેજર, ચૂંટણી શાખાને સેન્સસ ઓફિસર તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે.

ભારતની જનગણનાની રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારની કામગીરીને કુલ ૧ થી ૧૮ વોર્ડ/ચાર્જમાં વહેચવામાં આવેલ છે. શહેર ઉપરાંત આઉટર ગ્રોથ વિસ્તાર મોજે ગામ-બેડી-રોણકી તેમજ મનહરપુર-૨ની કામગીરી સુપ્રત કરવામાં આવેલ છે, વોર્ડના ચાર્જ ઓફિસર તરીકે વોર્ડ ઓફિસરને નિયુક્ત કરવામાં આવેલ છે. સને-૨૦૧૧ની જનગણનાં સીમાંકન મુજબ આધારભૂત તેમજ અંદાજીત વસ્તીને આધારેરાજકોટ મહાનગરપાલિકાનાં અંદાજીત બ્લોકની સંખ્યા-૩૫૩૫ ગણવામાં આવી છે. મહાપાલિકા વિસ્તારની કામગીરી માટેના ચાર્જ ઓફિસરને તાલીમ આપવા નિરજ એમ.વ્યાસને માસ્ટર ટ્રેનર તરીકે તેમજ નગર પ્રાથમિક શાળા હસ્તકની શાળાઓના સી.આર.સી ને તેમજ મુખ્ય શિક્ષકને ફિલ્ડ ટ્રેઈનર તરીકે નિમણુંક આપવામાં આવેલ છે.

સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે મ્યુનિસિપલ કમિશનરની અધ્યક્ષતામાં મીટીંગ યોજાઈ હતી.

જનગણના-૨૦૨૭ની કામગીરી માટે અંદાજે ૧૫૦ થી ૨૦૦ મકાનના બેઈઝ ગણી બ્લોક બનાવવાની કામગીરી કાલથી શરૂ કરી પાંચમી સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ત્યારબાદ સરકાર હસ્તકની શાળા-હાઈસ્કુલ તેમજ કોલેજોના પ્રાધ્યાપક તેમજ રાજ્ય સરકારની વિવિધ કચેરી હસ્તકના અધિકારી/કર્મચારીને ગણતરીદાર તેમજ સુપરવાઈઝર -૪૭૦૦ જેટલા સ્ટાફને નિયુક્ત કરી ૨૦-એપ્રિલથી ૧૯ મે સુધી હાઉસ લિસ્ટીંગની કામગીરી હાથ ધરવામાં આવશે. જનગણનાં-૨૦૨૭ની કામગીરી સુપર્ણપણે ડીજીટલી હાથ ધરવામાં આવશે. જેમાં ભારત સરકાર દ્વારા નિયત કરાયેલ પ્રશ્નોની માહિતી પૂરી પાડવા રાજકોટ શહેરની જનતાને પ્રિન્સિપલ સેન્સસ ઓફિસર અને મ્યુનિસિપલ કમિશનર દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે.

# જુના જોગીઓ સાથે ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની બેઠક

## તમામના હાલચાલ પૂછ્યા: સંગઠનલક્ષી કામગીરીમાં માર્ગદર્શન બની સલાહ આપવા તાકીદ





**અબતક, રાજકોટ**

ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા ગઈકાલે રાજકોટની મુલાકાતે હતા.ઝોન બેઠક પૂર્ણ થયા બાદ તેઓએ બપોરે સર્કિટ હાઉસ ખાતે શહેર ભાજપના જુના જોગીઓ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. જેમાં તેઓએ તમામ નેતાઓને સંગઠનલક્ષી કામગીરીમાં ભાજપના વર્તમાન હોદ્દેદારોને યોગ્ય માર્ગદર્શન આપવા આહવાન કર્યું હતું. જનતા પાર્ટી અને જનસંઘના વરિષ્ઠ આગેવાનો સાથે પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્માજી સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. આ બેઠકમાં શહેર ભાજપના પૂર્વ પ્રમુખ ધનસુખભાઈ ભંડેરી,પ્રતાપભાઈ કોટક, નીતિનભાઈ ભારદ્વાજ, કમલેશભાઈ મિરાણી મુકેશભાઈ દોશી, પૂર્વ નાણામંત્રી અને કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા, પૂર્વ મંત્રી ગોવિંદભાઈ પટેલ અને અરવિંદભાઈ રૈયાણી, પૂર્વ મેયર જનકભાઈ કોટક,ડો. જૈમન ઉપાધ્યાય, રક્ષાબેન બોળીયા બીનાબેન આચાર્ય, ડો. પ્રદીપ ડવ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

# કોર્પોરેશનના વહીવટદાર ફર્યા: પૂર્વ કલેકટર રાજેન્દ્રકુમારની નિયુકતી

## રેમ્યા મોહનને પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં ઓબ્ઝર્વર બનાવાયા હોય વહીવટદારના ચાર્જમાંથી મૂકિત અપાય



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટાયેલી બોડીની પાંચ વર્ષની મૂદત પૂર્ણ થતા ગત ૧૨મી માર્ચથી વહીવટદાર શાસન અમલમાં છે. પૂર્વ કલેકટર રેમ્યા મોહનની વહીવટદાર તરીકે નિયુકતી કરવામાં આવી હતી. દરમિયાન તેઓને તાજેતરમાં પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં ઓબ્ઝર્વર તરીકેની મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી હોય વહીવટદારની જવાબદારીમાંથી તેમને મૂકિત આપવામાંઆવી છે. કોર્પોરેશનના વહીવટદાર તરીકે પૂર્વ કલેકટર રાજેન્દ્રકુમારની નિયુકતી કરવામાં આવી છે. આવતીકાલે તેઓ ચાર્જ સંભાળી લેશે. વહીવટદાર તરીકે રેમ્યા મોહને ગત ૧૨મી માર્ચ ચાર્જ સંભાળ્યા બાદ તેઓ રાજકોટ આવ્યા નથી તાજેતરમાં ચૂંટણી પંચ દ્વારા પાંચ રાજયોની વિધાનસભાની ચૂંટણી જાહેર કરવામાં આવી છે.જેમાં રેમ્યા મોહનને પશ્ચિમ બંગાળના ચૂંટણી ઓબ્ઝર્વર બનાવવામાં આવ્યા છે. તેમની પાસે ગાંધીનગરમાં પણ ઘણા વિભાગોનો ચાર્જ હોવાથી કામગીરીના ભારણને ધ્યાનમાં રાખી રાજકોટ મહાનગરપાલીકાના વહીવટદાર તરીકેની કામગીરીમાંથી મૂકિત આપવામાં આવી છે. તેમના સ્થાને રાજકોટના પૂર્વ કલેકટર રાજેન્દ્રકુમારને કોર્પોરેશનના વહીવટદાર બનાવાયા છે.

# ભાજપમાં અસંતોષની આગ: વોર્ડ નં.૧૪ના પૂર્વ પ્રમુખે કેસરિયો ખેસ ફગાવ્યો

## ભાજપના પ્રાથમિક અને સક્રિય પદેથી રાજીનામું ધરી દેતા રાજેશ ટાંક



**અબતક, રાજકોટ**

કોર્પોરેશનની ચૂંટણી ટાણેજ સત્તાધારી પક્ષ ભાજપનું ઘર અસંતોષની આગથી સળગી ઉઠ્યુ છે.વોર્ડ નં.૧૪ ના પૂર્વ પ્રમુખ અને છેલ્લા ૪૦ વર્ષથી ભાજપ સાથે જોડાયેલા રાજેશ ટાંકે આજે સામાન્ય સભ્યપદ સહિત પક્ષના તમામ હોદ્દા પરથી રાજીનામુ કરી દીધું છે.

શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવેને લખેલા રાજીનામા પત્રમાં રાજેશ ટાંકે જણાવ્યું હતું કે,

હું છેલ્લા ૪૦ વર્ષ થી ભારતીય જનતા પાર્ટીની વિચારધારા સાથે જોડાયેલો છું.આપ જ્યારે પાર્ટીમાં સક્રિય સભ્ય પણ નહીં હોય ત્યારે હું વોર્ડ નં.૧૪ માં પ્રમુખ તરીકે તેમજ શહેર ભાજપના કારોબારી સભ્ય તરીકે જવાબદારી સંભાળેલ છે. મેં ક્યારેય પાર્ટી કે ચૂંટણી લડવાની રજૂઆત પણ કરી નથી અને જનસંઘની વિચારધારાને આગળ વધારવા અને અટલ બિહાર બાજપાઈજી અને કેશુભાઈ પટેલના નેતૃત્વ વાળી ભારતીય જનતા પાર્ટીની વિચારધારા સાથે જોડાઈ સતત પાર્ટીમાં સક્રિય રહ્યો છું. પરંતુ, છેલ્લા બે વર્ષથી પાર્ટી ના કાર્યક્રમો થી મને દૂર રાખવામાં આવ્યો છે મેં આજ સુધી પાર્ટી માં કોઈપણ પ્રકારની ગેરવર્તણૂંક કે ભ્રષ્ટાચાર કરેલ નથી. હું આજે પણ આવાસ યોજનાના ક્વાટરમાં રહી મારું ગુજરાન ચલાવું છું. છતાં પણ મને અન્યાય કરવામાં આવે છે. ત્યારે મને એવું લાગે છે કે છેલ્લા બે વર્ષથી પાર્ટી માત્રને માત્ર ઉધોગપતિઓ, ધનિકો, બિલ્ડરો, મારા તારા અને નેતાઓને સલામ મારનારાઓની જ પાર્ટી હોય તેવું તાજેતરમાંજ શહેર સંગઠન થી લઈ તમામ મોરચાના હોદેદારો ની નિમણૂક માં મને જોવા મળ્યું છે પાર્ટી ની પોલિસી મુજબ છેલ્લા ૩ ટર્મ થી સક્રિય સભ્ય હોય તેને જ ટિકિટ કે હોદ્દો આપવાની વાત કરે છે પરંતુ, હજુ ૨ મહિના પેલા જ સક્રિય સભ્ય બન્યા હોય તેઓ ને હોદ્દાની લાણી કરે છે અને છેલ્લા ૪૦ વર્ષથી સક્રિય સભ્ય ના કાર્ડ ધરાવનારા લોકો ઘરે બેઠા છે. આ વાત ઉપર થી ફલિત થાય છે કે કાર્યકર્તા માટે પાર્ટી ના નિયમો અને બિલ્ડરો અને મળતિયાઓ માટે કોઈ નિયમ નહીં અને જુના કાર્યકર્તાઓ ને ભૂલી આયાતિઓને ટિકિટ અને હોદ્દા ની લાણી કરે છે. મારું રાજીનામુ આપવાનું કારણ મારે કોઈ હોદ્દો કે ટિકિટ નથી જોતી પરંતુ, પાર્ટી ના બે મોઢાની વાત સામે નારાજગી વ્યક્ત કરી પાર્ટી માંથી તમામ સક્રિય સભ્ય અને પ્રાથમિક સભ્ય પદે થી રાજીનામું આપું છુ.

# વેરામાં વ્યાજ માફી યોજના આજે પૂર્ણ: બાકીદારોને લાભ લેવા અપીલ

## વેર વસુલાતનો આંક રૂા. ૪૦૭ કરોડે આંબ્યો

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વેરા વસુલાત શાખા અંતર્ગત અમલમાં મુકવામાં આવેલ વ્યાજ માફી યોજનાનો આજે છેલ્લો દિવસ છે. મિલકતવેરો તથા પાણીવેરાની બાકી રકમ ભરપાઈ કરવા માટે નાગરિકોને રાહતરૂપ બને તેવી આ યોજનાનો લાભ લેવા મહાનગરપાલિકા દ્વારા અપીલ કરવામાં આવી છે.

આ યોજનામાં બાકીદારોને વ્યાજમાં વિશેષ માફી આપવામાં આવી રહી છે. મિલકતવેરા પર થતાં વ્યાજમાં રૂા. ૫૦૦૦ સુધી માફી તેમજ પાણીવેરા પર થતાં વ્યાજમાં રૂા. ૫૦૦૦ સુધી માફી આપવામાં આવે છે. મિલકતધારકને કુલ રૂા. ૧૦૦૦૦ સુધીની વ્યાજ માફીનો લાભ મળી શકે છે.

આજે યોજનાનો અંતિમ દિવસ હોવાથી નાગરિકો વધુમાં વધુ સંખ્યામાં લાભ લઈ શકે તે માટે મહાનગરપાલિકાની વેરા વસુલાત કામગીરી સવારે ૯:૩૦ કલાકથી સાંજે ૬:૧૦ કલાક સુધી ચાલુ રહેશે. નાગરિકો ઓનલાઈન ચુકવણી અથવા પોતાના વોર્ડ ઓફિસ / સિવિક સેન્ટરનો સંપર્ક કરી બાકી વેરો ભરી શકે છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ મિલકધારકોને વિનંતી કરવામાં ાવે છે કે, આજે જ બાકી મિલકતવેરો તથા પાણીવેરો ભરી વ્યાજ માફી યોજનાનો અવશ્ય લાભ લે અને શહેરના વિકાસમાં સહભાગી બને. રાજકોટ મહાનગરપાલિકાની વેરા વસુલાત શાખા દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન કુલ ૪,૫૮,૩૭૯ કરદાતા દ્વારા કુલ રૂ. ૪૩૫.૨૫ કરોડ જેટલી માતબર રકમનો વેરો ભરપાઈ કરવામાં આવેલો છે.

જે તા.૩૦-૦૩-૨૦૨૫નાં રોજ કુલ ૪,૧૭,૬૬૨ કરદાતા દ્વારા કુલ રૂ. ૪૦૭.૫૮ કરોડનો વેરો ભરપાઈ કરવામાં આવેલ હતો, આમ,ગત વર્ષ કરતાં આ વર્ષ તા.૩૦-૦૩-૨૦૨૬ નાં રોજ કુલ ૪૦,૭૧૭ વધુ કરદાતાઓ દ્વારા તથા કુલ રૂ.૨૭.૬૭ કરોડની વધુ રકમનો મિલકત વેરો રાજકોટ મહાનગરપાલિકાની તિજોરીમાં જમા કરાવેલ છે. વેરા-વસુલાત શાખા દ્વારા આજ દિન સુધીમાં કુલ રૂ.૪૩૫.૨૫ કરોડની વસુલાત કરવામાં આવેલ છે.

# મતદાન બુથ દીઠ હવે રૂ.૨૫ને બદલે ૩૦ હજારનો ખર્ચ કરાશે

## નિર્ણયનો મુખ્ય હેતુ મતદાન કેન્દ્રોની વ્યવસ્થા વધુ સારી અને કાર્યક્ષમ બનાવવાનો, જેમાં મતદાન કેન્દ્ર પરના સાધન-સામગ્રી, સુરક્ષા વ્યવસ્થા, સ્ટાફની તૈયારી, ઈવીએમ મશીનોની જાળવણી અને અન્ય લોજિસ્ટિકલ જરૂરિયાતોનો સમાવેશ થાય છે

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં થોડા મહિના પહેલા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન અભિયાન ચલાવવામાં આવ્યું હતું, જેમાં ડુપ્લિકેટ, મૃત અને અયોગ્ય નામો દૂર કરવામાં આવ્યા હતા. તે પછી ફેબ્રુઆરીમાં એક આખરી યાદી જાહેર થઈ હતી, જેમાં રાજ્યમાં કુલ ૪.૪૦ કરોડ મતદારો નોંધાયા હતા. હવે સ્થાનિક ચૂંટણી માટે વધુ અપડેટેડ અને અંતિમ યાદી આવતીકાલે પ્રસિદ્ધ થશે.

આ યાદી જાહેર થયા બાદ રાજ્ય ચૂંટણી આયોગ ટૂંક સમયમાં ચૂંટણી કાર્યક્રમ જાહેર કરશે.

ચૂંટણી પંચે મતદાન કેન્દ્રો (પોલિંગ બુથ) સાથે સંકળાયેલા વહીવટી અને કાર્યકારી ખર્ચમાં વધારો કરવાનો મહત્વનો નિર્ણય લીધો છે. અત્યાર સુધી મતદાન બુથ દીઠ જે ખર્ચ ૨૫,૦૦૦ રૂપિયા હતો, તેને વધારીને ૩૦,૦૦૦ રૂપિયા કરવામાં આવ્યો છે. ચૂંટણી પંચના આ નિર્ણયનો મુખ્ય હેતુ મતદાન કેન્દ્રોની વ્યવસ્થા વધુ સારી અને કાર્યક્ષમ બનાવવાનો છે. આમાં મતદાન કેન્દ્ર પરના સાધન-સામગ્રી, સુરક્ષા વ્યવસ્થા, સ્ટાફની તૈયારી, વીજળી-પાણીની વ્યવસ્થા, વીવીપેટ મશીનોની જાળવણી અને અન્ય લોજિસ્ટિકલ જરૂરિયાતોનો સમાવેશ થાય છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં ચૂંટણી પ્રક્રિયા વધુ આધુનિક અને પારદર્શક બની છે.ઈવીએમ અને વીવીપેટ મશીનોના વ્યાપક ઉપયોગ, વધુ સુરક્ષા પગલાં અને કોવિડ પછીની સ્વચ્છતા-સંબંધિત જરૂરિયાતોને કારણે મતદાન બુથના ખર્ચમાં કુદરતી વધારો થયો છે. આ વધારો તે જરૂરિયાતોને પહોંચી વળવા માટે કરવામાં આવ્યો છે.

આ નિર્ણય ચૂંટણી પ્રક્રિયાને મજબૂત બનાવવાના વ્યાપક પ્રયાસોનો એક ભાગ છે. તાજેતરમાં ચૂંટણી પંચે બૂથ લેવલ અધિકારીઓના વાર્ષિક પગારને ૬,૦૦૦ રૂપિયાથી વધારીને ૧૨,૦૦૦ રૂપિયા કર્યો હતો અને અન્ય અધિકારીઓ માટે પણ ઈન્સેન્ટિવ અને ઓનરેરિયમ વધાર્યા હતા. આ બધા પગલાંનો ઉદ્દેશ્ય મતદાન પ્રક્રિયામાં સામેલ કર્મચારીઓ અને અધિકારીઓને વધુ પ્રોત્સાહન આપીને તેમની કામગીરીને વધુ અસરકારક બનાવવાનો છે.

### કોર્પોરેશનના ૧૮ વોર્ડની આખરી મતદાર યાદી કાલે થશે પ્રસિદ્ધ

રાજકોટ શહેરમાં સમાવિષ્ય વિધાનસભા મતવિસ્તાર (૧), ૬૭ વાંકાનેર (આંશિક) (૨) ૬૮-રાજકોટ પૂર્વ (૩) ૬૯ રાજકોટ-પશ્ચિમ (૪) ૭૦ રાજકોટ દક્ષિણ (૫) ૭૧ રાજકોટ ગ્રામ્ય (આંશિક)ની તા. ૧૭ ફેબ્રુઆરીના રોજ આખરી પ્રસિદ્ધ કરાય હતી. વોર્ડ નં. ૧ થી ૧૮ ની મતદાર યાદી કાલે આખરી પ્રસિદ્ધ કરવામાં આવશે. આ મતદાર યાદીઓ મહાનગરપાલિકાની ચૂંટણી શાખા, રૂમ નંબર ૧૧, ત્રીજો માળ, ડો. આંબેડકર ભવન ખાતે તેમજ વોર્ડ નંબર ૧ થી ૧૮ની (મુખ્ય વોર્ડ ઓફિસ) ખાતે તેમજ જાહેર જનતા જોઈ શકશે. જે મતદારો પોતાના નામ સંબંધેની વિગત જોવા માંગતા હોઈ તેઓ ઉક્ત સ્થળે પોતાના નામ અંગેની વિગતો જાણી શકશે જેની નોંધ લેવા જાહેરજનતાને અનુરોધ છે.

# કોર્પોરેશનના ૧૦૮૦ આવાસો માટે ૭મીથી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે

## ૬ મેં સુધી ફોર્મ સ્વીકારવામાં આવશે



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના આવાસ યોજના વિભાગ દ્વારા આગામી ૭ એપ્રિલથી વિવિધ કેટેગરીનાં ૧૦૮૦ આવાસો માટે ઓનલાઈન ફોર્મ બહાર પાડવામાં આવશે. જેમાં ઈડબલ્યુએસ કેટેગરીના આવાસની કિંમતરૂ. ૨ લાખ અનેઆવાસની સંખ્યા ૧૦૫૭, એલઆઈજી કેટેગરીના આવાસની કિંમત રૂ. ૧૨ લાખના ૬ આવાસો તથા એમઆઈજી કેટેગરીના આવાસ કિંમત રૂ. ૧૮ લાખ અને આવાસની સંખ્યા ન ૧૭ છે. આ આવાસ યોજનાનો લાભ લેવા ઈચ્છુક નાગરિકોએ ૭ એપ્રિલથી ૬ મે સુધી સાંજે ૫ વાગ્યા સુધી રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ ... પર જઈ ઓનલાઈન ફોર્મ અને ડિપોઝિટની રકમ ભરી શકે છે. ઈચ્છુક કેટેગરીમાં વાર્ષિક કૌટુંબિક આવક-મર્યાદા રૂ.૩ લાખ સુધીનાં આવાસો માટે ફોર્મ ફી શુન્ય અને ડિપોઝિટની રકમ રૂ. ૫૦૦૦ રહેશે. એલઆઈજી કેટેગરીની વાર્ષિક કૌટુંબિક આવક-મર્યાદા રૂ. ૩ લાખથી ૬ લાખ સુધીનાં આવાસો માટે ફોર્મ ફી રૂ. ૫૦ અને ડિપોઝિટની રકમ રૂ. ૨૦૦૦૦ રહેશે.એમઆઈજી કેટેગરી વાર્ષિક કૌટુંબિક આવક-મર્યાદા રૂ.૬ લાખથી ૭.૫ લાખ સુધીનાં આવાસો માટે ફોર્મ ફી રૂ. ૧૦૦ અને ડિપોઝિટની રકમ રૂ.સ્વ-પ્રમાણિત જાહેરનામું અપલોડ નહીં કરેલ હોય અથવા અધુરું અપલોડ કરેલ હશે તો અરજદારનું ફોર્મ રિજેકટ થશે. આ તમામ આધાર-પુરાવાઓ જેપીજી અથવા પીડીએફ ફોર્મેટમાં મહત્તમ ૧ એમબીની સાઈઝમાં સ્પષ્ટ વાંચી શકાય એ રીતે ઓનલાઈન ફોર્મમાં અપલોડ કરવાના રહેશે.

### કોર્પોરેશન ઘર વિહોણા લોકો માટે નવા ૩૧૭૦ આવાસ બનાવશે

#### ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ: ચૂંટણી પૂર્ણ થયા બાદ કામ શરૂ કરાશે

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બજેટ વર્ષ ૨૦૨૬-૨૭માં શહેરના આર્થિક રીતે નબળા વર્ગ, ઘરવિહોણા પરિવારો તથા નજીવાદરે આવાસની જરૂરિયાત ધરાવતા નાગરિકોને સુવિધાસભર પાક્કા આવાસ ઉપલબ્ધ કરાવવાના હેતુસર મહત્વપૂર્ણ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. મ્યુનિસિપલ કમિશનરશ્રી તુષાર સુમેરા દ્વારા કરાયેલ જાહેરાત મુજબ પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી ૨.૦ અંતર્ગત કુલ ૩૧૭૦ આવાસોના નિર્માણ માટેની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં આવાસની વધતી જરૂરિયાતને ધ્યાનમાં રાખી ઈડબલ્યુએસ વર્ગના નાગરિકોને નજીવા દરે સુવિધાસભર રહેઠાણ ઉપલબ્ધ થાય તે માટે કુલ ૩૧૭૦ આવાસોના નિર્માણ માટે પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ આવાસો ઈડબલ્યુએસ૧ અને ૨ પ્રકારના હશે અને આધુનિક સુવિધાઓ સાથે વિકસાવવામાં આવશે. આવાસોમાં ગુણવત્તાસભર બાંધકામ, મજબૂત માળખાકીય સુવિધાઓ, સ્વચ્છતા વ્યવસ્થા, પીવાનું શુદ્ધ પાણી, ગટર લાઈન, આંતરિક રોડ, સ્ટ્રીટલાઈટ, વરસાદી પાણીની નિકાલ વ્યવસ્થા, ખુલ્લી જગ્યા, પાર્કિંગ સુવિધા, હરિયાળી વિસ્તાર, બાળકો માટે રમવાના સ્થળો તથા જરૂરી કોમન સુવિધાઓનો સમાવેશ કરવામાં આવશે.મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ જણાવ્યું હતું કે શહેરના દરેક નાગરિકને મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે પ્રતિબદ્ધ છે. પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી ૨.૦ અંતર્ગત વધુમાં વધુ લાયકાત ધરાવતા લાભાર્થીઓને લાભ મળે તે માટે પારદર્શક અને સુવ્યવસ્થિત પ્રક્રિયા અપનાવવામાં આવશે. આવાસોના નિર્માણ કાર્યને ગુણવત્તા સાથે સમયમર્યાદામાં પૂર્ણ કરવા ખાસ ધ્યાન આપવામાં આવશે. ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થતા હવે આગામી તબક્કામાં કાર્ય આદેશ આપવામાં આવશે અને આવાસોના નિર્માણ કાર્યને તબક્કાવાર રીતે શરૂ કરવામાં આવશે. નિર્ધારિત સમયમર્યાદામાં આવાસો તૈયાર કરી લાભાર્થીઓને સોંપવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

રાજકોટ મહાનગરપાલિકાની આ પહેલ ‘સર્વ માટે આવાસ’ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

કચ્છના ખાવડામાં વિશ્વના સૌથી મોટા હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્કનું નિર્માણ

# ગુજરાતને રૂ.૧૯,૮૦૦ કરોડના વિકાસ કામોની ભેટ આપતા નરેન્દ્રભાઈ

ભારત સરકારના ઊર્જા, માર્ગ-પરિવહન અને હાઈવે તેમજ રેલવે મંત્રાલયના રૂા.૧૦,૯૦૦ કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત

## ગુજરાત સરકારના શહેરી વિકાસ વિભાગ હેઠળ રૂા.૫૨૦૦ કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે માદરેવતન ગુજરાતની મુલાકાત તેઓ વાવ-થરાદ ખાતેથી ભારત સરકાર અને ગુજરાત સરકારના મળીને કુલ ₹૧૯,૮૦૬.૯ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેમાં ભારત સરકારના ઊર્જા, માર્ગ,પરિવહન અને હાઈવે તેમજ રેલવે મંત્રાલયના ₹૧૦,૯૨૧ કરોડના તેમજ ગુજરાત સરકારના શહેરી વિકાસ, જળ સંસાધન, પાણી પુરવઠા, માર્ગ અને મકાન, જીઆઈડીસી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પ્રવાસન અને આદિજાતિ વિકાસ વિભાગના ₹૮૮૮૬ કરોડના વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે.



## પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત વડાપ્રધાન ગુજરાતના ૩૪ જિલ્લાઓમાં ૩૮,૯૪૯ આવાસોમાં નાગરિકોનો ગૃહપ્રવેશ કરાવશે

ઉલ્લેખનીય છે કે, કચ્છ જિલ્લાના ખાવડા ખાતે વિશ્વનો સૌથી મોટો હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક નિર્માણાધીન પામ્યા છે. આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખાવડાના આરઈ પાર્ક માટે ઊર્જા મંત્રાલય હેઠળના ૩ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ (કુલ ₹૩૬૪૫ કરોડના ખર્ચે) કરશે. પ્રોજેક્ટ્સ દ્વારા હજારો મેગાવોટ રિન્યુએબલ એનર્જીનું રાષ્ટ્રીય ગ્રીડ સાથે અસરકારક જોડાણ સુનિશ્ચિત

(અનુ. આઠમા પાને)

## ખેડબ્રહ્મા-હિંમતનગર બ્રોડગેજ લાઈન પર પ્રથમ ટ્રેનનું થશે ઈ-પ્રસ્થાન

ઉત્તર ગુજરાતના વિકાસને મળશે નવી ગતિઃ ખેડબ્રહ્માથી અમદાવાદ (અસારવા) વચ્ચે નવી ટ્રેન સેવા અને રેલવે લાઈનોના મલ્ટી-ટ્રેકિંગ પ્રકલ્પો રાષ્ટ્રને સમર્પિત કરાશે વડાપ્રધાનની વર્ચુઅલ ઉપસ્થિતિમાં ખેડબ્રહ્મા રેલ્વે સ્ટેશન ખાતે યોજાશે ઐતિહાસિક લોકાર્પણ સમારોહ ભારતીય રેલવેના આધુનિકીકરણ, ક્ષમતા વિસ્તાર અને ક્ષેત્રીય સંતુલિત વિકાસના વિઝનને સાકાર કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ તરીકે,ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા.૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ ગુજરાતમાં રૂ.૮૯૧ કરોડના વિવિધ રેલવે પ્રકલ્પોનું લોકાર્પણ કરી રાષ્ટ્રને સમર્પણ કરશે વડાપ્રધાનના અધ્યક્ષ સ્થાને આ મુખ્ય કાર્યક્રમ ગુજરાત રાજ્યના વાવ-થરાદ જિલ્લા ખાતે આયોજિત કરવામાં આવ્યો છે આ કાર્યક્રમ અંતર્ગત ખેડબ્રહ્મા રેલ્વે સ્ટેશન ખાતે પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે જ્યાં વડાપ્રધાનશ્રીની વર્ચુઅલ ઉપસ્થિતિમાં ખેડબ્રહ્મા-હિંમતનગર બ્રોડગેજ રેલ્વે

(અનુ. આઠમા પાને)

અલખનો ઓટલો વૈકિલ્પક ઉર્જા ક્ષેત્રમાં આત્મનિર્ભરતાનું પ્રતિક

# સતાધારમાં ભાવિકોને બાયોગેસ પ્લાન્ટ પર તૈયાર થતો ‘મહા પ્રસાદ’ પીરસાય છે!



હજુ નવા બે પ્લાન્ટ શરૂ કરાશે, બાયોગેસ ઉત્પન્ન કરવા ૮ હજાર કિલો છાણનો વપરાશ

**અબતક, દર્શન જોશી**
**જૂનાગઢ**

જુનાગઢ જિલ્લામાં આવેલા પ્રસિદ્ધ યાત્રાધામ સંત આપા ગીગાની જગ્યા સતાધાર ધામ તેની સંધ્યા આરતી દર્શન માટે પ્રખ્યાત છે. પણ આપા ગીગાનો આ ‘અલખનો ઓટલો’ હવે વૈકલ્પિક ઉર્જા ક્ષેત્રે આત્મનિર્ભતાનું પ્રતિક બન્યો છે. સતાધાર ધામમાં ગુજરાતનો સૌથી મોટી ક્ષમતા ધરાવતો બાયોગેસ પ્લાન્ટ કાર્યરત છે. ૮૫ ઘટમીટર પ્રતિદિવસની ક્ષમતા ધરાવતા ૪ બાયોગેસ પ્લાન્ટ હાલ કાર્યરત છે અને બીજા બે ૮૫ ઘનમીટર પ્રતિદિવસની ક્ષમતાના નવા બાયોગેસ પ્લાન્ટ સ્થાપવાની પ્રક્રિયા ચાલુ છે.

સતાધારની જગ્યામાં એક હજાર ગાયો છે. અહીં યાત્રાળુઓ માટે એક વિશાળ અન્નક્ષેત્ર ચલાવવામાં આવે છે. જ્યાં રોજ સરેરાશ ૧૦ હજાર લોકો ભોજન લે છે. આ રસોડુ ચલાવવા માટે માત્ર બાયોગેસનો જ ઉપયોગ કરવામાં આવે છે. બાયોગેસ ઉતપન્ન કરવા માટે રોજ ૮ હજાર કિલો છાણનો ઉપયોગ થાય છે.

સતાધારનાં મંહત

(અનુ. આઠમા પાને)

## સંસ્થાઓને બાયોગસ પ્લાન્ટ સ્થાપવા માટે અપાય છે સબસિડી

રાજ્યમાં વૈકલ્પિક ઉર્જા સ્ત્રોતોને પ્રોત્સાહન આપવા તેમજ ગૌશાળા, પાંજરાપોળ, શૈક્ષણિક સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓમાં ઉત્પન્ન થતા જૈવિક કચરાનો વૈજ્ઞાનિક રીતે સદુપયોગ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ સ્થાપનાની વિશેષ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ પ્લાન્ટ માટે સહાય આપવામાં આવે છે. બિનફાયદાકીય સંસ્થાઓને કુલ મૂલ્યના ૭૫% સુધી અને નફાકીય સંસ્થાઓને ૫૦% સુધીની સહાય રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે, સમગ્ર રાજ્યમાં ૧૯૩ થી વધારે સંસ્થાકીય બાયોગેસ કાર્યરત છે. જેની કુલ ક્ષમતા ૧૩૯૫૫ ઘનમીટર પ્રતિ દિવસ જેટલી થાય છે. તથા ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન અંદાજે ૬૦ સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ સ્થાપવાની પ્રક્રિયા ચાલુ છે.

# રાણી રૂક્મિણીજી અને શ્રીકૃષ્ણના વિધિવત પોખણા બાદ પ્રભુ સિંહાસન પર બિરાજશે

માધવપુર ઘેડમાં કૃષ્ણ-રૂક્મિણીજીના લગ્નોત્સવ અને પવનવેગી રથની દોડ અને ગાંધર્વ વિધિના સાક્ષી બન્યાં હજારો શ્રદ્ધાળુઓ / સાંજે વાજતે-ગાજતે પ્રભુ નિજ મંદિરે પધારશે, આજે હજાર કિલો ગુલાલ ઉડશે રસ્તાઓ પર જાણે લાલ જાજમ પાથરી હોય તેવા દ્રશ્યો સર્જાશે





## માધવપુરનો માંડવો, જાદવકુળની જાન; પરણે રાણી રુક્મિણી, વર વાંછિત શ્રી ભગવાન

**અબતક, મહેન્દ્ર કક્કડ**
**દ્વારકા**

ગઈકાલે ચૈત્ર સુદ અગિયારસના શુભ દિને દ્વારકાધીશ શ્રીકૃષ્ણ અને તેમના મુખ્ય પટ્ટરાણી માતા રૂકમિણીજીનો લગ્નોત્સવ પરંપરાગત રીતે ઊજવાયો હતો. સાંજે ૭:૦૦ કલાકથી દ્વારકાના રૂકિમણી મંદિરના પટાંગણમાં ધાર્મિક વિધિવિધાન સાથે ભગવાન દ્વારકાધીશજી અને માતા રૂકમિણીજીનો ભવ્ય લગ્નોત્સવ ઊજવાયો હતો. તા.૨૮-૨૯ માર્ચ દરમ્યાન ઉજવાયેલ શ્રીજી - શ્રીપટ્ટરાણીજીના લગ્નોત્સવમાં સાંજીના ગીત, સંગીત સંધ્યા, માતાજીનો વરઘોડો, અન્નકુટ મહોત્સવ જેવા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. સંપૂર્ણ ધાર્મિક વિધિ વિધાન સાથે બહોળી સંખ્યામાં ભાવિકોની ઉપસ્થિતિમાં પૂજારી અરૂણભાઈ દવે તથા કંદર્પભાઈ દવે તેમજ લગ્નોત્સવમાં મુખ્ય યજમાન પરિવારની ઉપસ્થિતિમાં શ્રી દ્વારકાધીશજી અને શ્રી રૂકિમણી માતાજીના લગ્નોત્સવની ઊજવાયો હતો.





બાદ પ્રભુએ આખી રાત મધુવનમાં જ મુકામ કર્યો હતો, જ્યાં જનતાએ સાંસ્કૃતિક કાર્યક્રમોની મોજ માણી હતી.આજે મંગળવારે સવારથી જ ભક્તો માટે પ્રભુને વધાવવા અને મેવા-મિસ્ત્રી આરોગાવવાનો અમૂલ્ય લ્હાવો ખુલ્લો મૂકવામાં આવ્યો છે. આજે સાંજે જયારે શ્રીકૃષ્ણ-રુક્ષ્મણીજીની જાન હર્ષોલ્લાસ સાથે નિજ મંદિર તરફ પ્રયાણ કરશે, ત્યારે સમગ્ર માધવપુર ગુલાલ ઉઠશે. હજારો કિલો ગુલાલની ડમરીઓ ઉડતા રસ્તાઓ પર જાણે લાલ જાજમ પાથરી હોય તેવા દ્રશ્યો સર્જાશે. સાંજે ચાર વાગ્યે માધવ ચોકમાં પોખણા અને કીર્તન બાદ ભગવાન પોતાના સિંહાસન પર બિરાજમાન થશે અને ભકતોને ‘શીતલ’ પ્રસાદ વહેંચી મેળાની પૂર્ણાહુતિ કરવામાં આવશે.





**અબતક, આશિષ પોપટ/ પૂજા થાનકી**
**માધવપુર**

ઐતિહાસિક માધવપુરના મેળામાં શ્રીકૃષ્ણ અને રુક્ષ્મણીજીના વિવાહ પ્રસંગે લોક-સંસ્કૃતિ અને ભકિતનો અદભૂત સંગમ જોવા મળ્યો છે. રુક્ષ્મણીજીના પક્ષેથી કડછા ભાઈઓ દ્વારા ઊંટ-ઘોડા અને વાજતે-ગાજતે લવાયેલું મામેરું આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. મહેર જ્ઞાતિની બહેનોએ જુનવાણી લગ્નગીતોની રમઝટ બોલાવી વાતાવરણને ગુંજવી દીધું હતું. માધવ ચોકમાં પહોંચેલા આ મામેરા બાદ મંદિરે ધજા ચડાવવામાં આવી હતી અને ક્ષત્રિય યુવાનો દ્વારા તલવારબાજી તેમજ ઘોડાઓની કરામતનું ભવ્ય પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

ગઈકાલે સાંજે ચાર વાગ્યે માધવરાય મંદિરેથી પ્રભુની જાન વિધિવત રીતે કીર્તનકારો અને દાંડિયા રાસના તાલે મેળા ગ્રાઉન્ડમાં પહોંચી હતી. આ સમયે શ્રીકૃષ્ણ ભગવાનના રથને પવનવેગે દોડાવવાનો અલૌકિક નજારો નિહાળી માનવ મહેરામણ હર્ષઘેલું બન્યું હતું. મધુવનમાં જાનના સામૈયા અને પોખણા બાદ મોડી રાત્રે શાસ્ત્રોક્ત ગાંધર્વ વિધિથી લગ્ન સંપન્ન થયા હતા અને ભાવિકોને પ્રસાદી રૂપે ‘કંસાર’ જમાડવામાં આવ્યો હતો. લગ્ન



## દ્વારકામાં આજે ભગવાન શ્રીકૃષ્ણ અને રૂક્મિણીજીનો ભવ્ય સત્કાર સમારોહ

**અબતક, મહેન્દ્ર કક્કડ**
**દ્વારકા**

ભારતના ઉત્તર-પૂર્વ પ્રદેશો અને પશ્ચિમ ભારતના ગુજરાતની સમૃદ્ધ સંસ્કૃતિના સમન્વયના અનુબંધનો ઉત્સવ માધવપુર ઘેડ મેળો આ વર્ષે તા.૨૭ થી ૩૧ માર્ચ સુધી યોજાઈ રહ્યો છે. ભગવાન શ્રીકૃષ્ણ રૂકમિણીજી સંગ વિવાહ કરીને જાન લઈ દ્વારકા પહોંચ્યા તે પૌરાણિક મહાત્મ્યને પુનઃ ઉજાગર કરતા દ્વારકામાં આજે ભગવાન શ્રીકૃષ્ણ અને રૂકમિણીજીનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. જેમાં શ્રીકૃષ્ણ-રૂકમિણીજીની ભવ્ય શોભાયાત્રા શહેરના રાજમાર્ગો પર પરિભ્રમણ કરશે. બાદમાં હાથી ગેઈટ ખાતે આવેલ પાર્કિંગમાં ભવ્ય મલ્ટીમીડીયા શો યોજાશે. જેમાં ઉત્તર-પૂર્વના અંદાજિત ૨૬૦ જેટલા કલાકારો તેમજ પ્રખ્યાત ગુજરાતી કલાકાર રાજેશ આહીર દ્વારા સાંસ્કૃતિક પ્રસ્તુતિ રજૂ કરવામાં આવશે.

# જૈનમ દ્વારા ભગવાન મહાવીરના જન્મોત્સવની ભવ્ય ઉજવણી: હજારો શ્રદ્ધાળુઓએ લીધો 'ગૌતમ પ્રસાદ'નો લાભ

## રાજવી પરિવારના માંધાતાસિંહજી જાડેજા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં ગૌતમ પ્રસાદનું ઉદ્ઘાટન: દાતાઓ અને અગ્રણીઓના સહયોગથી ભક્તિમય માહોલ





### ક્ષમામાં જ શાંતિ છે: ડો.દર્શિતા શાહ



ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ જણાવ્યું હતું કે, આજે સમગ્ર વિશ્વ જયારે યુધ્ધ અને અશાંતિના વાતાવરણમાંથી પસાર થઈ રહ્યું છે, ત્યારે ભગવાન મહાવીરનો સત્ય, અહિંસા અને ક્ષમાનો સંદેશ અત્યંત જરૂરી છે. નાનામાં નાના જીવની રક્ષા કરવી અને 'વસુધૈવ કુટુંબકમ'ની ભાવનાથી એક થઈને રહેવું એ જ પ્રભુના ચરણોમાં સાચી વંદના છે.

### ભૌતિક સુખ નહીં, આત્મકલ્યાણનું મહત્વ: માંધાતાસિંહ જાડેજા



રાજવી માંધાતાસિંહ જાડેજાએ શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, મહાવીર સ્વામીના પાંચ અણુવ્રતો-સત્ય, અહિંસા, અપરિગ્રહ, અસ્તેય અને બ્રહ્મચર્ય-પ્રત્યેકના જીવનમાં સુદ્રઢ બને તે જરૂરી છે. સાચું સુખ ભૌતિકતામાં નહીં પણ આત્મ-નિયંત્રણમાં છે. તેમણે રાજવી પરિવાર વતી સમગ્ર જૈન સમાજને આ પવિત્ર દિવસની વધામણી આપી હતી.

**અબતક રાજકોટ:**

સમસ્ત જૈન સમાજ રાજકોટ અને 'જૈનમ' સંસ્થા દ્વારા શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક મહોત્સવની અત્યંત ઉત્સાહ અને ભકિતભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. આ પવિત્ર અવસરે રાજકોટમાં ભવ્ય 'ગૌતમ પ્રસાદ' (સ્વામીવાત્સલ્ય) નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જૈન સમાજના હજારો ભાઈ-બહેનોએ જોડાઈને પ્રસાદનો લાભ લીધો હતો.

મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય અને ઉદ્ઘાટન

આ ભવ્ય ગૌતમ પ્રસાદનું ઉદ્ઘાટન રાજકોટના ઠાકોર સાહેબ માંધાતાસિંહજી જાડેજાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેરના જાણીતા એડવોકેટ અનિલભાઈ દેસાઈ, એડવોકેટ કમલેશભાઈ શાહ, હિતેશભાઈ મહેતા, મુકેશભાઈ દોશી અને ધીમંતભાઈ કોઠારી જેવા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વિભાસભાઈ શેઠ, મનીષભાઈ મહેતા, મનીષભાઈ દોશી અને જીગ્નેશભાઈ શાહ સહિતના સામાજિક અગ્રણીઓએ પણ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી.

આજના આ ગૌતમ પ્રસાદના આયોજનમાં અનેક સેવાભાવી પરિવારોએ પોતાનો આર્થિક સહયોગ આપ્યો હતો. જેમાં મુખ્યત્વે માતૃશ્રી વસંતપ્રભાબેન હસમુખભાઈ વસા, સુજીતભાઈ ઉદાણી, ચિમનભાઈ માટલિયા, જયેશભાઈ શાહ અને માતૃશ્રી અનસુયાબેન નટવરલાલ શેઠ પરિવારનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ભરતભાઈ દોશી, જનીશભાઈ અજમેરા, જીતેન્દ્રભાઈ દોશી, કુશલભાઈ કોઠારી, દર્શનભાઈ શાહ અને ઈન્દુભાઈ બદાણી જેવા શ્રેષ્ઠીઓએ પણ આ ભક્તિમય કાર્યમાં ઉદાર હાથે ફાળો આપ્યો હતો.

જૈનમ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં જૈન સમાજના તમામ ફિરકાઓના લોકો એકઠા થયા હતા, જે સમાજની એકતાના દર્શન કરાવતા હતા. ભગવાન મહાવીરના 'જીવો અને જીવવા દો' ના સંદેશ સાથે આયોજિત આ ગૌતમ પ્રસાદમાં શિસ્તબદ્ધ વ્યવસ્થા જોવા મળી હતી. આયોજકો દ્વારા તમામ મહેમાનો અને દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું અને આ ભવ્ય આયોજનને સફળ બનાવવા માટે જૈનમની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

# જૈન વિઝન દ્વારા ભક્તિ સંગીત: સાંજે 'આવો રે આવો મહાવીર નામ લઈએ' કાર્યક્રમ

## હેમુ ગઢવી હોલ ખાતે મુંબઈ-ઈન્દોરના ખ્યાતનામ કલાકારો જમાવટ કરશે; ૫૧ લક્કી ડ્રો અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં ઉજવાશે ભક્તિ પર્વ

**અબતક રાજકોટ:**

સમસ્ત જૈન સમાજ રાજકોટ અને 'જૈન વિઝન' દ્વારા જૈન ધર્મના ચારેય ફિરકાઓના સંગમ સમાન અતિ લોકપ્રિય ભક્તિ સંગીતનો કાર્યક્રમ 'આવો રે આવી મહાવીર નામ લઈએ' નું અનોખું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તારીખ ૩૧મીના રોજ રાત્રે ૮:૩૦ કલાકે શહેરના હેમુ ગઢવી ઓડિટોરિયમ ખાતે યોજાશે. ભક્તિના આ મહાકુંભમાં શ્રોતાઓ માટે આકર્ષણનું કેન્દ્ર ૫૧ જેટલા લક્કી ડ્રો પણ રહેશે.

આ કાર્યક્રમમાં મુંબઈ અને અમદાવાદના શ્રેષ્ઠ સિંગરો અને સ્તવનકારો સાગર કેન્દ્રરકર (મુંબઈ), પર્વ જૈન (ઈન્દોર), સ્તુતિ દોશી (સુરત) અને જેતલ



તસ્વીર: શૈલેષ વાડોલીયા

સોની (મુંબઈ) ભકિત સંગીત પીરસશે. આ કલાકારોને રાજકોટના જાણીતા મ્યુઝિક ડાયરેક્ટર આશિત કોટક એન્ડ પાર્ટીનો સથવારો મળશે. કાર્યક્રમના એન્કર તરીકે એડવોકેટ આશિષ શાહ પોતાની આગવી શૈલીમાં ભગવાન મહાવીરના જીવન અને સ્તવનોના ભાવને રજૂ કરશે.આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે પ્રદેશ મહિલા ભાજપના અંજલીબેન રૂપાણી અને ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમનું ઉદ્ઘાટન જૈન અગ્રણી જીતુભાઈ બેનાણી અને ચંદ્રકાંતભાઈ શેઠના હસ્તે કરવામાં આવશે. જૈન વિઝનના આમંત્રણને માન આપીને જામનગર શહેર ભાજપના પ્રમુખ બીનાબેન કોઠારી અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નિલેશભાઈ કગથરા ખાસ ઉપસ્થિત રહેશે. અતિથિ વિશેષ તરીકે જ્યોતીન્દ્રભાઈ મહેતા, જયેશભાઈ શાહ, પ્રવીણભાઈ કોઠારી, સુનિલભાઈ શાહ સહિતના અનેક રાજકીય અને સામાજિક અગ્રણીઓ હાજરી આપશે અબતકની શુભેચ્છા મુલાકાતમાં કેતન સંઘવીએ જણાવ્યું હતું કે

જૈન વિઝન દ્વારા આ દિવસે સવારે પક્ષીઓને ચણ અને ગાયોને ઘાસચારો પણ આપવામાં આવશે. આ કાર્યક્રમમાં મુખ્ય સહયોગ ઋષભ ચંદ્રકાંતભાઈ શેઠ, જીતુભાઈ બેનાણી પરિવાર, રાજેશભાઈ અને નીતિનભાઈ કામદાર તથા અજીતભાઈ જૈન તરફથી મળી રહ્યો છે. ટીમ જૈન વિઝનના ભરત દોશી, અજિત જૈન, દીપક કોઠારી (ઉઊ) સહિતની ટીમ સતત ૧૩મા વર્ષે આ ભવ્ય આયોજનને સફળ બનાવવા તડામાર તૈયારીઓ કરી રહી છે

# હરિવંદના કોલેજની છાત્રાઓ સરકારી શાળાના બાળકોને આર્ટ એન્ડ ક્રાફ્ટ શીખવશે

## અભ્યાસની સાથે ઉદ્યોગ સાહસિકતાના ક્ષેત્રે ડગ માંડતા ''સ્કીલ કેનવાસ'' નામનું સ્ટાર્ટઅપ લોન્ચ કર્યું

**અબતક, રાજકોટ**



રાજકોટની હરિવંદના કોલેજના બીબીએ અને બીસીએ ડિપાર્ટમેન્ટની ૧૫ જેટલી તેજસ્વી વિદ્યાર્થીનીઓએ અભ્યાસની સાથે ઉદ્યોગસાહસિકતાના ક્ષેત્રે ડગ માંડતા ''સ્કીલ કેનવાસ'' નામનું નવતર સ્ટાર્ટઅપ લોન્ચ કર્યું છે. આ પ્રોજેક્ટ અંતર્ગત વિદ્યાર્થીનીઓ પેપર ક્રાફ્ટ અને હેન્ડ-મેડ ગિફ્ટ આર્ટિકલ્સ જેવી સર્જનાત્મક વસ્તુઓ તૈયાર કરી રહી છે. આ આધુનિક યુગમાં પોતાના ઉત્પાદનોને છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે તેમણે સોશિયલ મીડિયા અને ડિજિટલ માર્કેટિંગનો સહારો લીધો છે, જેમાં પ્રોફેશનલ ફોટોગ્રાફી અને ઈન્સ્ટાગ્રામ રીલ્સ દ્વારા ઓનલાઈન સેલિંગ પ્લેટફોર્મ ઊભું કરવામાં આવ્યું છે. આ પહેલનો મુખ્ય હેતુ વિદ્યાર્થીનીઓમાં બિઝનેસ મેનેજમેન્ટ, કોમ્યુનિકેશન સ્કિલ્સ અને આત્મવિશ્વાસ વધારવાનો છે.

વ્યવસાયની સાથે સામાજિક સેવાનો ઉમદા હેતુ ધરાવતા આ સ્ટાર્ટઅપના પ્રથમ ચરણની શરૂઆત રાજકોટના મોટા મૌવા અને નાના મૌવા ગામની સરકારી શાળાઓથી કરવામાં આવી છે. આગામી ત્રણ-ચાર મહિનામાં શહેરની ૨૫ જેટલી સરકારી શાળાઓના બાળકો સુધી પહોંચી તેમને આર્ટ એન્ડ ક્રાફ્ટ શીખવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ દ્વારા બાળકોમાં છુપાયેલી કળાને બહાર લાવવાની સાથે કોલેજની દીકરીઓને પણ રિયલ-ટાઈમ માર્કેટિંગ અને પ્રમોશનનો અનુભવ મળી રહ્યો છે. આ અનુભવ તેમને ભવિષ્યમાં સ્વતંત્ર બિઝનેસ સ્થાપવા અથવા કૌટુંબિક વ્યવસાયને આધુનિક ઢબે આગળ ધપાવવા માટે પાયારૂપ સાબિત થશે.

### છાત્રાઓએ પેપર ક્રાફ્ટ અને સોશિયલ મીડિયાના માધ્યમથી શરૂ કર્યો બિઝનેસ : સાગર પટેલ



અબતક સાથેની વાતચીતમાં એડમિન હેડ સાગર પટેલે જણાવ્યું હતું કે, હરિવંદના કોલેજના બીબીએ અને બીસીએ ડિપાર્ટમેન્ટની વિદ્યાર્થીનીઓ દ્વારા પેપર ક્રાફ્ટ અને હેન્ડ-મેડ ગિફ્ટ આર્ટિકલ્સનું એક સ્ટાર્ટ-અપ શરૂ કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ હેઠળ વિદ્યાર્થીનીઓ પોતાની ક્રિએટિવિટી દ્વારા તૈયાર કરેલી વસ્તુઓનું ઈન્સ્ટાગ્રામ પેજ પર વીડિયોગ્રાફી અને રીલ્સ દ્વારા ડિજિટલ માર્કેટિંગ કરીને ઓનલાઈન વેચાણ કરશે. આ સ્ટાર્ટ-અપનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીનીઓમાં સ્કિલ ડેવલપમેન્ટ કરવાનો છે, જે અંતર્ગત તેઓ રાજકોટની ૨૫ જેટલી સરકારી શાળાઓમાં જઈને બાળકોને પેપર ક્રાફ્ટની કળા પણ શીખવશે.

# યુરોકેર હોસ્પિટલના ડો. જિતેન્દ્ર અમલાણીને ગુજરાત હેલ્થકેર એકેડેમીના એવોર્ડથી નવાજાયા

## અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ડો. જિતેન્દ્ર અમલાણીની ત્રણ દાયકાથી વધુની નિષ્ઠાભરી સેવાની થઈ કદર




**અબતક, રાજકોટ**

રાજકોટના વરિષ્ઠ યુરોલોજિસ્ટ ડો. જીતેન્દ્ર અમલાણી ને રાજ્યસ્તરે ગૌરવપૂર્ણ સન્માન પ્રાપ્ત થયું છે. આરોગ્ય ક્ષેત્રમાં તેમના અનન્ય યોગદાન અને ત્રણ દાયકાથી વધુ સમયથી આપવામાં આવતી સમર્પિત તબીબી સેવાઓ બદલ તેમને પ્રતિષ્ઠિત ગુજરાત હેલ્થકેર એક્સેલેન્સ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.

આ પ્રતિષ્ઠિત એવોર્ડ અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આપવામાં આવ્યો હતો. સમાજ માટે વિશેષ કાર્ય કરનાર ડોકટરો અને હોસ્પિટલોની પસંદગી કરીને આ ટ્રસ્ટ દ્વારા આ સન્માન આપવામાં આવે છે. આ એવોર્ડ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી તથા પ્રખ્યાત સામાજિક આગેવાન દેશમુખદાદાના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.

ડો. જીતેન્દ્ર અમલાણી છેલ્લા ૩૦ વર્ષથી સૌરાષ્ટ્ર, કચ્છ અને સમગ્ર ગુજરાતના ગરીબ, પછાત અને અવગણાયેલા દર્દીઓ માટે સતત, વિશ્વસનીય અને સમર્પિત તબીબી સેવા આપી રહ્યા છે. તેમના સેવાકાર્ય અંતર્ગત તેમણે ૧૫૦ થી

(અનું.આઠમાં પાને)

# ગ્રામીણ વિસ્તારોમાં જર્જરીત ટાંકીઓને તોડી પાડવા એન્જિનિયરોની કમિટી રચવા કલેકટરની સૂચના

## રાજકોટ જિલ્લાના ૧૭ ગામમાં પાણી પુરવઠાને લગતા રૂ.૩૮.૯૭ લાખના વિવિધ કામોને બહાલી: જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠકમાં કલેકટર દ્વારા આગામી કામોને મંજૂરી અપાઈ

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશના અધ્યક્ષ સ્થાને જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક ગતરોજ સાંજે કલેક્ટર કચેરી ખાતે યોજવામાં આવી હતી.

આ બેઠકમાં રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકાના ૧૭ ગામોમાં પાણી પુરવઠાનું માળખું સુદ્રઢ બનાવવા માટે રીજુવેનેશન કાર્યક્રમ હેઠળ રૂ. ૩૮.૯૭ લાખના કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી. જેના પગલે આ ગામોમાં પીવાના પાણીની સુવિધામાં નવા બોરના શારકામ, પમ્પિંગ મશીનરી, હયાત બોર અને સંપ પર પમ્પિંગ મશીનરી સહિતના કામો કરવામાં આવશે. આ સાથે અગાઉની બેઠકમાં મંજુર કરેલા કામોની સમીક્ષા કરવામાં આવી. જેમાં ઉનાળાના સમયમાં પાણીની તકલીફ ન પડે તે અંગે પણ ધ્યાન આપવા સૂચના આપવામાં આવી હતી.ઉક્ત બેઠકમાં વાસ્મો કચેરી દ્વારા કરવામાં આવેલી કામગીરીની




સમીક્ષા કરવામાં આવી. જેમાં ગ્રામ પંચાયતોના પાણી વેરા વસુલાત, પંપ ઓપરેટર તાલીમો, ગ્રામ્ય કક્ષાએ પાણી ટેસ્ટીંગ કામગીરી, જલ અર્પણ ઉત્સવ ઉજવણી તેમજ વાસ્મો હેઠળ મંજુર થયેલા કામોની વિગતવાર ચર્ચા કરી જરૂરી સૂચના આપવામાં આવી હતી.

ઉપરાંત વિવિધ ગ્રામીણ વિસ્તારોમાં જૂની જર્જરીત થઈ ગયેલી અને જોખમી પાણીની ટાંકીને તોડી પાડવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં અધ્યક્ષ દ્વારા અલગ અલગ વિભાગના જેમ કે, જિલ્લા પંચાયત, સિંચાઈ આર.એન્ડ બી.અને પી.આઈ.યુ. પાણી પુરવઠા, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, વાસ્મો વગેરે કાર્યપાલક ઈજનેરોની કમિટી બનાવીને, બેઝીક અપસેટ પ્રાઈઝ નક્કી કરવા સુચના આપવામાં આવી. જેથી ઉક્ત ભાવ દ્વારા તાલુકા-જિલ્લા પંચાયત મારફતે પંચાયતના નિયમાનુસાર ટાંકી તોડી પાડવા અંગેની કાર્યવાહીને આગળ વધારવા અંગે સૌને માર્ગદર્શિત કરવામાં આવ્યાં હતા.

બેઠકમાં જિલ્લા પંચાયત કાર્યપાલક ઈજનેર(સિંચાઈ)ના વિવેક ગોહિલ, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના કાર્યપાલક ઈજનેર અંકિત ગોહિલ અને વાસ્મોના કાર્યપાલક ઈજનેર દીપક બારિયા તેમજ અન્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સોની બજારની અમિત જવેલર્સ પેઢીમાં ચોરી : મુંબઈના મુખ્ય સૂત્રધાર સહિત ત્રણ તસ્કર સકંજામાં

## રાત્રિના સમયે જવેલર્સ પેઢીના પાંચ તાળા તોડી દુકાનમાં પ્રવેશ્યા: સીસીટીવી કેમેરા પણ તોડી નાખ્યા

## આયા હું તો કુછ લેકર જાઉંગા : તિજોરી તોડવામાં સફળ નહિ રહેતા રોકડ ગણવાના બે મશીન ઉઠાવી ગયા

**અબતક, રાજકોટ**

શહેરની સોની બજારમાં આવેલી અમિત જવેલર્સ નામની દુકાનના પાંચ તાળા તોડી તસ્કરો ત્રાટક્યાં હતા. અહીં તસ્કરોએ ચોરીનો પ્રયત્ન કર્યો હતો પરંતુ તિજોરીનું તાળું નહિ તૂટતા મોટી મતા બચી ગઈ હતી. જે બાદ અસફળ રહેલા તસ્કરો જવેલર્સ પેઢીમાંથી રૂ. ૫૦ હજારની કિંમતના બે રોકડ ગણવાના મશીન ઉઠાવી ગયા હતા. જે મામલે એ ડિવિઝન પોલિસેં મુંબઈના મુખ્ય સૂત્રધાર સહીત ત્રણ તસ્કરોને ગણતરીની કલાકોમાં જ દબોચી લઈ મુદ્દામાલ રિકવર કર્યો હતો. બનાવ અંગે લીમડા ચોક નજીક ડિજીબી પેલેસ એપાર્ટમેન્ટના ત્રીજા માળે રહેતા ૫૭ વર્ષીય સોની વેપારી



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા



### ચોરીને અંજામ આપવા મુંબઈથી ચોરીના સ્પેશિયાલિસ્ટને બોલાવતા

વધુમાં પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર ઝડપાયેલી તસ્કર ગેંગ ખાસ ચોરીને અંજામ આપવા મુંબઈથી તસ્કરને અહીં બોલાવતા હતા અને બાદમાં ચોરી કરવા ત્રાટકતા હતા. તેઓ સોની બજાર જેવા વિસ્તારોમાં જૂનાગઢ લાકડાના દરવાજાવાળી દુકાનો કે જેના તાળા સરળતાથી તૂટી જાય તેવી દુકાનોને જ ટાર્ગેટ કરવાની એમઓ ધરાવે છે. જેથી પોલિસેં મુંબઈના તસ્કરને પણ ઝડપી લીધાનું જાણવા મળ્યું છે.

### એ ડિવિઝન અને એલસીબીની ટીમે સીસીટીવી ફૂટેજના આધારે મુંબઈના તસ્કર સહિત ત્રિપુટીને દબોચી મુદ્દામાલ રિકવર કર્યો, વધુ બેની શોધખોળ

મનિશભાઈ રમણભાઈ રાણપરાએ એ ડિવિઝન પોલિસ મથકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું સોની બઝાર નવા નાકા રોડ પર મારુતી પ્લાઝા કોમ્પ્લેક્ષની સામે ગઘીવાડ શેરીમાં અમિત જવેલર્સ નામની દુકાન ધરાવી વેપાર કરૂ છું.

સોની વેપારીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા.૩૦/૦૩/૨૦૨૬ ના રોજ રાત્રીના નવેક વાગ્યાની આસપાસ હું તથા મારો દિકરો જય અમારી દુકાન બંધ કરીને ઘરે જતા રહેલ હતા. બાદમાં આજે સવારે છ વાગ્યાની આસપાસ અમારી દુકાનની નજીક નિહારનો સામાન વેચતા રમેશભાઈ દ્વારા અમને જાણવા મળેલ કે, અમારી દુકાનના તાળા તુટેલા છે. જેથી હું તથા મારો દિકરો જય તાત્કાલિક અમારી દુકાન અમિત જવેલર્સ ખાતે પહોચેલ હતા. ત્યાં જઈને જોતા અમારી દુકાનના બહારના લાકડાના દરવાજા પર મારેલ ચાર લોક તથા એક મોટું લોક તૂટેલી હાલતમાં હતા અને દુકાનનો દરવાજો ખુલ્લો હતો. દુકાનનો અંદરનો કાચનો સ્લાઈડર દરવાજો પણ ખુલ્લો હતો. બાદ દુકાનની અંદર જઈ જોતા દુકાનની બે કેમેરા પણ તુટેલી હાલતમાં હતા. બાદ દુકાનની અંદર રહેલ આશરે રૂ. ૫૦ હજારની કિંમતના બે રોકડ રકમ ગણવાના મશીનો મળી આવ્યા ન હતા. જોવામા આવેલ નહી. જેથી રાત્રિના નવેક વાગ્યાથી સવારના છ વાગ્યાના સમય દરમિયાન અમારી દુકાન અમિત જવેલર્સની અંદર પ્રવેશ કરી રોકડ ગણવાના બે મશીન ઉઠાવી જવા મામલે સોની વેપારીએ ફરિયાદ નોંધાવી હતી.

બનાવને પગલે એ ડિવિઝન પોલિસ મથકના પીઆઈ બી વી બોરીસાગરના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ એમ રાણાની ટીમે સીસીટીવી ફૂટેજના આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. દરમિયાન કેમેરા તોડી નાખનાર તસ્કર ટોળકીના પાંચ સભ્યો સીસીટીવીમાં કેદ થઈ ગયાનું પોલિસને માહિતી સાંપડી હતી. જેથી એ ડિવિઝન અને એલસીબી ઝોન-૨ પીએસઆઈ આર એચ ઝાલાની અલગ અલગ પોલિસની ટીમો દ્વારા તસ્કર ટોળકીને ઝડપી લેવા પ્રયત્નો શરૂ કર્યા હતા. દરમિયાન પોલીસે ત્રણ તસ્કરોને અલગ અલગ જગ્યાએથી ઉઠાવી લઈ રોકડ ગણવાના બંને મશીન કબ્જે કર્યા હતા. જયારે વધુ બે તસ્કરોની શોધખોળ યથાવત રાખી હતી.

# દારૂના ગુનામાં સગીરને માર મારવામાં બે પીઆઈ, કોસ્ટેબલ સામે ચાર્જ ફ્રેમ

## તત્કાલીન પી.આઈ. સાંબડ, મોરી, દશરથસિંહ સામે કેસ ચલાવવા વડીયા કોર્ટનો હુકમ

**અબતક, રાજકોટ**

વડીયા પો.સ્ટે.માં સગીરને પ્રોહિબિશન ગુનો કબુલાવવા તત્કાલીન પી.એસ.આઈ. એ.ડી. સાંબડ અને કોન્સ્ટેબલ દશરથસિંહ સરવૈયાએ માર માર્યા અને પી.આઈ. મોરીએ ફરીયાદ ન કરવા ધમકી આપ્યા અંગેની ફરિયાદમાં ચાર વર્ષના કાનૂની આટાપાટા બાદ અદાલત દ્વારા ત્રણેય પોલીસ કર્મચારી વિરૂધ્ધ તહોમતનામું મંજૂર કરી કેસ આગળ ચલાવવા હુકમ કર્યો છે

આ અંગેની હકીકત મુજબ, ગઈ તા. ૨૫/૦૩/૨૦૨૧ના વડીયા પોલીસ સ્ટેશનના અધિકારી અને સ્ટાફે રાત્રીના વડીયા ગામમાં શાંતુબેન રાજુભાઈ બોરીચાના ઘરે જઈને 'તમારા પુત્રનું નામ ઈંગ્લીશ દારૂના ગુન્હામાં ખુલેલ છે તેને પો.સ્ટે.એ મોકલી દેજો' તેમ જણાવ્યું હતું. તેમાં શાંતુબેને તેના સગીર પુત્રને તા. ૨૪/૦૫/૨૦૨૧ના રોજ સાંજે તેમના મોટા બાપુ રણજીતભાઈ બોરીચા સાથે વડીયા પો.સ્ટેશને મોકલેલ, ત્યારે પી.એસ.આઈ. એ.ડી. સાંબડ અને કોન્સ્ટેબલ દશરથસિંહે દારૂનો ગુનો કબૂલાવવા સગીરને પટાથી અને લાકડી વતી બેફામ માર મારતા હાથે અને પગે ઈજાગ્રસ્ત હાલતમાં 'આ બાબતની ફરીયાદ ન કરવા' ધમકી આપી ઘરે મોકલી આપેલ, તેમાં માતા શાંતુબેને તેના સગીર પુત્રને પ્રથમ અમરેલી સિવિલ હોસ્પીટલે અને ત્યારબાદ અમદાવાદ ઝાયડસ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડેલ, પરંતુ અમરેલી એસ.ઓ.જી.ના તાત્કાલીન પી.આઈ. મોરીએ બંને સ્થળે ધસી જઈ સગીરને ફરીયાદ નહી કરવા દબાણ કરેલ અને પોલીસ દ્વારા સગીરનું યોગ્ય નિવેદન લેવામાં આવેલ નહીં, દરમિયાન વડીયા પોલીસ દ્વારા માત્ર એન.સી. ગુન્હો દાખલ કરવામાં આવેલ. ત્યારબાદ સગીરના માતા શાંતુબેન રાજુભાઈ બોરીચાએ તેમના એડવોકેટ રઘુવીર બસીયા મારફત અમરેલી ડિસ્ટ્રિકટ કોર્ટમાં ફરીયાદ રજિ. એ.ડી. દ્વારા મોકલાવેલ, આ ફરીયાદને ડિસ્ટ્રિકટ કોર્ટે વડીયા કોર્ટને રજિસ્ટર લેવા હુકમ કરેલ તેમાં પોલીસ દ્વારા સગીરની એન.સી.માં બી. સમરી રિપોર્ટ રજુ કરવામાં આવેલ, જે અદાલતે નામંજુર કરેલ અને અદાલત દ્વારા ફરીયાદી શાંતુબેન તેમજ તેના સગીર પુત્ર અને બીજા જે સાહેદોની જુબાનીને રેકોર્ડ ઉપર લેવાયા બાદ વડીયા અદાલત દ્વારા પી.એસ.આઈ. એ.ડી. સાંબડ, પી.આઈ. એમ.એ. મોરી, અને કોન્સ્ટેબલ દશરથસિંહ સરવૈયા વિરૂધ્ધ આઈ.પી.સી.ની કલમ ૩૨૩, ૫૦૬ (૨), ૧૧૪ મુજબનો ચાર્જ ફ્રેમ (તહોમતનામું) ફરમાવવામાં આવેલ અને કેસ આગળ ચલાવવા હુકમ કરવામાં આવ્યો છે. આ કેસમાં ફરીયાદી વતી રઘુવીર બસીયા તથા મેહુલ રાઠોડ એડવોકેટ તરીકે રોકાયા હતા.

# હાલ હું તને મારો જલવો બતાવું કહી વસીમ ઉર્ફે બીડીએ સગીર પર છરી વડે હુમલો કર્યો

## પગપાળા જતાં સગીર સામે વાહન ઉભું રાખી નશામાં ધૂત શખ્સેં ગાળો ભાંડી ફડાકા ઝીંક્યા : ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

ઉપલેટામાં ૧૭ વર્ષીય સગીરને નશામાં ધૂત શખ્સેં ગાળો ભાંડી ફડાકા ઝીંકી દીધા હતા. બાદમાં સગીર પર છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો. જે બનાવમાં ઉપલેટા પોલિસેં વસીમ ઉર્ફે બીડી નામના શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી આદરી હતી.

બનાવ અંગે ઉપલેટાના ત્રણ કમાન વિસ્તારમાં રહેટા ૧૭ વર્ષીય સગીર રેહાન રિયાઝભાઈ સુરીયાએ આરોપી તરીકે અહીં ઈસરા વિસ્તારમાં રહેતો વસીમ ઉર્ફે બીડી બાબુભાઈ બ્લોચનું નામ આપતા જણાવ્યું હતું કે, હું ઉપલેટા ત્રણ કમાનમાં મારા પિતાની નોનવેઝની દુકાને વેપાર કરૂ છુ. ગત રાત્રિના હું અમારી નોનવેઝની દુકાન બંધ કરીને સંજરી વેરાયટી નામની દુકાને ભાગ લેવા ગયેલ હતો. ભાગ લઈને પરત થતો હતો ત્યારે રાજધાની બટેટા પાસે આશરે રાત્રીના સાડા બારેક વાગ્યે પહોંચતા વસીમ ઉર્ફે બીડી બાબુભાઈ બ્લોચ પોતાનું કાળા કલરનું બર્ગમેન સ્કૂટર લઈને ધસી આવેલ હતો. તેણે મારી પાસે આવી ઉભો રહી જતાં હું બીજી બાજુથી નિકળવાની કોશિશ કરતા તેં મારી સામે આવીને ઉભો રહી ગયેલ હતો અને હાલ હું તને મારો જલવો બતાવું તેમ કહી ગાળાગાળી કરવા લાગેલ હતો. તે દારૂ પીધેલ હોય જેથી મેં ગાળો બોલવાની ના પાડતા મારો કાઠલો પકડી લીધેલ હતો અને મને ઝાપટો મારવા લાગેલ હતો. બાદમાં તેના નેફામાથી છરી કાઢી મને મારવા જતાં હું છરી પકડવા જતા મને ડાબા હાથની બીજી તથા ચોથા નંબરની આંગળીમાં સામાન્ય ઈજા થયેલ હતી. બાદ હું રાડા રાડી કરતા આજુ બાજુમાંથી માણસો ભેગા થઈ જતા વસીમ ઉર્ફે બીડી પોતાનું બર્ગમેન મુકીને જતો રહેલ હતો. દરમિયાન મારા પિતા દોડી આવતા મને સારવાર અર્થે ઉપલેટા સરકારી હોસ્પિટલમાં લઈ ગયેલ હતા.

બનાવ અંગે સારવાર લીધા બાદ સગીરે ફરિયાદ આપતાં ઉપલેટા પોલિસેં હુમલા સહીતની કલમો હેઠળ ગુનો નોંધી વસીમ ઉર્ફે બીડીની શોધખોળ શરૂ કરી હતી.

# જંગલેશ્વરમાં ૪૦૦ કરોડની જમીન પરનું દબાણ દૂર કરાશે: મિલકતધારકોની અપીલ રદ

## ૧૩૫૮ મિલકતધારકોને વહીવટી તંત્ર દ્વારા ડિમોલિશનની નોટિસ આપવામાં આવતા સ્થાનિકોમાં રોષ ફાટી નીકળ્યો હતો

**અબતક, રાજકોટ**

રાજકોટના જંગલેશ્વરમાં ૪૦૦ કરોડની સરકારી જમીન પર ખડકાયેલી ૧૩૫૮ મિલકતધારકોને વહીવટી તંત્ર દ્વારા કલમ ૨૦૨ની ડિમોલિશનની નોટિસ આપવામાં આવતા સ્થાનિકોમાં રોષ ફાટી નીકળ્યો હતો. જોકે, આ મામલે હાઈકોર્ટમાં પીટિશન દાખલ કરાઈ હતી અને આ મામલે ૨ ફેબ્રુઆરીએ હાઈકોર્ટ દ્વારા ૩ માસનો સ્ટે આપવામાં આવ્યો હતો. જો કે ત્યાર બાદ ગુજરાત રાજ્ય ટ્રિબ્યુનલ કોર્ટમાં જવા માટેના દ્વાર ખૂલ્યા હતા. જે બાદ ૭૨૦ લોકો ગુજરાત સરકાર, રાજકોટ જિલ્લા કલેક્ટર અને પૂર્વ વિસ્તારના મામલતદાર સામે કોર્ટ સમક્ષ અપીલમાં ગયા હતા. જોકે, ૨૫ માર્ચના ગુજરાત મહેસૂલ પંચ દ્વારા સ્થાનિકોની અપીલ રદ કરતો ચૂકાદો આપ્યો છે.

રાજકોટ જિલ્લાના રાજકોટ શહેર (પૂર્વ) તાલુકા ગૃપ-૪ માં આવેલી સરકારી ખરાબાની રેવન્યુ સર્વે નં.૨૫૬ પૈકીમાં ટીપી સ્કીમ-૬ (રાજકોટ) પ્લોટ નં.૧૫૯માં આ કામના અરજદારો દ્વારા જંગલેશ્વરમાં ૧૩૫૮ મિલકતધારકો દ્વારા દબાણ કરવામાં આવ્યું હતું. જે તપાસ કરતા બીનઅધિકૃત બાંધકામ હોવાથી લેન્ડ રેવન્યુ કોડની કલમ-૬૧ અન્વયે કાર્યવાહી કરવા નક્કી થયું હતું. જેથી મામલતદાર અને એક્ઝ્યુક્યુટીવ મેજિ., રાજકોટ શહેર (પૂર્વ)એ કાર્યવાહી કરી તા.૨૩ માર્ચ ૨૦૨૬ ના રોજ જમીન મહેસૂલ કાયદાની કલમ-૨૦૨ મુજબ પગલા લેવા અને દબાણવાળી જગ્યા અરજદારોને હુકમ મળ્યાથી ૭ દિવસમાં ખુલ્લી કરવાનો હુકમ કર્યો હતો.

જે બાદ અરજદારોએ ગુજરાત હાઈકોર્ટમાં સિવિલ એપ્લિકેશન નં.૧૩૧૫/૨૦૨૬ દાખલ કરી હતી, જેમાં ગુજરાત હાઈકોર્ટે અરજદારોને મહેસૂલ પંચ સમક્ષ કાર્યવાહી કરવા આદેશ આપ્યો હતો અને ૯૦ દિવસમાં નિર્ણય લેવા હુકમ કરવામાં આવ્યો હતો. જેથી અરજદારોએ આ અપીલ મહેસૂલ પંચ સમક્ષ દાખલ કરી હતી. જોકે સરકારી જમીન ઉપર દબાણ હોવાથી અપીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી તેવો ચુકાદો આપવામાં આવ્યો હતો.

# જેતપુરમાં જાહેરમાં બિભત્સ ચેનચાળા કરતો યુવરાજ ઉર્ફે બિચ્છુ ઝડપાયો

## પંચવટી સોસાયટી પાસે આપત્તિજનક ઈશારા કરતા શખ્સ અંગે રહેવાસીઓએ જાણ કરતા પોલીસે ગુનો નોંધ્યો

**અબતક, રાજકોટ**


જેતપુરમાં પંચવટી સોસાયટી પાસે એક શખસ જાહેરમાં બીભત્સ ઈશારા કરતો હોય જે અંગે અહીં રહેવાસીઓએ પોલીસને જાણ કરતા જેતપુર સીટી પોલીસ મથકના સ્ટાફે અહીં પહોંચી આ શખસની અટકાયત કરી હતી. પોલીસે આરોપી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે.જાણવા મળતી વિગતો મુજબ, જેતપુર સીટી પોલીસ મથકમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવનાર લાલજીભાઈ સરકડીયાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે જેતપુરમાં જુનાગઢ રોડ પર રણુજા સોસાયટીમાં રહેતા યુવરાજ ઉર્ફે બીચ્છુ કેતનભાઈ ભરાડીયાનું નામ આપ્યું છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ગઈકાલે જેતપુર સીટી પોલીસ સ્ટેશનમાં ફરજ પર હતા દરમિયાન ૧૧૨ જનરક્ષકના ઈન્ચાર્જ મહિપતસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, જેતપુર પંચવટી સોસાયટી ખાતે રહેતા રહેવાસીઓએ ૧૧૨ માં ફોન કરી જણાવેલ છે કે, જેતપુર ધોરાજી રોડ પંચવટી સોસાયટીમાં સુમિતભાઈ પરમારના મકાન પાસે એક શખસ જાહેરમાં બીભત્સ ઈશારા કરે છે. જેથી પોલીસે અહીં પહોંચી આ શખસને પોલીસ સ્ટેશન લાવી તેની પૂછતાછ કરતા તેણે પોતાનું નામ યુવરાજ ઉર્ફે બિચ્છુ ભરાડીયા (ઉ.વ.૧૯) હોવાનું જણાવ્યું હતું. પોલીસે આ શખસ સામે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# ગિફ્ટ સિટીની બેંકિંગ એસેટ્સ પાંચ વર્ષમાં સાત ગણી વધી ૧૦૬ અબજ ડોલરને પાર

## ગિફ્ટ આઈએફએસસીમાં ૩૭ બેંકો કાર્યરત, જેમાં ૨૦ વિદેશી બેંકો અને ૧૭ સ્થાનિક બેંકોનો સમાવેશ થાય છે

**અબતક, રાજકોટ**



ગિફ્ટ સિટીના ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસીસ સેન્ટર (આઈએફએસસી) ખાતે બેંકિંગ એસેટ્સ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી ૧૦૬.૭ અબજ યુએસ ડોલરને પાર પહોંચી ગઈ છે, જે સપ્ટેમ્બર ૨૦૨૦માં ૧૪ અબજ યુએસ ડોલરની સરખામણીએ સાત ગણાથી વધુ વૃદ્ધિ દર્શાવે છે. આ વધારો ભારતના ઓફશોર બેંકિંગ ઈકોસિસ્ટમના ઝડપી વિસ્તરણને દર્શાવે છે. આ વૃદ્ધિને મજબૂત અને સતત વિસ્તરતા બેંકિંગ આધારનો ટેકો મળ્યો છે, જેમાં ગિફ્ટ આઈએફએસસીમાં ૩૭ બેંકો કાર્યરત છે. તેમાં ૨૦ વિદેશી બેંકો અને ૧૭ સ્થાનિક બેંકોનો સમાવેશ થાય છે, જેઓ વિદેશી નાણાકીય પ્રવાહને સેવા આપવા માટે ઈન્ટરનેશનલ બેંકિંગ યુનિટ્સ સ્થાપિત કર્યા છે. ડીબીએસ બેંક, ડોઈશ બેંક, સિટી, એચએસબીસી, જેપી મોર્ગન, મિઝુહો બેંક, અને સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ જેવી અગ્રણી વૈશ્વિક બેંકો ગિફ્ટ આઈએફએસસી ખાતે હાજરી સ્થાપિત કરી ચૂકી છે, જેમાં મહત્વપૂર્ણ ભારતીય બેંકો પણ જોડાઈ છે. આ સંસ્થાઓની ભાગીદારી ભારતના આઈએફએસસી માળખામાં વધતા વૈશ્વિક વિશ્વાસને, તેમજ આંતરરાષ્ટ્રીય બેંકિંગ કામગીરીને ટેકો આપવાની તેની ક્ષમતાને દર્શાવે છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન કતાર નેશનલ બેંક, ફર્સ્ટ અબુધાબી બેંક, માશરેક બેંક, સીટીબીસી બેંક જેવી અગ્રણી વૈશ્વિક તથા ભારતીય બેંકો સાથે બેંક ઓફ મહારાષ્ટ્રે ગિફ્ટ સિટીમાં તેના આઈએફએસસી બેંકિંગ યુનિટ્સ સ્થાપ્યા હતા, જેના કારણે તેના આંતરરાષ્ટ્રીય બેંકિંગ ઈકોસિસ્ટમની ગહનતા વધુ મજબૂત બની છે. ઓક્ટોબર ૨૦૨૫માં ફોરેન કરન્સી સેટલમેન્ટ સિસ્ટમ શરૂ થવાથી પણ ગિફ્ટ સિટીની બેંકિંગ ઈકોસિસ્ટમને મજબૂતી મળી છે, જેના દ્વારા આઈએફએસસી બેંકિંગ યુનિટ્સ સ્થાનિક સ્તરે વિદેશી ચલણના વ્યવહારોનું સેટલમેન્ટ કરી શકે છે. આથી પરંપરાગત કોરેસ્પોન્ડન્ટ બેંકિંગ ચેનલ પરની નિર્ભરતા ઘટે છે, કાર્યક્ષમતા સુધરે છે અને ગિફ્ટ સિટીમાંથી વિદેશી વ્યવહારો કરવાની સરળતા વધે છે.

# દુબઈમાં રોકાણ નામે પોણા બે કરોડ ચાઉં કરી જનાર કાકો-ભત્રીજો ઝડપાયા

## અનેક લોકોને આંબા-આંબલી બતાવી નાણાં પડાવી હાથ ખંખેરી નાખ્યા'તા : બે આરોપીઓને ઝડપી લેતી આર્થિક ગુના નિવારણ શાખાની ટીમ

## મુખ્ય સૂત્રધાર સાગર ખૂંટ અને તેની માતા ફરારઃ શોધખોળ

**અબતક, રાજકોટ**

શહેરના અનેક લોકોને દુબઈમાં રોકાણના નામે આંબા આંબલી બતાવી પોણા બે કરોડની રકમ ચાઉં કરી જનાર કાકા-ભત્રીજાને આર્થીક ગુના નિવારણ શાખાની ટીમે પકડી પાડી કાર્યવાહી કરી હતી. જ્યારે મુખ્ય સૂત્રધાર સાગર ખૂંટ અને તેની માતા ફરાર થઈ જતાં તેની શોધખોળ આદરી હતી.

બનાવ અંગે મવડી પ્લોટમાં માયાણી ચોક પાસે રહેતાં વિરેન્દ્રસિંહ વિજયસિંહ પરમાર (ઉ.વ.૨૮) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે સાગર અરવિંદ ખુંટ, તેના પિતા અરવિંદ લાલજી ખુંટ અને

જયોત્સનાબેન અરવિંદ ખુંટ (રહે. ત્રણેય ઈસ્કોન હાઈટસ આલાપ પામ રોડ અંબીકા ટાઉનશીપ મવડી) અને ગૌરાંગ મનસુખ ખુંટનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ ધી ગેમેન્ઝર્સ નામની દુકાન ખાતે નોકરી કરે છે.

તેઓને આરોપી સાગર ખુંટએ પોતાની દુબઈ ખાતે મિસા ઈન્વેસ્ટમેન્ટ કન્સલ્ટન્સ નામે પેઢી હોય જેમાં તમો રોકાણ કરો તો તમને પાંચથી સાત ટકા વળતર મળશે તેમ જણાવી ત્રણેય આરોપીઓએ પોતાના બેંક એકાઉન્ટમાં ફરીયાદી તથા સાહેદોના બેંક રૂ.૪૮,૯૩,૫૦૦ તેમજ આ આરોપી અરવિંદ ખૂંટ અને એજન્ટ ગૌરાંગએ રોકડમાં રૂ.૧.૨૬ કરોડ મેળવી એમ કુલ રૂ.૧,૭૪,૯૩,૫૦૦ આરોપીએ પોતાની કંપનીમા રોકાણ કરાવી જેના બદલામાં આરોપીએ ફરીયાદી સહિતના રોકાણકારોને પ્રારંભીક વિશ્વાસ કેળવવા માટે કુલ રૂ.૨૬,૭૭,૪૦૦ રોકાણ પર વળતર પેટે આપી અને ત્યારબાદ ફરીયાદી તથા સાહેદોની મુળ મુડી કે કોઈ વળતર ન આપી અને મુડી પોતાના અંગત ઉપયોગમા લઈ પરત નહી કરી ફરીયાદી સહિતના લોકોના રૂપીયા મિસા ઈન્વેસ્ટમેન્ટમાં રોકાણ કરાવી રોકાણકારોને વળતર કે મુળ રોકાણ પરત નહી આપી છેતરપીંડી આચરતાં ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગે આર્થીક ગુના નિવારણ શાખાએ ક્રાઈમ બ્રાન્ચ પોલીસ મથકમાં ગુનો નોંધાવતા પોલીસ કમિશ્નર બ્રિજેશકુમાર ઝા, એડી. સીપી ચૈતન્ય માંડલીક, ડિસીપી (ક્રાઈમ) જગદીશ બાંગરવા, એસીપી (ક્રાઈમ) ભરત બસીયા દ્વારા ગુજરાત નાણાકીય સંસ્થાઓમાં થાપણદારોના હિતના રક્ષણ બાબત તાત્કાલિક પગલાઓ લઈ આરોપીઓને પકડવા આપેલ સુચનાથી આર્થિક ગુના નિવારણ શાખાના પીઆઈ પી.આર.ડોબરીયા અને આર.જી.પઢીયારની રાહબરીમાં પીએસઆઈ પી.જે.પરમાર, હેડ કોન્સ્ટેબલ સમીરભાઈ હેરંઝા ભાનુશંકર ધાંધલા સહિતની ટીમે ટેકનીકલ અને હુમન સોર્સ આધારે મળેલ ચોક્કસ બાતમીના આધારે આરોપી ગૌરાંગ મનસુખ ખુંટ (ઉ.વ.૩૮ રહે.ગાંધી સોસાયટી રાજકોટ) અને અરવિંદ લાલજી ખુંટ (ઉ.વ.૬૧ ,રહે.ઈસ્કોન હાઈટસ આલાપ પામ રોડ અંબીકા ટાઉનશીપ મવડી) ને સુરત તથા રાજકોટ ખાતેથી ગણતરીના કલાકોમાં પકડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

જ્યારે મુખ્ય સૂત્રધાર સાગર અરવિંદ ખુંટ અને તેની માતા જયોત્સનાબેન અરવિંદ ખુંટને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં તેમજ પોલીસે આરોપીઓના ભોગબનનાર નાગરીકોને અપીલ કરી હતી કે, તેઓ આર્થિક ગુના નિવારણ શાખાની કચેરીનો સંપર્ક કરે.



# જૈનમ્ જયતિ શાસનમ્: મહાવીર જયંતિની ભક્તિસભર ઉજવણી

## માતા ત્રિશલાના ૧૪ મંગળકારી સ્વપનોની ઝાંખી અને 'જૈનમ'ની ભવ્ય ધર્મયાત્રામાં ઉમટ્યું માનવ મહેરામણ





તસવીર: શૈલેષ વાડોલિયા



**અબતક, રાજકોટ**

ત્યાગ, તપ અને અહિંસાના પુંજ સમાન ૨૪માં તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણકની રાજકોટમાં આજે દિવ્ય અને અભૂતપૂર્વ ઉજવણી કરવામાં આવી હતી. 'રંગીલા રાજકોટ'ના રાજમાર્ગો આજે 'જૈનમ' સંસ્થાના નેજા હેઠળ નીકળેલી વિશાળ શોભાયાત્રામાં ભકિતના મહાસાગરમાં ફેરવાઈ ગયા હતા. આ અવસરે જૈન ધર્મના ચારેય પ્રમુખ ફિરકાઓશ્વેતાંબર મૂર્તિપૂજક, દિગંબર, સ્થાનકવાસી અને તેરાપંથીએ સાથે મળીને જૈન શાસનની અજોડ એકતાના દર્શન કરાવ્યા હતા.

રાજકોટના મણિયારા દેરાસરથી પ્રારંભ થયેલી આ શોભાયાત્રામાં ભક્તિ અને શિસ્તનો અદભૂત સમન્વય જોવા મળ્યો હતો. યાત્રાના પ્રારંભે વિન્ટેજ કાર અને બેન્ડવાજાના સૂરોએ વાતાવરણને મંગલમય બનાવી દીધું હતું. શોભાયાત્રામાં મુખ્ય આકર્ષણ પ્રભુ મહાવીરનો સુવર્ણ અને રજત મઢિત રથ હતો, જેના દર્શન માટે રાજમાર્ગો પર માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. માર્ગમાં વિવિધ જૈન સંગઠનો અને જૈનેતર અગ્રણીઓ દ્વારા પુષ્પવર્ષા કરીને શોભાયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. હજારો શ્રદ્ધાળુઓ કેસરીયા સાફા અને શ્વેત વસ્ત્રોમાં સજ્જ થઈને ''ત્રિશલા નંદન વીર કી, જય બોલો મહાવીર કી'' ના નાદ સાથે નાચતા-ગાતા જોડાયા હતા.

ધર્મયાત્રામાં માતા ત્રિશલાના ગર્ભકાળ દરમિયાન આવેલા ૧૪ મંગલકારી સ્વપનોના ટેબ્લો (ફ્લોટ્સ) વિશેષ આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા. જૈન શાસ્ત્રો મુજબ, જ્યારે તીર્થંકરનો આત્મા માતાના ગર્ભમાં આવે છે ત્યારે માતાને ગજ, વૃષભ, સિંહ, લક્ષ્મીજી, પુષ્પમાળા, ચંદ્ર, સૂર્ય, ધ્વજ, કુંભ, પદ્મ સરોવર, ક્ષીર સાગર, દેવ વિમાન, રત્નોનો ઢગલો અને નિર્ધૂમ અગ્નિ જેવા ૧૪ સ્વપનો આવે છે. 'જૈનમ' દ્વારા આ ૧૪ સ્વપનોને અત્યંત જીવંત રીતે રજૂ કરવામાં આવ્યા હતા. આ સાથે પ્રભુના ૨૭ ભવની ઝાંખી કરાવીને તેમના આત્મકલ્યાણની સફર રજૂ કરાઈ હતી

ધર્મયાત્રામાં દિગંબર સમાજના અનુયાયીઓ ભગવાનની મૂર્તિ સાથે જોડાયા હતા, તો શ્વેતાંબર ભાઈ-બહેનોએ ભક્તિના સુર રેલાવ્યા હતા. આ યાત્રામાં માત્ર જૈન શ્રદ્ધાળુઓ જ નહીં, પરંતુ મોટી સંખ્યામાં જૈનેતર પણ જોડાયા હતા. અન્ય સમાજના અગ્રણીઓએ પણ પ્રભુ મહાવીરના રથને વધાવી લીધો હતો, જેણે સાબિત કર્યું કે મહાવીરનો સંદેશ કોઈ એક સંપ્રદાય પૂરતો મર્યાદિત નથી.

દેરાસરો અને ઉપાશ્રયોમાં વહેલી સવારથી જ ગુરુ ભગવંતોના માંગલિક અને ભગવાનની ભક્તિમાં ભાવિકો તરબોળ બન્યા હતા. 'જૈનમ'ના આ ભવ્ય આયોજને રાજકોટમાં જૈન ધર્મની પ્રભાવના અને સર્વધર્મ સમભાવની સુવાસ પ્રસરાવી છે.

### મહાવીર જન્મ કલ્યાણકના અવસરે

# અસ્થિરતા, અશાંતિની દાઝમાં સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમનો સંદેશો મહત્વનો: મોદી

## મહાવીર જન્મ કલ્યાણકના અવસરે ગાંધીનગર કોબામાં સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમનું લોકાપર્ણ, જૈન ધર્મના ૩લાખ હસ્તપત્રો, ૪લાખ પુસ્તકોનો સઁગ્રહ





**અબતક, રાજકોટ**

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ગાંધીનગર કોબા માં સ્થિત સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમનું લોકાપર્ણ કર્યું હતું. આ અવસરે એમને જણાવ્યું હતું કે, હાલઅસ્થિરતા, અશાંતિની દાઝમાં સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમનો સંદેશો મહત્વનો છે.- મહાવીર જન્મ કલ્યાણકના અવસરે ગાંધીનગર કોબામાં સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમનું લોકાપર્ણ કરવાનો સુવર્ણ અવસર પ્રાપ્ત થયો છે. જે મારાં માટે સૌભાગ્યની વાત છે.

લોકોને સંબોધતા વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, આ મ્યુઝિયમમાં ભારતની સૌથી મોટી વિશિષ્ટતાના દર્શન થાય છે. ભારતની વિવિધતા અને એકતા તાકાત છે. વેદ, પૂરાણ, આયુર્વેદ, યોગ વિવિધ પરંપરાનો રંગ એક સાથે ઈન્દ્રધનુષની જેમ ઉપસ્થિત હોય એ ભારતમાં જ શક્ય બને.સમ્રાટ સંપ્રતિએ સત્તાને સેવા અને સાધના તરીકે કામ કર્યું. અહીંસાનો વિસ્તાર કર્યો. તેમણે સત્ય અને અપરિગ્રહનો પ્રચાર કર્યો.અહીં મૂલ્યોનું સંરક્ષણ થાય છે, સંસ્કારને સંબલ મળે છે અને જ્ઞાનનું પોષણ થાય છે. આ ત્રિવેણી ભારતીય સભ્યતાનો આધાર છે. આ ત્રિવેણીને અવિરત જાળવી રાખવાનું આપણું દાયિત્વ છે.પી એમ મોદીએ ગાંધીનગરના કોબામાં સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમનું લોકાર્પણ બાદ તેમને જૈન ધર્મનો ઐતિહાસિક-સાંસ્કૃતિક (અનુ. આઠમા પાને)

### આ મ્યુઝિયમની ડિઝાઈનમાં ભવ્ય ભારતના દર્શન થાય છે વડાપ્રધાન નરેન્દ્ર મોદી

સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમ લોકાર્પણ કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે પવિત્ર જૈન તીર્થ પર આવવાનું સૌભાગ્ય મળ્યું છે. કોબા સ્થળ આધ્યાત્મિક શાંતિનું પ્રતિક છે. આ સ્થળ પર જૈન મુનિ અને સંતોની તપસ્યા છે. કોબા તિર્થમાં મૂલ્યોનું સંરક્ષણ થાય છે. કોબા તિર્થમાં જ્ઞાનનું પોષણ થાય છે. સમ્રાટ સંપ્રતિ ભારતના દર્શન અને વ્યવહારને જોડે છે. સમ્રાટ સંપ્રતિએ સત્તાને સેવા, સાધના માનીને કામ કર્યુ છે. સમ્રાટ સંપ્રતિએ અહિંસાનો વિસ્તાર કર્યો છે. મ્યુઝિયમની ડિઝાઈનમાં ભવ્ય ભારતના દર્શન થાય છે.

### સ્થાનિક સ્વરાજય ચૂંટણી માટે

# મૂરતિયાઓ નકકી કરવા ભાજપ દ્વારા આજથી ત્રણ દિવસ સેન્સ પ્રક્રિયા

## નિરીક્ષકોનાં નામ જાહેર ન કરાયા: ફોન કરી આગેવાનોને તેઓએ કયાં જિલ્લા-મહાનગરમાં જવાનું છે તેની સુચના આપી દેવાય

**અબતક, રાજકોટ**

રાજયમાં ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી માટે આવતીકાલે આખરી મતદાર યાદી પ્રસિધ્ધ કરાયા બાદ કોઈપણ ઘડીએ ચૂંટણીની તારીખ જાહેર કરી દેવામાં આવશે.સ્થાનીક સ્વરાજયની ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી કરવા માટે ભાજપ દ્વારા આજથી સેન્સ પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. આગામી ત્રણ દિવસમાં સેન્સ પ્રક્રિયા પૂર્ણ કરી લેવાની પણ સુચના આપવામા આવી છે. મોટાભાગની જગ્યાએ દાવેદારોનો રાફડો ફાટયો છે. નિરીક્ષકો સમગ્ર ચૂંટણી લડવાની ઈચ્છા વ્યકત કરવા ભાજપના કાર્યકરોની લાંબી કતારો લાગી રહી છે. નિરીક્ષકો સમક્ષ જે નામો આવશે તે તમામ હાઈકમાન્ડ સમક્ષ રજૂ કરી દેવામા આવશે. પેનલો બનાવવા કે અગ્રતા ક્રમ આપવા અંગેનો નિર્ણય પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા કરવામાં આવશે.

પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ ગઈકાલે પત્રકાર મિલન દરમિયાન એવું કહ્યું હતુ કે, આગામી ત્રણ એપ્રીલ સુધીમાં ચૂંટણી લડવા ઈચ્છુક કાર્યકરોની સેન્સ લેવાની પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવશે. મંગળવારથી જ રાજયભરમાં સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ભાજપ ઉમેદવારોની પસંદગી માટે પણ સંપૂર્ણ લોકશાહી પ્રક્રિયાને અનુસરે છે. કમળના પ્રતિક પરથી ચૂંટણી (અનુ. આઠમા પાને)

### પ્રદેશ ભાજપ દ્વારા ૬ સભ્યોની અનુશાસન સમિતિની કરાઈ રચના

#### પૂર્વ પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલને અનુશાસન સમિતીના સંયોજક બનાવાયા

ભાજપ દ્વારા એક બાદ એક સમિતિની રચના કરવામાં આવી રહી છે. ચૂંટણી સંચાલન સમિતિ, કોર ગ્રુપ, પાર્લામેન્ટરી બોર્ડ બાદ ગઈકાલે સાંજે પ્રદેશ અનુશાસન સમિતિની રચના કરવામાં આવી છે. જેમાં છ સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સમિતિ દ્વારા શિસ્તભંગ કરનારા કાર્યકર કે આગેવાન સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા સહિતના પગલા લેવામાં આવે છે. પૂર્વ પ્રદેશ ભાજપ મહામંત્રી રજનીભાઈ પટેલને સંયોજક બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત સભ્ય તરીકે પૂર્વ પ્રદેશ મહામંત્રી વડોદરાના શબ્દશરણભાઈ બ્રહ્મ ભટ્ટ, પ્રશિક્ષણ મહા અભિયાનના પ્રદેશ સંયોજક અને પૂર્વ પ્રદેશ મંત્રી એવા આણંદના રાજેશભાઈ પટેલ, રાજ્ય સરકારના પૂર્વ મંત્રી અરવલ્લીના દિલીપસિંહ પરમાર, પૂર્વ ધારાસભ્ય પિયુષભાઈ દેસાઈ અને રાજકોટના પૂર્વ મેયર પૂર્વ પ્રદેશ ભાજપ મહામંત્રી શ્રી બિનાબેન આચાર્યની નિયુક્તી કરવામાં આવી છે.

# ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન: આરટીઓ ટેક્સમાં પાંચ ટકા રાહત વધુ એક વર્ષ લંબાવાઈ

## હવે ૩૧ માર્ચ-૨૦૨૭ સુધી ઈલેક્ટ્રિક વાહન ખરીદનારાઓએ ૬ ટકાના બદલે માત્ર ૧ ટકો આરટીઓ ટેક્સ ચૂકવવો પડશે

**અબતક, રાજકોટ**

રાજયભરમાં ઈલેક્ટ્રિક વાહનોના વેચાણને પ્રોત્સાહન આપવા માટે સરકારે આરટીઓ ટેક્સમાં અપાતી પાંચ ટકા રાહત વધુ એક વર્ષ માટે યથાવત રાખવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. હવે ૩૧ માર્ચ-૨૦૨૭ સુધી ઈલેક્ટ્રિક વાહન ખરીદનારાઓએ ૬ ટકાના બદલે માત્ર ૧ ટકો આરટીઓ ટેક્સ ચૂકવવો પડશે. આ નિર્ણયથી ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર ઈલેક્ટ્રિક વાહનોના વેચાણમાં તેજી આવવાનો અંદાજ છે.

અમદાવાદમાં હાલ દર મહિને સરેરાશ ૨ હજારથી વધુ ઈલેક્ટ્રિક વાહનોનું વેચાણ થાય છે.નિષ્ણાતોના મતે, શહેરમાં ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર હજુ નબળું છે, તેથી નવા બિલ્ડિંગ પ્લાનમાં ચાર્જિંગ સુવિધા વધારવા સરકાર કક્ષાએ આયોજન થવું અનિવાર્ય છે. ઉલ્લેખનીય છે કે રાહત ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પુરી થતી હતી તેને સરકારે એક વર્ષ માટે લંબાવી છે. પેટ્રોલ-ડીઝલના વધતા ભાવ, પર્યાવરણ પ્રત્યે જાગૃતિ અને સરકારની રાહત નીતિને કારણે લોકો ઈલેક્ટ્રિક વાહનો તરફ વળી રહ્યા છે.

ટેકસમાં રાહત જળવાઈ રહેવાથી આગામી સમયમાં ઈવી સેગમેન્ટમાં ઝડપી વૃદ્ધિ નોંધાય તેવી સંભવિતતા છે. જોકે, વધતા વપરાશ સામે ચાર્જિંગ સ્ટેશનની અછત મોટી ચિંતા છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રયત્નો છતાં લક્ષ્યાંક મુજબ જાહેર ચાર્જિંગ સ્ટેશનો ઊભા થઈ શક્યા નથી. જો સમયસર ઈન્ફ્રાસ્ટ્રક્ચર નહીં સુધરે, તો ભવિષ્યમાં ચાર્જિંગની સમસ્યા વધુ ગંભીર બની શકે છે.


રાજકોટ મહાનગરપાલિકા

વેરા વસુલાત શાખા

"વ્યાજ માફી યોજના"

"તા.૩૧/૦૩/૨૦૨૬ - આજે છેલ્લો દિવસ"

રાજકોટ મહાનગરપાલિકા ખાતે નોંધાયેલ મિલકતો પૈકી જે મિલકતોનો મિલકતવેરો તથા પાણીવેરો ભરપાઇ કરવાનો બાકી હોય તેવા બાકીદારો માટે નીચે મુજબ "વ્યાજ માફી યોજના" અમલમાં છે:

- મિલકતવેરા પર ચડત વ્યાજમાં રૂ.૫,૦૦૦/- સુધી માફી
- પાણીવેરા પર ચડત વ્યાજમાં રૂ.૫,૦૦૦/- સુધી માફી
- મિલકતધારકને કુલ રૂ.૧૦,૦૦૦/- સુધી વ્યાજ માફી
- આજે વોર્ડ ઓફિસ તથા સિવિક સેન્ટર ખાતે વેરોસવારે ૯:૩૦ કલાક થી સાંજે ૬:૧૦ કલાક સુધી ભરી શકાશે.
- આજે ઓનલાઇન વેરો રાત્રે ૧૧:૫૯ કલાક સુધી ભરી શકાશે.

બાકી વેરો ઓનલાઇન ભરવા માટે માટે નીચેનો QR CODE સ્કેન કરો

બાકી વેરો રૂબરૂ ભરવા નજીકની વોર્ડ ઓફિસ/ સિવિક સેન્ટરનો સંપર્ક કરો.